રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

કૃષિ -બાગાયત વિકાસ કેન્દ્ર- મણાર દ્વારા આયોજિત

"જળવાયુ પરિવર્તનની ટકાઉ કૃષિ- બાગાયત ઉત્પાદન પર અસર"

## સેમિનાર અને ખેડૂત માર્ગદર્શન શિબિર



વર્ષ: ૭૯ અંક : ૦૮ ૧૫ માર્ચ, ૨૦૨૬

## લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્ર અને અધ્યાપન મંદિરના સંયુક્ત ઉપક્રમે વિજ્ઞાન દિવસની ઉલ્લસભેર ઉજવણી









## પંડિત સુખલાલજી લોકવિદ્યાલય માઈધાર દ્વારા વિજ્ઞાન દિવસની ઉલ્લસભેર ઉજવણી









# કોડિયું

વર્ષ : ૭૯ | માર્ચ ૨૦૨૬ | અંક : ૦૮


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | શિક્ષણનું અધ્યાત્મ<br>અરુણ દવે | ...૦૬ |
| ૦૨ | નિષ્ઠાવાન પુરુષાર્થી : ભીખાભાઈ કોરાટ<br>મનસુખ સલ્લા | ...૧૩ |
| ૦૩ | વ્યકિતત્વ ઘડતર અને યુવાઓની શક્તિઓનું ઊર્ધ્વીકરણ<br>ડૉ. મનહર ઠાકર | ...૧૬ |
| ૦૪ | જીવનસૂત્ર : આનંદયાત્રા ભણી...<br>ડૉ. દિનુ ચુડાસમા | ...૧૯ |
| ૦૫ | કથા આશા અને વિકાસની : ત્રિપુટીની શિક્ષણયાત્રા<br>બિંદુ- પાર્થેશ | ...૨૦ |
| ૦૬ | માવતરની માવજત લેખ-૨- શ્રદ્ધા : બાળકના સંતુલિત વ્યકિતત્વ વિકાસનું પાયાનું તત્ત્વ<br>ડૉ. કૃણાલ પંચાલ | ...૨૩ |
| ૦૭ | વિજ્ઞાનકથા : પ્રતિકાર<br>સંજય ચૌધરી | ...૨૫ |
| ૦૮ | વિચારવાનું કામ હવે મશીનને સોંપી દેવું છે?<br>હા. શ. ભટ્ટ | ...૩૦ |
| ૦૯ | શિક્ષકની ભૂમિકા<br>ડૉ. દિનેશકુમાર પરમાર | ...૩૩ |
| ૧૦ | પત્રલેખન : વિસરાતી જતી એક કળા...<br>મનોજ જે. પટેલ | ...૩૫ |
| ૧૧ | સંસ્થા સમાચાર<br>પ્રશાંત મહેતા | ...૩૭ |

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી મેહુલભાઈ ભટ્ટ
(મો. ૯૪૨૭૨૩૩૪૬૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૯૯૦૩૪

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

◆ **સૂચના** ◆

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

◆ **લેખ મોકલવા માટે** ◆

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

◆ **લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર** ◆

શ્રી રવિભાઈ પંડ્યા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

◆ **લેખકોને** ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

◆ **લવાજમ** ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

ઈરાન- અમેરિકા – ઈઝરાયેલનો સંઘર્ષ હવે જીવલેણ તબક્કામાં પ્રવેશી ચૂક્યો છે. આ માત્ર ત્રણ દેશનો પ્રશ્ન નથી, સમગ્ર વિશ્વનો પ્રશ્ન છે. તેલ જેવા જીવાદોરી સમાન પ્રાકૃતિક સંસાધનની પુરવઠા- શૃંખલાને થનારું નુકસાન વૈશ્વિક મંદી અને મોંઘવારી તરફ ધકેલી દેશે. વળી, એકાદ કરોડ ભારતીય લોકો પશ્ચિમ એશિયામાં કાર્યરત છે અને તેના દ્વારા ભારતમાં સારી એવી ધનરાશિ ઠલવાય છે. ભારતમાં વપરાતી ઊર્જાના ૬૦ ટકા ઊર્જા તો આ દેશોમાંથી આયાત થાય છે. પરિસ્થિતિ કાબૂ બહાર જશે તો વગર યુદ્ધે ભારતમાં બહુ મોટી આર્થિક કટોકટી સર્જાઈ જશે.

અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાનના સર્વોચ્ચ નેતા ખામેનેઈની અને અનેક વરિષ્ઠ લશ્કરી પદાધિકારીઓની હત્યા એ નિઃશંકપણે ટૅકનોલોજી, ગુપ્તચર વિભાગ અને લશ્કરી તાકાતની દૃષ્ટિએ નોંધપાત્ર સિદ્ધિ હોવા છતાં તે માનવીય અભિગમ તો ન જ કહેવાય. કોઈપણ ટૅકનોલોજી શક્ય છે માટે પ્રયોજવી એ સંપૂર્ણ અમાનવીય અભિગમ જ કહેવાય. આ ઈર્ષા અને વકરેલા અહમ્‌નું પરિણામ છે.

હમણાં જ દેશમાં વિજ્ઞાન સપ્તાહ ઉજવાયું. વિજ્ઞાનને પણ એક સંસ્કાર ગણીને આપણે વારંવાર સમજાવ્યું છે કે વિજ્ઞાન- ટૅકનોલોજી પાસે સારાસારનો વિવેક નથી. વિજ્ઞાન તો એક શક્તિ છે, ચાવી છે. તેનાથી સ્વર્ગના દ્વાર ખોલવા છે કે નર્કના દ્વારા ખોલવા તે માણસે નક્કી કરવાનું છે.

આ લખું છું ત્યારે લોકભારતીમાં હોળી- ધૂળેટીના ઉત્સવોની ઉજવણી માટે વિદ્યાર્થીઓ ઉત્સાહથી તૈયારીઓ કરી રહ્યા છે. ધો. ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારીઓમાં વ્યસ્ત છે. સણોસરા ગામ નવનિર્મિત થયેલા રામજીમંદિરમાં થનારી રામ ભગવાનની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠાની તૈયારીમાં હીલોળે ચડ્યું છે. ખેડૂતો ઘઉંની કાપણીમાં પડ્યા છે. આમ સૌ કોઈ સર્જનાત્મક, ઉત્પાદક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં જેમ રમમાણ છે તેમ ઈઝરાયેલ- અમેરિકા-ઈરાન વિનાશક પ્રવૃત્તિઓમાં રમમાણ છે.

એક સાદો સવાલ એ થાય છે કે વિશ્વમાં તજજ્ઞો, અનુભવીઓ, બૌદ્ધિકો, વૈજ્ઞાનિકો, ધનપતિઓ, સેવાભાવીઓ, કથાકારો, શિક્ષિતો, એન્જિનિયરો, શ્રમિકો, કલાકારો, રમતવીરો, સાહિત્યકારો વગેરે અગણિત હોવા છતાં તેમની સર્જકતા દબાઈ જાય છે અને થોડાકની સંહારક મનોવૃત્તિ સમગ્ર વિશ્વનું ધનોત-પનોત કાઢી રહી છે. આ તો સ્વસર્જિત વિનાશ છે.

કોણ બચાવશે અને કેવી રીતે બચાવશે?

હોળીના રંગો તૈયાર કરતાં કરતાં વાત એમ થતી હતી કે “તેં સાંભળ્યું, ઈરાનમાં સ્કુલનાં ૧૨૦ બાળકો મરી ગયાં અને ૬૫ દીકરીઓ તો કન્યા છાત્રાલયના કાટમાળ નીચે દટાઈ ગઈ”.

આપણે સંવેદના ગુમાવી બેઠા છીએ.

સતત બનતી નકારાત્મક અને વિનાશક ઘટનાઓએ સંવેદનાઓને બુઠ્ઠી કરી દીધી છે, જાણે આવું બધું કોઠે પડી ગયું છે.

માણસ કેટલો નીચે ઉતરશે? હે ભગવાન, હવે તો તેને રોક.

માટીના બનેલા માટલાને જોઈએ ત્યારે માટી નથી દેખાતી, માટલું જ દેખાય છે. દાગીના જોઈએ ત્યારે ઘાટ અને ચમક દેખાય છે અંદરનું સોનું દેખાતું નથી તેમ માણસને જોઈએ છે ત્યારે ખોળિયું જ દેખાય છે તેનો આત્મા દેખાતો નથી.

આત્માને ઓળખ્યા વગર આ લખચોર્યાસી ફેરા પણ એળે જ જવાના...

"સહુના ભલામાં મારું પણ ભલું છે" એ જ જીવનમંત્ર માનવજાતને બચાવી શકશે.

સબકો સંમતિ દે ભગવાન.

અરુણ દવે

બ્રહ્માંડમાં રહેલી આશરે ત્રણસોથી ચારસો કરોડ જેટલી આશરે ચારસોએક અબજ જેટલા તારાઓ ધરાવતી આકાશ ગંગાઓ પૈકી આપણી આકાશગંગા(મિલ્કી વે)માં પણ અન્ય આકાશગંગાઓની જેમ તારાઓનો જન્મ, વિકાસ અને મૃત્યુની ઘટનાઓ સતત ઘટ્યા કરે છે. પાંચેક અબજ વર્ષનું આયુષ્ય ધરાવતા આપણા સૂર્યને તેનો બૃહદ પરિવાર પણ છે.

સૂર્યની ગ્રહમાળામાં સૂર્યથી અંતરની દૃષ્ટિએ ત્રીજા સ્થાને પંદરેક કરોડ કિ.મી. દૂર સ્થિર થયેલ પૃથ્વી એવી નસીબવંતી ગણાય છે કે તેને સૂર્યની ગરમી અને પ્રકાશ માફકસરનાં મળ્યાં કરે છે. પૃથ્વી ઉપરના સજીવ ઉદ્‌ભવનું મુખ્ય રહસ્ય પૃથ્વીનું સૂર્યથી યોગ્ય અંતરે સ્થિર થવું એ છે. પૃથ્વી સૂર્યની એટલી નજીક નથી કે સૂર્યની ગરમીથી દાઝી જાય, એટલી દૂર નથી કે ઠંડીથી થીજી જાય.

સૂર્યના જન્મ પછી ત્રણેક કરોડ વર્ષે ગ્રહોનો જન્મ થયો કે સૂર્યની સાથે જ થયો એ વિશે હજુ વૈજ્ઞાનિકો એકમત થયા નથી, પરંતુ મોટાભાગના વૈજ્ઞાનિકો એ વાતમાં સહમત થાય છે કે એક ધગધગતા ગરમ દડા જેવી પૃથ્વીને આકાર પકડતાં તેમ જ તેના પરના જળ-સ્થળને સ્થિર થતાં એકાદ અબજ વર્ષ જેટલો સમય લાગ્યો છે.

આશરે આજથી ૩.૮૫ અબજ વર્ષ પહેલાં પૃથ્વી ઉપરની આવરણીય રચનાઓ સ્થિર થઈ. અલબત્ત એ સમયમાં વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ સવિશેષ હતું. આ આવરણીય રચનાને સ્થિર કરવામાં પૃથ્વીના ધરીભ્રમણ અને ગુરુત્વાકર્ષણે સવિશેષ ભાગ ભજવ્યો છે. વજનદાર ધાતુઓ કેન્દ્ર તરફ સ્થિર થઈ જ્યારે હલકા વાયુઓ બહારની તરફ ફેંકાયા. મુક્ત પરમાણુઓ એકબીજા સાથે સંયોજન થઈ શકે તેવી સાનુકુળ પરિસ્થિતિ નિર્માણ થતાં વાતાવરણમાં રહેલા ઓક્સિજન, હાઇડ્રોજન, કાર્બન, નાઇટ્રોજન વગેરે જેવાં તત્ત્વો સંયોજાવાં લાગ્યાં. સૂર્યપ્રકાશની ઉષ્મીય ઊર્જાથી વાતાવરણમાં પાણી, મિથેન, એમોનિયા, કાર્બનડાયોક્સાઇડ, હાઇડ્રોજન સાઇનાઇટ અને હાઇડ્રોજન વાયુ જેવા પ્રાથમિક સંયોજનો ઉત્પન્ન થવા લાગ્યાં અને પૃથ્વી પરના જમીન, સમુદ્રો, સરોવરો, તળાવો, ખાબોચિયાઓ, ખડકો, વાતાવરણ વગેરે ઘટકોમાં ધીમે ધીમે ભળવા લાગ્યા. પૃથ્વીના ધરીભ્રમણ પ્રમાણે ગુરુત્વાર્ષણની અસર તળે આ કુદરતી ઘટકોમાં ભળેલા સંયોજનોએ કેટલાક કાર્બનિક સંયોજનો પણ તૈયાર કરી આપ્યાં. ધરતીકંપ, લાવારસ, સમુદ્રી તોફાન, વાવાઝોડું, વરસાદ, જળ-સ્થળની ઉથલપાથલ વગેરે જેવી કુદરતી ઘટનાઓએ આ કાર્બનિક સંયોજનો અને વાયુઓને તેમનાં સ્થાન અને પ્રમાણ એ સમયે સ્થિર કરી આપતાં, કેટલાક વિશેષ કાર્બનિક સંયોજનોનું નિર્માણ શક્ય બન્યું. આ કાર્બનિક સંયોજનોને જ પૃથ્વી પરની સજીવસૃષ્ટિના પ્રાગટ્ય માટેનો કાચોમાલ ગણવામાં આવે છે.

પૃથ્વી પરની જીવસૃષ્ટિની ઉત્પત્તિ માટે ઘણીબધી વૈજ્ઞાનિક અને ધાર્મિક માન્યતાઓ પ્રવર્તે છે. અસંખ્ય વૈજ્ઞાનિકો, ધર્મગુરુઓ, તત્ત્વચિંતકો અને વિચારકોએ આ રહસ્યમય રસિક કોયડાનો સચોટ જવાબ મેળવવા પ્રયત્નો કર્યા છે અને આજે પણ કરી રહ્યા છે. કેલ્વિન, પામ, સિડનીફોક્સ, ડૉ.ખોરાના અને સ્વાન્તે અરહેનિયસ જેવા વૈજ્ઞાનિકો દ્વારા રજૂ થયેલી વૈજ્ઞાનિક માન્યતાઓ પણ પ્રથમ જીવની ઉત્પત્તિ માટે લક્ષમાં લેવાતી હોવા છતાં આજે વધારે સરળ અને સચોટ રીતે વૈજ્ઞાનિક આધારોના કારણે ઓપેરન દ્વારા અપાયેલ ખુલાસાને મોટા ભાગના વૈજ્ઞાનિકોએ સ્વીકાર કરેલ છે.

કાર્બન ડાયોક્સાઈડસભર વાતાવરણમાં સૂર્યમાંથી વછૂટતા અલ્ટ્રાવાયોલેટ (નીલાતીત/પાર જાંબલી) કિરણો પૃથ્વી ઉપર પથરાઈને પ્રાણને પ્રગટવા દેતાં નહોતાં. સમુદ્રની સપાટી ઉપર પણ આ જ પરિસ્થિતિ હતી, પરંતુ આ

નીલાતીત/પાર જાંબલી કિરણો સમુદ્રની સપાટીથી ત્રીસેક ફૂટ ઊંડે જતાં ક્ષીણ બની જતાં હતાં. આથી મહાસાગરો, તળાવો, સરોવરો, મોટાં ખાબોચિયાંઓ, લાવારસ ઠરીને તેની સાથે ભળેલાં પાણી વગેરેમાં ત્રીસેક ફૂટની ઊંડાઈએ તૈયાર થયેલ કાર્બનિક સંયોજનો જે ઓગળેલાં હતાં જેવાં કે મિથેન, એમોનિયા, કાર્બન ડાયોકસાઇડ અને હાઇડ્રોજન વગેરેમાં આ નીલાતીત/પાર જાંબલી કિરણોએ જીવના સંચાર માટેની ઉષ્મીય ચેતના સીંચીને એમિનો એસિડ જેવા પ્રાથમિક જીવરસ (Primordial lifesoup)નું સર્જન કર્યું.

આમ, જીવના પ્રાગટ્ય માટેનો પ્રાથમિક પદાર્થ એમિનો એસિડ તૈયાર કરીને સર્જનહારે પૃથ્વી પરની જીવસૃષ્ટિના પ્રાગટ્યના શ્રી ગણેશ કર્યાં. ૨૩ પ્રકારના એમિનો એસિડ જ્યારે યોગ્ય ક્રમમાં ગોઠવાય છે, ત્યારે એકકોષી જીવનો પાયારૂપ એકમ ડીઓક્સીરીબો ન્યુક્લિઇક એસિડ DNA તૈયાર થાય છે. ૬ આંકડા મળે ત્યારે લોટરી લાગે છે! ત્યારે કુદરતે અહીં ૨૩ એમિનો એસિડ યોગ્યક્રમમાં ગોઠવી પ્રથમ DNA તૈયાર કર્યો!! કેટલા અબજો પ્રયત્નો પછી એ સફળતા મળી હશે, તેની કલ્પના કરવી રોમાંચક છે!

કાર્બનિક સંયોજનોનાં પાણીમાં ઓગળવાથી કલિલ અવસ્થા રચાવા લાગી. જૈવિક ગુણો ધરાવતા વિવિધ પ્રકારના જે પ્રોટોન અણુઓ DNAનાં સંયોજનથી પેદા થવા લાગ્યાં હતાં, તે કલિલ અવસ્થામાં એકરૂપ થવા લાગ્યા. આ એકરૂપ થવાની ઘટનાથી 'કૉએસર્વેટસ' નામના જીવંત બિંદુઓ પેદા થવા લાગ્યાં. આ 'કૉએસર્વેટસ'ને જન્માવીને કુદરતે આ ચૈતન્યસભર સૃષ્ટિને કલરવ કરતી કરવાનું કામ વિધિવત આરંભ્યું, એમ કહી શકાય.

પ્રારંભકાળમાં આ જીવન બિંદુઓ ('કૉએસર્વેટસ') માટે અત્યારનો પ્રાણવાયુ એ પ્રાણઘાતક હતો. સૂર્ય પ્રકાશમાંથી ઊર્જા મેળવતા આ જીવો વાતાવરણનો કાર્બન ડાયોકસાઇડ તોડીને તેમાંથી કાર્બનનો ખોરાક તરીકે ઉપયોગ કરીને ઓક્સિજનને વાતાવરણમાં છોડતા હતા. આ જીવો વચ્ચે થતી અને વાતાવરણમાં બન્યા કરતી કેટલીક જૈવિક પ્રક્રિયાઓ અને અકસ્માતોના પરિણામે કોષ કેન્દ્રીય આદિજીવ પ્રોકેરિયોટિકનો જન્મ થયો.

વાતાવરણમાં વધતા જતા ઓક્સિજનના વિપુલ જથ્થાએ સજીવોની ઉત્ક્રાંતિમાં ભારે મોટો ચમત્કારિક ભાગ ભજવ્યો, ઓક્સિજનની વિપુલતાથી કેટલાક જીવો ગુંગળાઈને મરી ગયા. કેટલાક જીવોએ ઓક્સિજનને સહન કરવાની ક્ષમતા કેળવી લીધી. જ્યારે અમૂક ખાસ પ્રકારના જીવોએ આ ઓક્સિજનની સહાયથી પોતાના અસ્તિત્વને ટકાવી રાખવાની અદ્‌ભુત શક્તિ પ્રાપ્ત કરી.

બીજી ઘટના એ બની કે વાતાવરણમાંના ઓક્સિજનના ત્રણ પરમાણુઓના સંયોજનથી 'ઓઝોન' નામનો વાયુ પેદા થવા લાગ્યો. પૃથ્વી પરના નીલાતીત/પાર જાંબલી કિરણોને અંતરિક્ષમાં જ રોકીને પૃથ્વી સુધી પહોંચવા જ ન દેવા નીલાતીત/પાર જાંબલી કિરણોની ઉષ્મીય ઊર્જાથી ઓક્સિજન પરમાણુઓને સંયોજિત કરી, ઓઝોન વાયુ નિર્માણ કરી, પૃથ્વી પરનું ઓઝોન વાયુનું રક્ષક ક્વચ રચી આપી, પ્રકૃતિએ કૃપા વરસાવી છે. આ ઓઝોન સ્તરની હૂંફાળી ગોદડીથી પૃથ્વી પરનું જીવન ઝડપથી વિકસવું અને ટકવું શરૂ થયું. આ નીલાતીત/પાર જાંબલી કિરણોની મદદથી જ નીલાતીત/પાર જાંબલી કિરણોને પૃથ્વી ઉપર આવતા રોકવાની વ્યવસ્થાને કુદરતની કમાલ વ્યવસ્થા ગણાવાય છે. ઓઝોન સ્તરના રક્ષક ક્વચ સ્તરના લીધે પૃથ્વી પરની જીવસૃષ્ટિ ગરમીથી બળી જતી નથી કે ઠંડીથી થીજી જતી નથી.

આદિ કોષ કેન્દ્રીય 'પ્રોકેરિયોટિક' સજીવોને જીવતા રહેવા માટે ખોરાકની જરૂર ઊભી થઈ. આ ખોરાકની ઊભી થયેલી જરૂરિયાતે આ જીવોમાં ખેંચતાણ કરાવીને વિકૃતિ પેદા કરી. આ વિકૃતિનું પરિણામ એ આવ્યું કે કોષ રચનામાં વિવિધ પ્રકારની અંગિકાઓ ઉદ્‌ભવી અને અનુકોષકેન્દ્રીય જીવો 'યુકેરિયોટિક' જન્મ્યા.

આજથી ત્રણેક અબજ વર્ષ પહેલાં જન્મેલા આ યુકેરિયોટિક સજીવકોષને જ પાયાના કોષ ગણાવાય છે કે જેમાંથી કાળક્રમે બે વિભાજન થયાં. જે યુકેરિયોટિક ઓક્સિજનને સહન કરી અન્ય પદ્ધતિથી પોતાનો ખોરાક ગ્રહણ કરવાની ક્ષમતા મેળવી શક્યાં, તેમાંથી પ્રાણી સૃષ્ટિ જન્મી, જ્યારે યુકેરિયોટિક સજીવકોષોએ ઓક્સિજનની સામે કાર્બનડાયોકસાઇડની મદદથી પોતાના ખોરાકને જાતે પેદા કરી લેવાની ક્ષમતા મેળવી, તેમાંથી વનસ્પતિ સૃષ્ટિનો

જન્મ થયો. નીલકણો નિર્માણ કરીને પોતાનો ખોરાક બનાવી લેવા ઉપરાંત આ સજીવોએ વાતાવરણમાં ઓક્સિજનનું સપ્રમાણ સાચવી રાખવાની બહુમૂલ્ય જવાબદારી પણ સ્વીકારી!

ઓઝોન સ્તરના રક્ષક ક્વચના પરિણામે નીલાતીત/પાર જાંબલી કિરણોની તલવારથી બચી જઈ બીજા સજીવો ધીમે ધીમે પાણીની સપાટી ઉપર આવવા લાગ્યા અને વાતાવરણમાં ઓક્સિજનની સક્રિય ક્રિયાશીલતાથી સજીવોની વૃદ્ધિ ઝડપી બનવા લાગી. બહુ ઝડપથી જમીન ઉપર સજીવોનો ફેલાવો થવા લાગ્યો અને સજીવ ઉત્ક્રાંતિએ વેગ પકડયો.

આજથી બે અબજ વર્ષ પહેલાં સર્જનહારે પૃથ્વી ઉપરના જીવન અને પ્રાણવાયુ(ઓક્સિજન) વચ્ચેના સંબંધને એવી સ્થિતિમાં મૂકી આપ્યા છે કે આપણે કહેવું પડે કે વાતાવરણમાં ઓક્સિજન છે, કારણ કે પૃથ્વી ઉપર જીવન છે. પૃથ્વી ઉપર જીવન છે કારણ કે વાતાવરણમાં ઓક્સિજન છે!

આજથી એકાદ અબજ વર્ષ પહેલાં કાળક્રમે યુકેરિયોટિક સજીવોમાંથી ઉત્ક્રાંતિવાદ પ્રમાણે વનસ્પતિસૃષ્ટિ અને પ્રાણીસૃષ્ટિના એક પછી એક નરી આંખે દેખાતા સજીવોનું આગમન થયાનું વૈજ્ઞાનિકો સ્વીકારે છે. જે જીવો અનુકૂલન સાધી ન શક્યા તે જે તે કાળે નાશ પામ્યાનું પણ સમજાવાય છે. આ સજીવોને જીવતું રાખતું રસાયણ અને પર્યાવરણ ટચુકડા એવા બેક્ટેરિયાઓએ કમાલની ગોઠવણ કરીને સજીવસૃષ્ટિને જીવાડી છે. પ્રકાશસંશ્લેષણ, વાતજીવી શ્વસન અને આથવણ-સડવણની સમતુલિત ઘટના બન્યા કરવી જોઈએ. એટલે વનસ્પતિસૃષ્ટિ, પ્રાણીસૃષ્ટિ અને સૂક્ષ્મતમ જીવજંતુઓનું ૩૩-૩૩ ટકા પ્રમાણ જાળવી રાખીને કુદરતે અદ્‌ભુત સંતુલન ગોઠવી આપ્યું છે.

આમ પૃથ્વી ફરતું રક્ષક ક્વચ રચી આપી, પોષણશૃંખલા ગોઠવી આપી, યોગ્ય વાતાવરણ રચી આપી, કુદરતે પૂરા સન્માન સાથે દરેક જીવને પૃથ્વી ઉપર આમંત્રણ પાઠવ્યું છે. 'કીડીને કણ અને હાથીને મણ' મળી રહે તેવી સંપૂર્ણ ન્યાયી વ્યવસ્થા ચૈતન્યસભર સૃષ્ટિના રચયિતાએ રચી આપીને સમગ્ર જીવસૃષ્ટિને તેની ઋણી બનાવી છે. આથી જ કહેવાયું છે કે પૃથ્વી તમામ જીવોનું પનોતું પારણું છે. આથી આપણી પૃથ્વીને એક 'જીવતો ગ્રહ' તરીકે પણ ઓળખાવાય છે.

આપણી ચૈતન્યસભર પૃથ્વી ઉપર કરોડો પ્રકારના અબજો-અબજોની સંખ્યામાં જીવો વસે છે. આ તમામે તમામ જીવોને તેમની જરૂરિયાત પ્રમાણે 'કીડીને કણ અને હાથીને મણ' મળી રહે તેવી અદ્‌ભુત ન્યાયીવ્યવસ્થા રચયિતાએ રચી હોવા છતાં એક માત્ર માણસને તેણે અલગ પાડ્યો છે. માણસ સિવાયના તમામ સજીવો પ્રાકૃત જીવો છે, એ તમામ પ્રકૃતિને આધીન છે. પ્રકૃતિએ કરેલી ગોઠવણ-વ્યવસ્થા અને ઘડી આપેલી તેમની જીવનશૈલી તેમ જ સમયપત્રક પ્રમાણે એ સૌ જીવો જીવે છે. માણસ પ્રકૃતિને આધીન ન રહ્યો! આથી તેને સંસ્કૃત રાખવો-બનાવવો અનિવાર્ય છે.

અલબત્ત, તેણે પ્રકૃતિ સાથેની સુસંવાદી જીવનશૈલી અપનાવવાની હતી, છતાં તેણે પોતાને કુદરતે બક્ષેલી બુદ્ધિ, સાહસવૃત્તિ, કુતૂહલવૃત્તિ, સંવેદનાઓ અને કલ્પનાશક્તિની મદદથી પોતાની આગવી સંસ્કૃતિ ઊભી કરી. ગુફામાંથી બહાર નીકળી તેણે અન્ન, વસ્ત્ર, આવાસનાં વિશિષ્ટ સાધનો વિકસાવ્યાં.

એક અભ્યાસ એવો પણ થયો છે કે આજથી છ કરોડ વર્ષ પહેલાં બે પગે ચાલતા સસ્તન વર્ગના પ્રાણીઓ અસ્તિત્વમાં આવ્યા. આજથી ચાલીસ લાખ વર્ષ પૂર્વે અર્ધમાનવ 'ઓસ્ટ્રોપિથેસિન્સ', આજથી વીસ લાખ વર્ષ પૂર્વે પ્રારંભિક આદિમાનવ 'હોમોહેબીલ્સ', પાંચ લાખ વર્ષ પૂર્વે આદિમાનવ-'હોમોઇરેક્ટ્સ' અને એક લાખ વર્ષ પૂર્વે આધુનિક માનવ- 'હોમોસેપિયન'નું આગમન થયું. આમ, સર્જનહારે પ્રથમ જીવ બિંદુમાંથી આધુનિક માનવને સર્જવા પૂરા બે અબજ નવ્વાણું કરોડ અને નવ્વાણું લાખ વર્ષ જેટલો સમય લીધો.

બે પગે ચાલતો થયેલો વાનર જ્યારે તેના આગલા બે પગને અનેકવિધ પ્રવૃત્તિઓમાં જેમજેમ જોડતો ગયો, તેમતેમ તેના મગજમાં બુદ્ધિ વિકસતી-વિસ્તરતી ગઈ. આગલા પગને હાથ બનતા પૂરાં ૩૨ હજાર વર્ષનો સમય લાગ્યો. ૮૮ હજાર વર્ષ તો માણસ સાવ અન્ય પશુ-પક્ષીઓની જેમ જ ભટકતું જીવન જીવતો રહ્યો. બારેક હજાર વર્ષથી એ ખેતી કરતો થયો અને ખેતીની ઉપજ લેવા તેને સ્થિર જીવન જીવવાની ફરજ પડી. છેલ્લા છએક હજાર

વર્ષથી જ સંસ્કૃત થયેલ માણસને એ વખતે પણ આનંદ-પ્રસન્નતાની ભૂખ જાગેલી. પણ એ અન્ન, વસ્ત્ર નિવાસમાંથી ન સંતોષાતા તેની શોધ આગળ ચાલી. એ વખતના ઋષિઓએ અનેક સ્થળોએ સ્વતંત્ર રીતે કરેલા પ્રયોગોમાં કેટલાકને ધ્યાન-તપ દરમિયાન થયેલી પરમાત્માની અનુભૂતિએ પ્રેરણા આપી કે સાચું સુખ તો આત્માના સાક્ષાત્કારમાં જ રહેલું છે. આ અનુભવનો સૌને લાભ આપવાના શુભ હેતુથી તેમણે વેદોની રચના કરી. સામાન્ય માણસોને આ વેદો સમજવા અઘરા જણાયા. આથી તેને અનેકવિધ પરિચિત દૃષ્ટાંતોથી સરળ રીતે સમજાવવા માટે ઉપનિષદોની રચનાઓ થઈ. ઉપનિષદોનો મુખ્ય હેતુ બ્રહ્મજ્ઞાન આપવાનો હતો કારણ કે જગત એ બ્રહ્મની અભિવ્યક્તિ છે.

આમ, માણસના શરીર અને આત્માની કેળવણી માટે ભારતીય દર્શનશાસ્ત્ર પાસે વરસોથી જીવનનું અખંડદર્શન કરાવતી કેળવણી હાથવગી જ રહી છે. માનવજાતની પાયાની જરૂરિયાતો સંતોષાઈ એટલે તેણે આનંદ અને સુખાકારીનાં સાધનો-માધ્યમો શોધી કાઢ્યાં. એટલે સુધી વાંધો નહોતો પણ પછીના તબક્કે ભોગવિલાસ અને ભૌતિક સુખાકારીની ગળાકાપ હરીફાઈ સાથેની આંધળી દોટે માનવજાતને વિવેકહીન બનાવી મૂકી. પ્રકૃતિને સંસ્કૃત અને વિકૃત કરવાની અદ્‌ભુત શક્તિ ધરાવતી માનવજાત, બાહ્ય સુધારાને સંસ્કૃતિ માનીને, અંતઃકરણને ઢંઢોળીને કરવાના, પ્રકૃતિની જાળવણી સાથેના માનવતાભર્યા વ્યવહારને ભૂલી ગઈ. સંસ્કૃતિના આધારે જીવતી માનવજાત વિકૃતિઓમાં ફસાઈ ગઈ.

એક વૈજ્ઞાનિક સર્વે પ્રમાણે પૃથ્વીલોક પર દસેક કરોડ પ્રકારના જીવો વસે છે. અલબત્ત, આ યાદી હજુ અપૂર્ણ છે! આ ૧૦ કરોડ જીવો પૈકી માત્ર ૧૭ લાખ જીવોનો જ અભ્યાસ થઈ શક્યો છે. તમામ જીવોમાં બે લક્ષણો સર્વસામાન્ય જાણવાં મળ્યાં છે. એક છે, તમામ જીવોનું અંતિમ લક્ષ્ય સુખ ભોગવવાનું-મોજ કરવાનું, જલસા કરવાનું છે. બીજું છે, તે તેની પ્રસન્નતાની અભિવ્યક્તિ નૃત્ય દ્વારા કરે છે. મનુષ્ય નામના જીવની સતત દોડ, ઝંખના ઇચ્છા કોઈ હોય તો તે છે સુખ મેળવવાની. આથી આપણે એવું માનીએ છીએ કે જીવન એ સુખની શોધ છે. વાસ્તવમાં જીવન એ સત્યની શોધ છે. પણ કયા સત્યની શોધ કરવાની છે? કયું સત્ય પામવાનું છે? સચ્ચિદાનંદ સ્વરૂપ આત્માના સાક્ષાત્કારના સત્યને પામવાનું છે.

માણસમાં પશુત્વ અને મનુષ્યત્વ બંને છે, ત્યારે પશુત્વ ઘટાડવાનું છે અને મનુષ્યત્વ વધારવાનું છે. વળી, જીવતા રહેવાનું છે, તંદુરસ્ત રહેવાનું છે અને મોજ પણ કરવાની છે. આ બધાનું વ્યાજબી વ્યવસ્થાપન કરવું એ જ જીવન છે. જીવન પોતે એક ગૂઢ રહસ્ય છે અને સદાકાળ રહસ્ય જ રહેશે. દરિયામાં રહેતી માછલી જેમ દરિયાનો તાગ મેળવી શકતી નથી તેમ માણસ પણ જીવન અને જગતનો તાગ મેળવી શકે તેમ નથી.

બહિરંગની ગતિ અને અંતરંગની સ્થિતિના સંયોજનથી જીવન સર્જાય છે. જેમ અંતરિક્ષમાં કોઈપણ અવકાશીય પીંડને પોતાના અસ્તિત્વ માટે પોતાની ધરીની આસપાસ અને પોતાના માતૃપિંડની આસપાસ ફરતા રહેવું અનિવાર્ય છે, તે માણસ માટે પણ આ એટલું જ સાચું છે.

જીવન પોતે એક અભિવ્યક્તિ છે :

આપણી પાસે દિવસના ચોવીસ કલાક, આઠ પ્રહર છે. એમાંથી આઠ કલાક શરીરને સંભાળવામાં જાય છે. આઠ કલાક આજીવિકા-જીવનનિર્વાહ માટે જાય છે. બાકી રહેલા આઠ કલાકમાં મોજનું-ભીતરની પ્રસન્નતાનું આયોજન કરવાનું છે. આઠ કલાકની મોજ માણવા માટે સોળ કલાક આપવાના છે. બીજી રીતે કહીએ તો માનવ જિંદગીનો ૩૩% સમય જીવન ટકાવી રાખવામાં અને ૩૩% સમય જીવનનિર્વાહ માટે છે. એ પછીનો ૩૩% સમય મોજ-આનંદ-પ્રસન્નતા માટે રહે છે. એટલે કે ૩૩% સમય પ્રસન્ન રહેવા માટે માણસે ૬૬% સમયનું સટિક આયોજન કરવાનું છે. આ ૩૩% પ્રસન્નતા મળી એમાં વધેલ ૧% ઉમેરીએ તો ૧૦૦% જીવન જીવંત બની જાય છે.

ત્રીજી રીતે સમજીએ, તો સરસ કેરીના રસનો સ્વાદ માણવો છે તો કેરીની છાલ અને ગોટલાને સ્વીકારવાનાં છે. કામ તો રસનું-સ્વાદનું છે. પણ રસ-આસ્વાદ-તૃપ્તિ તો જ શક્ય છે, જો આપણે છાલ અને ગોટલાનો સ્વીકાર કરીએ. અહીં છાલ અને ગોટલાનું વજન અને વિસ્તાર જો વધારે હોય તો તેટલો રસ ઓછો મળે!! આમ, આપણી પાસે દિવસમાં આઠ કલાક અથવા જીવનમાં ૩૩% સમય

પ્રકૃતિએ મોજ કે પ્રસન્નતા માટે ફાળવ્યો છે. આ મોજની ગુણવત્તાનો આધાર તમે બાકીના ૧૬ કલાક કે ૬૬% સમય ક્યાં અને કેવી રીતે ખર્ચો છો તેના પર નિર્ભર કરે છે.

પશુ-પંખીઓમાં આ વંશપરંપરાગત પ્રાકૃતિક રીતે ઊતરી આવે છે. એટલે કોયલને ટહુકા માટે રિયાઝ કરવો પડતો નથી, પક્ષીઓને કલરવ માટે સંગીતનું કોચિંગ લેવું પડતું નથી કે મોરને નૃત્ય માટે પ્રેક્ટિસનાં સેશન્સ નથી હોતાં કે સુગરીને માળો બાંધવાની તાલીમ લેવી પડતી નથી.

પણ માણસને સર્જનહારે 'ઓટોનોમી' (સ્વાયત્તતા) બક્ષી છે! માણસે જાતે કેળવાવાનું છે, જાતે શિક્ષિત- દીક્ષિત થવાનું અને નિજાનંદી બનવાનું છે.

માણસ માટે તંદુરસ્ત રહેવા, આજીવિકા મેળવવા અને પ્રસન્ન રહેવા માટેનું હાથવગું કોઈ સાધન હોય તો તે એકમાત્ર છે, ને તે છે શિક્ષણ. આમ, માણસ માટે શિક્ષણ એ તો આનંદયાત્રા છે. દુર્ભાગ્યે આજનું શિક્ષણ મોજીલીયાત્રા બનવાને બદલે યુદ્ધ બની ગયું છે. ડર, સ્વાર્થ, હાર-જીત, સ્પર્ધા, આધિપત્ય, પ્રભાવ, દંભ વગેરેએ શિક્ષણને લૂણો લગાડ્યો છે. આત્માને થકવી દીધો છે. ૯૯% લાવનાર પણ કોઈ એક ટકો વધારે લઈ લેશે તો? એવા ડરથી ભણે છે!

નિષ્ફળતા એ હાર નથી, અનુભવ છે; એવું કોઈ સમજાવતું જ નથી. શિક્ષણમાંથી જીવનનો અનુબંધ દૂર થતો ગયો એનું આ પરિણામ છે. એક સમયે એકથી બાર ધોરણના પાઠ્યપુસ્તકોમાં આત્માને પોષક પાઠ-ભજનની, સંતોની, સાધકોની, સંસ્કૃતિ અને સંસ્કારની સરિતાઓ પાનાંઓ પર વહેતી રહેતી હતી. ધીમેધીમે એ સંસ્કાર અને સંવેદનાની સરિતાઓ ઓસરી ગઈ, તેથી પ્રસન્નતા-મોજનું પોષણ પણ વિસરાતું ગયું. ગીતો ગણગણવાને બદલે ગણિત-ગણતરીઓ આવી, તેથી તણાવ વધતો ગયો, હતાશા આવી ને હળવાશ ગઈ.

સાચા વિકાસમાં ધરતી લુંટાતી નથી, પોષિત-સંવર્ધિત થતી રહે છે. સ્થાયી વિકાસનું રહસ્ય સમપોષિત વિકાસમાં રહેલું છે. શિક્ષણને નિર્ભાર, બોજમુક્ત કરીને ખોજ+મોજ યુક્ત કરવાનું છે. પ્રવૃત્તિ અને અનુભવ દ્વારા અપાતું મોજીલું શિક્ષણ જ જીવનલક્ષી બને છે. શિક્ષણ વિષયવસ્તુ નથી, સંસ્કાર, શિસ્ત, આવડત, તાલીમ, પ્રકૃતિ, સંસ્કૃતિ, સંવેદના અને પ્રસન્નતા આધારિત સાધના-તપ છે. એને વિષયોમાં ધરબી દેવાને બદલે વિષયના વાડામાંથી ખીલો ખેંચી કાઢવાનો છે. સાંકળ છોડી-ઢીલી કરી દેવાની છે. શિક્ષણ માણસને જડ નહીં; જીવંત અને સંવેદનશીલ બનાવતું હોવું જોઈએ. શિક્ષણમાં પરિણામ કે પરીક્ષા અગત્યની નથી, પ્રક્રિયા મહત્ત્વની હોય છે. વર્ગખંડનું શિક્ષણ માના રસોડે કે બાપદાદાના ખેતરે ખપ ન લાગે તો તે શિક્ષણ વાંઝિયું છે. શિક્ષણનું મૂળ કામ તો આત્માનું પોષણ કરવાનું છે. શરીરને મારી શકાય છે, આત્માને મારી શકાતો નથી. આપણે યોગ, ઉદ્યોગ અને સહયોગ દ્વારા સંવેદનાઓના સંસ્કારનું સિંચન કરતું શિક્ષણ ખપનું છે. આવું શિક્ષણ આપણા દેશમાં ત્રણસો વર્ષ સુધી ટક્યું હતું, તેવું 'પાતંજલ યોગસૂત્ર'માં જણાવવામાં આવ્યું છે.

આપણા વિદ્યાલયોમાં વિદ્યાનો જ લય થઈ રહ્યો છે. સર્જનાત્મકતા અને રચનાત્મકતા વગરની એક્ટીવીટીને કારણે પ્રોડક્ટીવીટી ભૂલાઈ ગઈ છે. સૉક્રેટિસ જેવાએ સમજાવ્યું છે તેમ માણસ મૂળભૂત રીતે સજ્જન જ છે, જે કાંઈ દોષો દેખાય છે તે અજ્ઞાનના કારણે છે. અત્યારના આધુનિક શિક્ષણે સોડિયમ વગરનું મીઠું, કાંટા વગરનો થોર, ઝેર વગરનો સાપ અને સંવેદના વગરનો માણસ તૈયાર કર્યો છે. અંતે માણસે શરીરને અને આત્માને બંનેને પોષવાનાં છે. શરીરને પોષવાનું પ્રમાણમાં સરળ છે પણ આત્માને રાજી રાખવાનું આપણી સહજ વૃત્તિઓએ અઘરું બનાવી દીધું છે. શરીરના પોષણ જેટલું જ તે સરળ હોવા છતાં તેનું શિક્ષણ અપાતું ન હોવાથી આજની પરિસ્થિતિ નિર્માણ થઈ છે. શરીરને બુદ્ધિથી અને આત્માને હૃદયથી સમજવાનાં, પોષવાનાં છે. શરીર અને આત્મા વચ્ચેના આવરણો દૂર કરવાનાં છે.

શરીરને શેનાથી અને શી રીતે પોષાય, એ ક્ષેત્રે ખૂબ અભ્યાસ, પ્રયોગો, સંશોધનો થયાં છે અને થઈ રહ્યાં છે. જ્યારે આત્માને પોષણ માટે ખાસ કોઈ ગંભીર નથી. આત્માનું પોષણ શું? ક્યાં મળે, કેવી રીતે મળે? સત્ય, પ્રેમ અને કરુણા આત્માનો ખોરાક છે. સત્કર્મો, સત્સંગ, પ્રેમાળ હૃદય, નિર્મળ મન એ આત્માને ભાવતા પકવાન છે. માણસાઈ એ આત્માને ભાવતી મીઠાઈ છે. સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા એ મનુષ્યનું મૂળ સ્વરૂપ છે, મૂળ ઓળખ

છે, આધારકાર્ડ છે.

સામાન્ય માણસની વૃત્તિઓ નીચે પ્રમાણે છે :

જિજ્ઞાસાવૃત્તિ : જ્ઞાન-માહિતી : જ્ઞાન (સ)

આધિપત્યની વૃત્તિ : શક્તિ+સ્વતંત્રતા : ચિત્તપ્રાપ્તિ (ચ્ચિ)

જાતીયવૃત્તિ : પ્રેમ+આનંદ+સૌંદર્ય : પ્રસન્નતા (દા)

જિજીવિષા વૃત્તિ : અમરત્વ : સત્ય (નં)

પ્રતિષ્ઠા-કીર્તિવૃત્તિ : શાંતિ+આનંદ : પ્રેમ (દ)

માનવસહજ આ વૃત્તિઓમાંથી મળતા જ્ઞાન, શક્તિ, સ્વતંત્રતા, પ્રેમ, સત્ય, સૌંદર્ય, શાંતિ, પ્રસન્નતા, નિજાનંદ અને અમરત્વનું પોટલું બાંધો તો તે પોટલાં પર 'આત્મા'નું લેબલ લાગે. આત્મા સહજ છે, તે કર્તા હોઈ શકે જ નહીં. 'અહિંસા' શબ્દ આત્મસ્વરૂપ છે, આધ્યાત્મિક છે. અહિંસા આત્માનું સ્વરૂપ છે, એ હિંસા કરી શકતો જ નથી. હિંસા એ શરીરની શક્તિ છે. આથી શરીર મટી જાય છે પણ આત્મા મરતો નથી. આત્મા મરતો નથી, મરાવતો નથી અને મારતો પણ નથી. જે આત્મા મારામાં છે એ જ આત્મા તમારામાં અને સૌમાં છે. આત્માની આ વ્યાપકતા અહિંસાની પ્રતિષ્ઠા કરે છે. આ વ્યાપકતા-સમરસતાના કારણે એક આત્મા બીજા આત્માની હિંસા કરી શકતો જ નથી. મન બુદ્ધિ, વિચાર અલગ અલગ હશે પણ આત્મતત્ત્વ તો એક જ છે. આત્માનું સ્વરૂપ શાંત છે, આત્મતત્ત્વ ઘણું સૂક્ષ્મ છે, બીજમાં રહેલા વિશાળ વૃક્ષની જેમ. આત્મા તો અવિભાજ્ય, પૂર્ણ, સમાન, શાંત, નિર્દોષ, સર્વવ્યાપી અને સનાતન છે. આમ, આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે અને પૂર્ણ છે. એટલે તો પ્રેમદીવાની મીરાંબાઈએ આત્માની ઓળખ વિશે આરત છેડી છે :

આ આત્માને ઓળખ્યા વિના રે...
લખ ચોરાસી નહીં રે મટે રે લોલ.

અને આપણા ગુજરાતી સાહિત્યના આદિકવિ નરસૈયાએ પણ કહ્યું છે :

જયાં સુધી આત્માતત્ત્વ ચિન્હ્યો નહીં,
ત્યાં સુધી સાધના સર્વ જૂઠી.

અંતે સુખપ્રાપ્તિની દોડ છે શા માટે? જીવનનો ખાલીપો, અભાવો, ભય, અધૂરપ વગેરે દુઃખનું કારણ છે. સચ્ચિદાનંદ સ્વરૂપ આત્માથી દૂર જવાથી અભાવો જન્મે છે. ભારે આશ્ચર્યજનક અને હાસ્યાસ્પદ હકીકત એ છે કે આ અભાવો ભ્રામક છે! પાણીને લાગેલી તરસ જેવો ભ્રામક છે!! આત્મપ્રાપ્તિ-સ્વીકાર જ સુખની ગુરુચાવી છે. આત્મપ્રાપ્તિમાં જ માનવજીવનની પરમ કૃતાર્થતા છે. સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મપ્રાપ્તિ માટેનો પથ એ જ અધ્યાત્મપથ. આ આત્મા પ્રત્યે, આત્મા તરફ જવાની ગતિ એટલે અધ્યાત્મ. વિકાસ એ જીવનનો અનિવાર્ય સ્વરૂપગત ગુણધર્મ છે. જીવનવિકાસનું સર્વોત્તમ માધ્યમ એ અધ્યાત્મ છે. જીવન પોતે જ મહાચૈતન્યની અભિવ્યક્તિ છે. આત્મા મનુષ્યના અસ્તિત્વનું ઓળખનું કેન્દ્ર છે. આથી ગીતામાં પણ આત્માપ્રાપ્તિ માટેની વિદ્યા-અધ્યાત્મવિદ્યા એ તમામ વિદ્યાઓમાં કેન્દ્રસ્થવિદ્યા ગણાવાઈ છે.

અધિ+આત્મા=અધ્યાત્મ. આત્મા તરફ જવાની ગતિ-વિદ્યા-પ્રયત્ન. આત્માનું સત્ય તો એ છે કે- આત્મા એ ચેતનાનો પ્રવાહ છે. જેમ વીજળી એ સ્થૂળ વસ્તુ નથી, એ ઇલેક્ટ્રોનનો પ્રવાહ છે. આત્માને આમંત્રિત કરી શકાતો નથી પણ તેને ચેતનાના પ્રવાહમાં ભેળવી શકાય છે. જેમ સાગરબુંદ સાગરને આમંત્રિત કરી શકે નહીં, પણ પોતે સાગરમાં ભળી શકે છે. આત્મા નથી મેળવવાનો કે નથી ગુમાવવાનો. આત્મા સૌને પ્રાપ્ત જ છે. તેનો સ્વીકાર કરવાનો છે. આત્માપ્રાપ્તિ તો પ્રતસ્ય પ્રાપ્તિ છે! આત્મા તો આત્મા થકી આત્માને પામે છે. વળી માણસ માત્ર 'આત્મા' નથી તેને 'શરીર' પણ છે. માણસ માત્ર 'શરીર' નથી તેને 'આત્મા' પણ છે. માણસની રચના આત્મા અને શરીરથી બનેલી છે. શરીર ભૌતિક છે. તેને વજન-આકાર-ગુણો છે. આત્મા નિર્ગુણ અને નિરાકાર છે. શરીર નાશવંત છે. આત્મા અજર-અમર છે. આપણા ભજનમાં ગવાયું છે કે, 'અજરા કાંઈ જરિયા ના જાય.. વીરા મારા, અજરા કાંઈ જરિયા ના જાય. એવા થોડે રે થોડે રે તમે સાધ, પીઓ રે..જી...'

**માનવરૂપી પંખીની બે પાંખો છે :** શરીર/ખોળિયું અને આત્મા, પ્રકૃતિ અને પુરુષ, જડ અને ચેતન, દશ્ય અને દષ્ટા, વિષય અને વિષયી, ત્રિગુણાત્મિકા અને ગુણાતીત, ભોગ્યા અને ભોક્તા, અવિદ્યા અને વિદ્યા, વિશ્વનું કારણ અને વિશ્વથી પર, બંધનનું કારણ અને મુક્ત,

સ્વભાનરહિત અને સ્વભાનયુક્ત.

કોઈ પણ જીવને જન્મ પછી પાયાની બે જરૂરિયાત અનિવાર્ય બને છે : પોષણ અને પ્રસન્નતા. પોષણ એ શરીર/ખોળિયું/પ્રકૃતિનો ખોરાક છે. પ્રસન્નતા એ આત્મા/પુરુષનો ખોરાક છે. આ આત્મા-ચેતના-ચૈતન્ય તમામ જડ અને ચેતનમાં રહેલું છે. પથ્થરમાં સુષુપ્ત છે, વનસ્પતિમાં શ્વસે છે, પ્રાણીઓમાં ક્રિયાશીલ છે, મનુષ્યમાં ચૈતન્ય રૂપે રહેલ છે. આમ, દરેક જડ-ચેતન જગતના કણેકણમાં ઈશ્વર છે. અથવા તો જડ-ચેતન જગતનું તમામ કણ સ્વયં ઈશ્વર જ છે. પ્રકૃતિમાં ક્રિયાન્વિત તમામ કાયદાઓમાં ઈશ્વર છે. સમગ્ર બ્રહ્માંડના અસ્તિત્વનું રહસ્ય જે 'ચેતના'માં છૂપાયેલું છે તે સચરાચર સચ્ચિદાનંદ જ છે.

આ ચેતના કે ઈશ્વરનો સ્વભાવ પરમ સ્વતંત્રતાનો છે. સ્વામીત્વ વગરનું અસ્તિત્વ એટલે પરમાત્મા. પ્રકૃતિને અનુકૂળ થઈ સ્વતંત્રતામાં જીવો એટલે સુખ મળે. પ્રકૃતિને પ્રતિકૂળ થઈ પરતંત્રતામાં જીવો એટલે દુઃખ મળે. ઈશ્વરનો અભિગમ સમગ્રતાનો છે, પૂર્ણતાનો નહીં. સમગ્રતામાં સત્ય+પ્રેમ+કરુણાની અખંડધારા વહે છે. જ્યારે પૂર્ણતામાં ઈર્ષા+સંઘર્ષ+શોષણની શક્યતા રહેલી છે. જીવનમાં આ સમગ્રતાનો સ્વીકાર કરવો એ સૌથી મોટી ઉપલબ્ધિ છે. અહીં સ્વીકાર કરવો અને સમર્પણ કરવું એ લાચારી નથી. કોઈનો અસ્વીકાર નહીં અને તમામનો સ્વીકાર પણ નહીં એ જ દિવ્યજીવનની ગુરુચાવી છે.

સમગ્રતાનો સ્વીકાર એ ઉત્તમ અધ્યાત્મ માર્ગ છે. કબીર સમજાવે છે તેમ-

મેરા મુઝમે કુછ નહીં જો કુછ હૈ સો તોર.
તેરા તુઝકો સોંપે, ક્યાં લગતા હૈ મોર.

જ્યારે તમે સઘળું સ્વીકારો છો ત્યારે તેનો હકારાત્મક અર્થ એ થાય છે કે તમે બધું જોયા, સમજ્યા પછી પણ તેનો અસ્વીકાર કરતા નથી! આ અભિગમ એ જ અધ્યાત્મ. અધ્યાત્મ જીવનદર્શન કરાવે છે. કોઈ પણ સર્જન માટે સર્જનકર્તા અનિવાર્ય છે. કોઈપણ કાર્ય માટે ઊર્જા અનિવાર્ય છે. અધ્યાત્મમાં કર્તા અને કૃતિ અલગ નથી એકરૂપ છે. ચિત્ર અને ચિત્રકાર એક છે, નૃત્ય અને નૃત્યકાર એક છે : કબીર સાહેબે ગાયેલું યાદ રાખવું રહ્યું :

કબીરા કૂઆ એક હૈ, પનિહારી અનેક,
બર્તન સબ ન્યારે ભયે, પાની સબ મેં એક.

હૃદયથી સ્વીકારી લેવું એ જ દિવ્યજીવન છે. આ સ્વીકાર એ સ્વર્ગનું દ્વાર છે. જે 'એવરીવ્હેર' છે તેને 'સમવ્હેર' શા માટે શોધવું છે? આપણે ઈશ્વરને આપણી સમજ બુદ્ધિથી કલ્પવાનો નથી. પરમની અનુભૂતિ થાય એટલે બસ. આ કોણ સમજાવશે? એકમાત્ર સક્ષમ સાધન શિક્ષણ છે. પ્રથમ સમજવાનું છે, પછી આચરણમાં મૂકવાનું છે અને અંતે પામવાનું છે. આત્માને પામવાની અનુભૂતિ કરાવતું સંવેદનશીલ શિક્ષણ જ આ કરી શકે. મોરારિબાપુ જે વ્યાસપીઠ ઉપરથી રામકથાનું ગાન કરે છે એ આપણા સૌના આત્માનું પોષણ કરતું ઔષધ છે.

**ભણી રહેલાં બાળકો (ઈરાન-અમેરિકા યુદ્ધ)**

પીળા પડી ગયેલા પાંદડા વાળા તાજેતરમાં જ
રોપાયેલા બધા જ વૃક્ષોએ એકી અવાજે માળીને
કહ્યું ''માફ કરજો પણ આ માટીમાં અમે અમારા મૂળ
વધારે ઊંડા તો નહીં જ મૂકી શકીએ.''

તમારે બે કાન છે છતાંય તમે નઈ સાંભળી શકતા
પણ અમારે તો મૂળ છે એટલે અમે સાંભળી
શકીએ છીએ આ ધરતીના હૈયાફાટ રૂદનને.

મિસાઈલથી ધ્વસ્ત થઈ દફન થઈ ગયેલી એક
આખી સ્કૂલ હજુ'ય ચાલી રહી છે આ પેટાળમાં.

રખે ને અમે અમારા મૂળ ઊંડે સુધી વિસ્તારવા
જઈએ અને નાનો સરખો'યે ઘોંઘાટ સર્જાય તો?

અમે વૃક્ષો, એટલું તો જાણીએ છીએ કે ભણી
રહેલાં બાળકોને ક્યારેય ડિસ્ટર્બ ના કરાય.
-કૃષ્ણ દવે

## ૦૨ નિષ્ઠાવાન પુરુષાર્થી : ભીખાભાઈ કોરાટ

**મનસુખ સલ્લા**

---

એ સંસ્થાઓ ભાગ્યશાળી ગણાય જેમને ભીખાભાઈ કોરાટ જેવા નિષ્ઠાવાન કર્મઠ શિક્ષક - આચાર્ય મળે. અને ભીખાભાઈનું એ સદ્ભાગ્ય હતું કે મનુભાઈ પંચોળી, ન.પ્ર.બુચ, મૂળશંકરભાઈ ભટ્ટ જેવા ગુરુજનો પાસેથી ખરા જીવનમંત્ર મળ્યા અને એને અમલમાં મૂકવાની ગ્રામદક્ષિણામૂર્તિ આંબલામાં તક મળી. આવો યોગ થાય છે ત્યારે વિદ્યાલય અને શિક્ષક બંને તેજસ્વી અને ગૌરવાન્વિત થાય છે.

'ઉત્તરરામચરિત'માં ભવભૂતિએ કહ્યું છે કે સૂર્યનાં કિરણો તો બધાં પર સમાન રીતે પડે છે, પણ માટીની ઠીકરી કેવળ પોતાને અજવાળે છે અને પહેલદાર મણિ એ પ્રકાશને અનેકધા પરિવર્તિત કરે છે. ભીખાભાઈ કોરાટ એવા શિક્ષક - આચાર્ય હતા; જેમણે પોતે જે જીવનભાવના પામ્યા તે દ્વિગુણિત કરીને પોતાના અનેક વિદ્યાર્થીઓને આપી.

ભીખાભાઈ કોરાટ ખેડૂતપુત્ર હતા. ( જ.તા. ૨૩ - ૧૨ - ૧૯૩૮ ,ગામ- હાલરિયા , જિ. અમરેલી ) પિતા નાથાભાઈ કોરાટનું કુટુંબ બહોળું હતું, પણ કુટુંબમાં નોંધપાત્ર સંપ હતો. એ કાળે ભણતર માટે આગ્રહ નહીં. પાંચ ધોરણ પછી ભીખાભાઈ કુટુંબની જરૂરિયાત હોવાથી ખેતીમાં જોડાઈ ગયા. ઘરની પાસે જ શિક્ષક ગગજીભાઈ પટેલ રહેતા હતા. તેમણે આગ્રહ કરીને ભીખાભાઈ અને બે કુટુંબીઓને ભણવા માટે તૈયાર કર્યા. શાળાંતની પરીક્ષામાં સારી રીતે પાસ થયા. એ કાળે શાળાંત થયેલાને લોકભારતી સણોસરામાં કૃષિ-ડિપ્લોમાના અભ્યાસમાં દાખલ કરતા હતા. તેમાં દાખલ કરાવ્યા ( ૧૯૫૯-૬૦). મનુભાઈ પંચોળીએ ભીખાભાઈનું હીર પારખ્યું, અભ્યાસ પછી આંબલાના સઘનક્ષેત્રમાં રાખી લીધા. પછી લોકશાળામાં કોઠાર વ્યવસ્થાપક બનાવ્યા. (૧૯૬૧) ભીખાભાઈ કર્મઠ અને નિષ્ઠાવાળા. પંડ્ય તોડીને કામ કરે. પ્રામાણિકતા ભારોભાર. કોઠારના કામ સાથે ખેતી - ગોપાલન પણ ભણાવે. પણ જીવ અભ્યાસનો. ભણવું અને ખૂબ ભણવું એ અંતરની અભીપ્સા. સવારથી રાત સુધી કામ કરે અને રાતે ઉજાગરા કરીને ગૂજરાત વિદ્યાપીઠની સેવક સુધીની હિન્દીની પરીક્ષાઓ આપી. એ સ્નાતક સમકક્ષ ગણાતી. પરંતુ તેમની મહેચ્છા બી.એ. એમ.એ. કરવાની હતી. એ ભણવા માટે S.S.C કરવું પડે. વિદ્યાર્થીઓ સાથે તેમણે પરીક્ષા આપતાં નાનપ ન અનુભવી. પાસ થયા, એક્સ્ટર્નલ બી.એ સુધી ભણ્યા.

કામનો અને ભણવાનો ઉત્સાહ ગજબનો. જે કાંઈ કરે એ જીવ તોડીને કરે. સમજાયું કે બી. એડ્. કર્યા વિના પગાર બાંધણી સરખી નહીં થાય, તો લોકભારતીમાં મોટી ઉંમરે બી. એડ્ કર્યું . (૧૯૭૨) સંસ્થાએ અભ્યાસની અનુકૂળતા આપી હતી. પછી હિન્દીમાં એમ. એ. પણ કર્યું. બધું જ એક્સટર્નલ અને સાથે સંસ્થાનાં કામો કરતાં કરતાં. ગૃહપતિ, રસોડા વ્યવસ્થાપક, ખેતીનાં વાડોલિયાની સંભાળ, અને વર્ગોમાં ભણવાવાનું. વચ્ચે ગૌશાળા અને બાંધકામ પણ સંભાળ્યું. એમ.એ. થવાથી પગાર વધવાનો નહોતો, પણ વિદ્યારસની જ પ્રેરણા. મેં તેમને પૂછેલું, 'તમે એમ.એ.નું શું કામ ભણ્યા? આર્થિક લાભ તો થવાનો નહોતો !' તો ભીખાભાઈ એ ભાવપૂર્વક કહેલું, 'એ નિમિત્તે તુલસીદાસજી, પ્રસાદજી, દિનકર, અજ્ઞેય, પ્રેમચંદ, હજારીપ્રસાદજીનો ઊંડાણથી અભ્યાસ કરવાનું મળ્યું એથી હું ભણ્યો. એ જ મારી કમાણી. પૈસાની કમાણીનો તો વિચાર નહોતો આવ્યો!' સંસ્કૃતમાં પણ એમ. એ. કરેલું પણ એક પેપર ક્લીયર ન થયું તેથી ડિગ્રી ન મળી. પછી પીએચ.ડી. કરવાનું ગોઠવ્યું , પણ નિવૃત્તિકાળ નજીક હતો તેથી બંધ રાખ્યું.'

બી.એડ્ પછી વિધિસર શિક્ષકની નિમણૂક પામ્યા પણ આવી સંસ્થામાં તો વર્ગશિક્ષણ ઉપરાંત સોંપે તે બધાં કામ કરવાનાં હોય. ભીડ પડે ત્યાં જાતને મૂકી દેવી એ મુખ્ય લાયકાત અને એમાં આરપાર નીકળવાનું. વિદ્યાર્થીઓ માટે

તેમને અપાર વાત્સલ્ય. સાથી કાર્યકરોમાંથી કોઈ સારું કામ કરે, કાંઈક પ્રયોગ કરે, ખાસ જવાબદારી ઉપાડે તો તેમને સાથ આપે.ઉમળકાથી યશ પણ આપે.

મારી બંને પુત્રીઓ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલામાં ભણી છે એટલે ત્યાંના શિક્ષકોનો મને આંતરિક પરિચય છે. ત્યારે ભીખાભાઈ રસોડું પણ સંભાળતા હતા. અનેક વિદ્યાર્થીઓ એવા હોય જેને રોટલા ન ભાવે, કઢી ન ભાવે. એવા ભાઈ - બહેનોને ભીખાભાઈ હસતાં હસતાં એવું મધુર વેણ કહે કે વિદ્યાર્થીઓ વિચારતા થાય. ધીરે ધીરે બધું ખાતાં થઈ જાય. આગ્રહ નહીં, સમજાવટ. કન્યાઓને તેઓ 'દેવીજી' કહીને બોલાવે. કન્યાઓએ પણ સખત ખેતીકામ કરવાનું જ હોય. કેટલીક કન્યાઓ સુંવાળી હોય, ઝાઝી ટેવાયેલી ન હોય તો પોતે સાથે રહે, મદદ કરે, પરંતુ કામ પૂરું થવું જોઈએ એવો આગ્રહ ખરો જ. એની પાછળનો ખ્યાલ એ કે બહેનો હોવાથી કામમાં પાછાં પડે એ બરાબર નહીં. બહેનો આત્મવિશ્વાસ કેળવે એ તેમની હોશ હતી. તેમણે ખેતીના ખાસ પ્રયોગો વિદ્યાર્થીઓ પાસે કરાવેલા, જેમાં દ્રાક્ષ, બટેટા અને કપાસમાં સંસ્થાને યશ પણ મળ્યો. બટેટાની શિહોર સુધી માંગ રહેતી. વિદ્યાર્થીઓને ઉત્તમ ખેતી અને નફાકારક શાકભાજી કેમ કરાય એ શીખવા મળ્યું ભીખાભાઈ બધો જશ વિદ્યાર્થીઓને આપીને રાજી થયા.

ભીખાભાઈનું કાઠું ઊંચું અને મજબૂત, વાન ઉજળો. મો ઉપર સદાય હાસ્ય તરવરતું હોય. વર્ગખંડમાં વિદ્યાર્થીઓને રસતરબોળ કરાવે, કેમ ભણવું એની લગની લગાડે, હજાર કામ વચ્ચેય અભ્યાસ કરી શકાય એવું પોતાના દાખલાથી વિદ્યાર્થીઓના હૈયામાં ઉતારે. વિદ્યાર્થીઓમાં વાચનરસ જગાડે અને પ્રવાસમાં કે વાડોલિયામાં કે અન્ય કામોમાં જવાબદારી લેવા પ્રોત્સાહિત કરે.

તમે ઓચિંતા આંબલા લોકશાળામાં જાઓ અને ભીખાભાઈ સામા મળી જાય તો લેંઘાના પાયસા ચડાવેલા હોય અને હાથમાં મોટેભાગે કોદાળી કે પાવડો હોય. કામથી થાકવાનું તેમને કદી આવડ્યું જ નહીં. એમને માટે હળવાશમાં કહેવાતું કે ભીખાભાઈના એક હાથમાં ચોક હશે અને બીજા હાથમાં કોદાળી હશે. તેઓ બંનેની સમાન ભાવે ઉપાસના કરી શકતા. બંને માટે તેમને આદર અને ગૌરવ.

યોગ્ય ક્રમમાં તેઓ આચાર્ય પણ થયા. પણ તેમની પ્રવૃત્તિમાં કે મનોવૃત્તિમાં ફરક ન પડ્યો. કહી તો એમ શકાય કે અગાઉ કરતા હતા તે કામો તો હતાં જ, એમાં આચાર્યની વહીવટી કામગીરી પણ ઉમેરાઈ. એમણે લખ્યું નહીં, પણ વાંચતા ઘણું. વ્યાખ્યાન સાંભળીને સમતોલ અભિપ્રાય આપી શકતા. કોઈનીય ટીકા કરવાનું પસંદ ન કરે. 'હશે' કરીને માફ કરવાનો સ્વભાવ. મુખ્ય જવાબદારી સંભાળવાની આવે એટલે આળા પ્રશ્નો પણ આવે. અણગમતું પણ થાય. ક્યારેક મોવડીઓ ન પણ સમજે કે જુદી રીતે પણ સમજે. પોતાનેય દુઃખ, ક્લેષ, નારાજગી થતાં હશે, પણ ઘૂંટડા ગળે ઉતારી દે. ટીકા કરવાનું ટાળે. આ માહ્યલી સ્વસ્થતા હોય તો જ શક્ય છે.

તેમના ઉપાસ્ય કાયમ વિદ્યાર્થીઓ રહ્યા. વિદ્યાર્થીઓ માટે બધું કરવા તત્પર અને વિદ્યાર્થીઓ પણ તેમને હૃદયથી ચાહતા. આમ ભડ જેવા, પણ ભીતરથી ખૂબ ઋજુ. કોઈની પીડા જુએ-સાંભળે તો તેમની આંખોમાં આંસુ છલકાય. એની વાત કરતાંય રડી પડે. નિર્મળ જળ જેવા પારદર્શક. ભીખાભાઈ આંબલા લોકશાળામાં (ઉત્તર બુનિયાદી વિદ્યાલયમાં) ૩૭ વર્ષ રહ્યા. કોઠાર વ્યવસ્થાપકથી લઈને શિક્ષક-આચાર્ય સુધીનાં કાર્યો કર્યાં. અનેકવાર કુટુંબને ભૂલીને કે ગૌણ ગણીને જવાબદારીનાં કામોમાં કે વિદ્યાર્થી વિકાસની પ્રવૃત્તિમાં ખૂંપેલા રહ્યા. જાણે કે જિંદગીનું એ જ મિશન હતું. ગુરુજનો પાસેથી મળેલી નિષ્ઠા અને દૃષ્ટિ તેમણે આંબલામાં વાવી અને ઊગાડી. આ સમયગાળો એટલે અર્ધું આયુષ્ય. જિંદગીનાં ઉત્તમ વર્ષો આંબલાને અપાયાં એની તેમને કૃતાર્થતા હતી.

ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા અને લોકભારતી - સણોસરાની સંસ્થાઓને જે યશ અને ગૌરવ મળ્યાં તેમાં આવા એકાધિક શિક્ષકો, અધ્યાપકો, આચાર્યો, નિવૃત્ત કાર્યકરોનો ફાળો છે. જેમણે સંસ્થાના હિતમાં રાતદિવસ એક કર્યા. એટલે મનુભાઈ પંચોળીએ યથાર્થ કહેલું કે 'મોર એના પીંછાંથી રૂડો લાગે છે'. કોઈ પણ કામ માટે જેમના મોઢેથી 'ના' શબ્દ ન નીકળે અને આ કામ મારું ગણાય કે નહીં એવી ગણતરી ન કરે એવા કાર્યકરો (ડ્રાઇવરથી આચાર્ય

સુધીના) સંસ્થાની તેજસ્વિતાનો પાયો હોય છે. ભીખાભાઈ એવા કાર્યકરો પૈકીના ગણાયઃ નોંધપાત્ર અને નિષ્ઠાવાન.

તેઓ ૧૯૯૭માં વયમર્યાદાને કારણે આંબલા લોકશાળામાંથી નિવૃત્ત થયા. પરંતુ તેમની જેવા દૃષ્ટિવાન અને કર્મઠ વ્યક્તિની માંગ ઘણે ઠેકાણે હોય એ સહજ છે. લાલભાઈ ગ્રુપના સ્વાતિબહેને કસ્તુરબા આશ્રમ, મરોલી માટે એ તક ઝડપી લીધી. ભીખાભાઈ એના નિયામક બન્યા. ૨૦૧૪ સુધી તેમણે મરોલીમાં ઉત્તમ કામ કર્યું. શિક્ષણસ્તર સુધારનારા કાર્યક્રમો વિકસિત થયા, સાથે જ દાતાઓ પાસેથી ચાર કરોડ જેટલી રકમ મેળવીને સંસ્થાની જરૂરિયાતનાં મકાનો અને સામગ્રીની વ્યવસ્થા કરી. ૨૦૧૪માં દૂધાળા લોકશાળા(તા.પાલીતાણા)માં દલસુખભાઈ પટેલ આગ્રહ કરીને નિયામક તરીકે લઈ ગયા. સંચાલક તરીકે બધું સરસ ગોઠવ્યું અને દાન મેળવીને છાત્રાલય બંધાવ્યું. કામની ગુણવત્તાની દાતાઓ ઉપર અસર થતી. એ વર્ષોમાં વિદ્યાર્થીઓ સાથે રહેવા મળ્યું એનો તેમને સંતોષ હતો. લોકભારતી ગ્રામવિદ્યાપીઠે ભીખાભાઈનું પોતાના ઉત્તમ ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે સન્માન કર્યું હતું. એમાં કદરનો ભાવ હતો.

ઉંમર અને કર્મઠતા વચ્ચે જાણે હરીફાઈ ચાલતી હતી. તેઓ ૮૨ વર્ષ નજીક પહોંચ્યા હતા, પણ ખડા સૈનિક જેવા હતા. જીવનભર સાથ આપનાર પ્રેમાળ પત્ની મુક્તાબહેને ૨૦૨૨માં વિદાય લીધી હતી. અગાઉ યુવાન પુત્ર કશ્યપ અને બહેન ગીતાને ગુમાવ્યા હતાં. સંસારના ઘા કોને નથી વાગતા? એની થોડી-ઝાઝી અસરો અનુભવી, પરંતુ જ્યાં પણ કાર્ય કર્યું ત્યાં પોતાનું ગણીને કર્યું, નિષ્ઠાપૂર્વક કર્યું, પોતે જે મૂલ્યો અને આદર્શોમાં માનતા હતા તે જાળવીને કર્યું. અને કામ છોડ્યા પછી તટસ્થ થઈ જતા. સહકાર્યકરો અને વિદ્યાર્થીઓ સાથે તેમના સંબંધો ભાવભર્યા જળવાઈ રહ્યા. છેલ્લા દાયકામાં યુવાન કાર્યકરોની પીઠ થાબડતા અને વાંચન કરતા. વાંચન એમનો ખરો ટેકો હતો.

શિક્ષક હોવું એ માત્ર પગાર કે પેન્શન નથી, એ માત્ર વર્ગખંડમાં જઈને બોલી આવવું નથી, વિદ્યાર્થીઓના ચારિત્રઘડતર અંગે બેપરવા રહેવું એ નથી .(આજે એનું કરુણ ચિત્ર જોવા મળે છે) એનાથી અલગ રીતે સમર્પણભાવથી જેમણે પોતાના કાર્યને જોયું, જીવ્યા અને ઉજાળ્યું એવા આંબલા-લોકભારતીના ઉત્તમ કાર્યકરો પૈકીના ભીખાભાઈ કોરાટ હતા. આવા શિક્ષક-આચાર્યનું બેંક બેલેન્સ બેંકમાં નથી હોતું, એમના વિદ્યાર્થીઓના હૃદયમાં હોય છે. આવા કાર્યકરો પોતાને વિશે બોલતા નથી, એમનું કામ બોલતું હોય છે. આવી સાર્થકતા ભીખાભાઈની ખરી કમાણી હતી. વિદ્યાર્થીનો દીવો પ્રગટાવી દેવો કે ઠરી ન જાય એ માટે આડો ખોબો ધરવો એ જેવી તેવી ધન્યતા નથી. એવી વ્યક્તિઓ શ્રેષ્ઠ શિક્ષકના રાષ્ટ્રપતિના એવોર્ડ કરતાં મોટી હોય છે. ભીખાભાઈ કોરાટ આવા શિક્ષક-કાર્યકર હતા. તેમની નિષ્ઠા અને કર્મઠતા અનેક રીતે યાદ રહેશે.

છેલ્લાં વર્ષો(૨૦૨૦)થી ભીખાભાઈએ જમાઈ મુકેશ અને પુત્રી ઈન્દુ સાથે તળાજામાં ગાળ્યાં. તેમણે બંનેએ ભીખાભાઈને આત્મીયતાપૂર્વક સાચવ્યા. છેક સુધી તેમની ઝીણી કાળજી લીધી. ભીખાભાઈ પોતાના પેન્શનની રકમ પોતાને માટે ન રાખતા. વૃદ્ધાશ્રમો, ટીંબી, (ધોળા) કળસાર અને વડલી(મહુવા)ની હોસ્પિટલો અને કળસાર-આંબલા જેવી સંસ્થાઓમાં ભેટ આપતા. જરૂરિયાતમંદ કુટુંબને ઘરે જઈને અંગત રીતે રકમ આપતા. આર્થિક ખેંચવાળા વિદ્યાર્થીઓને મદદ કરતા-પણ એવી રીતે કે ડાબો હાથ ન જાણે. ક્યાંય જવું હોય તો બસમાં જ જતા. જાત માટે ખર્ચ નહિવત. છેલ્લે તેમણે ચક્ષુદાન અને અંગદાનનો સંકલ્પ કરેલો. મૃત્યુ પછી પણ તેમનાં અંગો અન્યને ખપમાં આવે એમ ગોઠવ્યું હતું અને એમ થયું. જાણે બધી રીતે નિર્ભાર થવાનો સંકલ્પ ન કર્યો હોય!

જાતને આગળ લાવવાની, બધો યશ પોતાને ખાતે જમા કરવાની તેમને ખેવના નહોતી. કામ કરવાની તક મળી એની ધન્યતા જ જમા રાખી અને કામ છોડ્યું ત્યારે પુષ્પ પરથી ઝાકળ ખરી પડે એવો ભાવ જાળવ્યો. એમાં નિસ્પૃહાનું બળ હતું. ૮૮ વર્ષની વયે (તા. ૦૫ -૦૨-૨૦૨૬) પૃથ્વી ઉપરથી વિદાય લીધી ત્યારે નિષ્ઠાપૂર્વકનાં કાર્યોની તૃપ્તિ અને સંબંધોની મૂડી ભીખાભાઈની સિલકમાં હતી.

મો.--૯૮૨૪૦૪૨૪૫૩

## ૦૩ વ્યકિતત્વ ઘડતર અને યુવાઓની શક્તિઓનું ઊર્ધ્વીકરણ

**ડૉ. મનહર ઠાકર**

---

**વ્યક્તિત્વઃ**

'વ્યક્તિત્વ' શબ્દ માણસ માટે પ્રયોજાય છે. માણસ તેના વ્યક્તિત્વથી ઓળખાય છે. વ્યક્તિનાં શારીરિક, માનસિક અને સામાજિક ગુણોનો સરવાળો એટલે 'વ્યક્તિત્વ' કહી શકાય. વ્યક્તિનાં ગુણો, લક્ષણો, ક્ષમતાઓ અને વિશેષતાઓનો એ સુગ્રથિત એકમ છે. વ્યક્તિનું વ્યક્તિત્વ વર્તનમાં પ્રગટ થતું હોય છે. એટલે વ્યક્તિના વર્તન માટે શારીરિક કરતાં માનસિક ગુણો વધું જવાબદાર છે. વ્યક્તિત્વ માટે માણસની શારીરિક માનસિકતાનું પ્રાબલ્ય છે. તે માટે માણસોનાં માનસિક ગુણોનો વિચાર કરીએ તો બુદ્ધિ, સ્વભાવ, ચારિત્ર્ય, રસ, વલણ, મૂલ્યો અને આદર્શો જવાબદાર છે. આ સાત બાબતોની અસર તેના વર્તનમાં પ્રગટ થાય, જે તેના વ્યક્તિત્વને પ્રગટ કરે છે. તેના આધારે વ્યક્તિની વર્તન તરેહ - સમગ્ર વર્તનછાપ પ્રગટ થાય છે. વ્યક્તિ બોલેચાલે, હરેફરે, વર્તન વ્યવહાર કરે, એમ જેવાં વર્તનો કરે તે તેનાં વિચારો પર આધારિત છે.

**વિચાર અને વર્તન**

માણસમાં ઉદ્ભવતા વિચારો અને તેના વર્તનની પ્રક્રિયા સન્દર્ભે થતી ક્રિયા માટે તેનું અંતઃકરણ જવાબદાર છે. અંતઃકરણનાં ચાર ખાનાં દ્વારા થતી તે ક્રિયા છે. ચિત્ત, મન, બુદ્ધિ અને અહંકાર આ અંતઃકરણનાં ચાર ખાનાં છે. તેની વચ્ચે થતી પ્રક્રિયા સમજીએ તો પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા ચિત્ત અનુભવો ઝીલે છે, ધારણ કરે છે. ચિત્તમાં પડેલો અનુભવ સંજોગો પ્રમાણે ઊભરી આવે અને મન તે પ્રમાણે વિચાર કરે છે. મનમાં ઉદ્ભવેલા વિચારનો અમલ કરવો કે નહીં તેનો નિર્ણય બુદ્ધિ કરે છે. બુદ્ધિ દ્વારા થયેલા નિર્ણયને વર્તનમાં મૂકવાનું કામ અહંકાર કરે છે. આ રીતે ચિત્ત, મન, બુદ્ધિ અને અહંકાર દ્વારા વિચારથી વર્તનની પ્રક્રિયા થતી હોય છે.

**વિચારશક્તિ જ મહાન કાર્યોનો જનક**

સ્વામી વિવેકાનંદજી કહેતાં કે, જ્યાં વિચાર શક્તિ નિષ્ક્રિય થાય ત્યાં જીવન અધોગતિ પામે છે. અંધશ્રદ્ધાના વિચારો માણસના મગજને નબળું બનાવે છે. યુવાનોને અંધશ્રદ્ધાળુ બનાવવા કરતા વિચારશીલ નાસ્તિક બનાવવા વધુ સારું ગણાય. વિચારશક્તિ જીવંત હોય તો માણસ પાસેથી કંઈક મહાન બનાવી શકાય છે. આજે દેશને નબળા, ભયભીત અને દયનીય વિચારો ધરાવતા યુવાનોની જરૂર નથી. દેશને જોઈએ છે સાહસી, નિર્ભય અને દ્રઢ સંકલ્પ ધરાવતા યુવાનો. જેમના લોહીમાં તાકાત હોય, નસોમાં શક્તિ હોય અને મન મજબૂત હોય. યુવાનો તરીકે આપણી ફરજ છે કે અંધ અનુસરણ નહીં પરંતુ સમજપૂર્વકનો વિચાર કરીએ. સાચી શ્રદ્ધા તો વિચાર શક્તિ સાથેની શ્રદ્ધા છે. જ્યારે યુવાનો વિચારશીલ, આત્મવિશ્વાસુ અને કર્મનિષ્ઠ બને છે ત્યારે જ રાષ્ટ્ર મજબૂત બને છે.

**વિચાર બદલો, આદત બદલાશે**

યુવાનોએ અંધશ્રદ્ધાથી દૂર રહીને વિચાર શક્તિ વિકસાવવી જોઈએ. સાહસ, શક્તિ તથા સેવા દ્વારા રાષ્ટ્ર નિર્માણ કરવાનો સંકલ્પ કરવો જોઈએ. સંસ્કાર કે આદત બીજું કંઈ નથી, પણ લાંબા સમય સુધી કરેલા વિચારોનું પરિણામ છે. જૂના વિચારો આદત બનાવી શકતા હોય તો નવા અને હકારાત્મક વિચારો તે આદતને બદલી પણ શકે છે. મુશ્કેલી બહાર નથી, આપણા વિચારો, શબ્દો અને વર્તનમાં છે. વિચાર બદલો તો આદત બદલાય છે. આદત બદલાશે તો આખું ભવિષ્ય બદલાશે.

**યુવાશક્તિઓનું ઊર્ધ્વીકરણ :**

યુવાવસ્થાને અસરકારક બનાવવા માટે યુવાશક્તિઓને કેટલીક પ્રવૃત્તિઓ દ્વારા ઊર્ધ્વગામી બનાવવાનો અભિગમ છે. યુવા શક્તિ માટે ઝવેરચંદ મેઘાણીએ લખ્યું છે કે, 'જેના ઘટમાં ઘોડા થનગને અને

આતમ વિંજે પાંખ, અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ' યુવાશક્તિના અગાધ પ્રવાહને સાચી દિશાની જરૂર છે. યુવાઓની આ શક્તિ જો ગેરમાર્ગે દોરવાય તો અધોગતિ ભણી ગરકાવ થઈ જવાની પૂરી દેહશત છે. પરંતુ તે શક્તિઓનું ઊર્ધ્વીકરણ કરીને યોગ્ય માર્ગે ઉપયોગ કરવા માટે સમાજમાં કેટલીક રચનાત્મક પ્રવૃત્તિઓ માટે યુવકોને અભિપ્રેરિત કરવા જોઈએ. જેમાં સંસ્કાર શિબિરો, વ્યક્તિત્વ વિકાસ શિબિરો, સાહસિક શિબિરો, યોગાસન-પ્રાણાયમ શિબિરો, રમત-ગમત પ્રવૃત્તિ, સ્કાઉટ-ગાઈડ તાલીમ, નાગરિક સંરક્ષણ તાલીમ, ટ્રાફિક નિયમન તાલીમ, સામાજિક સેવા પ્રવૃત્તિ, અખાડા પ્રવૃત્તિ, શસ્ત્ર તાલીમ વગેરે.

કેટલાંક રાજ્યો આવી પ્રવૃત્તિઓ માટે સભાનપણે પ્રયત્નો કરે છે. બજારે બજારે દીવાલો પર સૈનિક તરીકે ભરતી થવાના પોસ્ટરો લગાડવામાં આવે છે. તે જોઈને યુવકોની શક્તિમાં જોમ ચડે છે. ત્યાં નવી પેઢીને દેશદાઝના પાઠો ભણાવાય છે. ઊગતી પેઢીને નાની વયથી લડાયક તાલીમ અપાય છે.

ગૌરવવંતા બલિદાનોની યાદમાં શહીદદિન ઉજવાય છે. રાષ્ટ્રીય પર્વોની ઉજવણી વખતે શાળાઓમાં યુવાઓના ભાલે કુમકુમ તિલક કરીને માતૃભૂમિની રક્ષાના સોગંદ લેવડાવાય છે. આવી રીતભાતથી યુવાપેઢી પોતાના આયુષ્યને અપૂર્વ ખુમારી અને ગુંજનથી ભરી દે છે. આવા યુવકો પાસે માતૃભૂમિ સ્વરક્ષાની આશા રાખે છે.

બીજી બાજુ દૃષ્ટિ કરીએ તો યુવાધન વેડફાઈ રહ્યું હોય તેવું પણ લાગ્યા કરે ! પોતાના સમય અને શક્તિ સમય બરબાદ કરનારા યુવાનો પણ છે. ટહેલ-ટપ્પાં, વાણીવિલાસ, ભાંગફોડિયા પ્રવૃત્તિમાં અટવાઈને જાહેર જીવનમાં બાધારૂપ બનનારો પણ એક યુવા વર્ગ હોય છે. વ્યસનોનો ભોગ બની, આળસુ બનીને પડી રહેનારા, જીવનની ગંભીરતા ન સમજનારા, સમય-શક્તિનો દુર્વ્યય કરનારા યુવકોને ઉપર દર્શાવેલી પ્રવૃત્તિઓ તરફ અંગુલિનિર્દેશ કરી શકાય.

**યુવા શક્તિના ઊર્ધ્વીકરણ માટેની પ્રવૃત્તિઓ**

સંસ્કાર શિબિરો. દર સપ્તાહ, દર પખવાડિયું, દર માસની મુદ્દતે આવી શિબિરો ગોઠવી શકાય. જેમાં સંસ્કાર સિંચન, સંસ્કૃતિથી યુવકોને પરિચિત કરી શકાય. એ દરમિયાન સદ્‌વાચન, યોગાસનો, પ્રાણાયામ, સૂર્યનમસ્કાર, સતસંગ, ધૂન-ભજન, શ્લોકગાન વગેરે કરાવી શકાય. તે માટેની દિનચર્યા અગાઉથી આપી દેવી અને તેની સાથે સંસ્કૃતિ વણી લેવી. જેમાં ચર્ચાસભાઓ-અગાઉથી વિષય આપીને તેના પર ચર્ચા થાય. શિબિર દરમિયાન સાંજના સમયે રમત-ગમતની પ્રવૃત્તિઓ થાય. રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમો, જેમાં સંસ્કારોનું જતન થાય.

**વ્યક્તિત્વ વિકાસ શિબિરો.**

અહીં યુવકોમાં વ્યક્તિત્વ ખીલવવાનો હેતુ છે. જુદી જુદી પ્રતિભાઓના પ્રવચનો દ્વારા વ્યક્તિત્વની છણાવટ થાય. આ શિબિરમાં સાહિત્ય/કલા/રમત-ગમત/સાહિત્યિક ક્ષેત્રે આદર્શ જીવનચરિત્રો પર ચર્ચા કરવામાં આવે.

**સાહસિક શિબિરો.**

યુવાનોમાં સાહસવૃત્તિ ખીલવવાનો હેતુ છે. દરિયાખેડાણ દ્વારા વિશાળ જલધિ પર વિહાર કરવાથી મનની વિશાળતા અને સાહસ ખીલે છે. પર્વતારોહણ દ્વારા ઊંચે કપરું ચઢાણ સર કરવાની તાકાત આવે. યુવકોની શક્તિઓનું ઉર્ધ્વીકરણ થાય. વન-જંગલોનું વિચરણ કરવાથી નીડરતા, વન્યજીવનના ગુણો જાણવા મળે. તરણસ્પર્ધાઓથી પાણી માપવાની અને તરવાની તાકાત કેળવાય.

**રમત-ગમત પ્રવૃત્તિઓ.**

સવાર-સાંજના સમયે રમત-ગમતના કૌશલ્યો કેળવવાની પ્રવૃત્તિ સારી છે. જેનાથી યુવાનોનું શરીર ખડતલ અને દીર્ધાયુષી બને. તેમની શારીરિક, માનસિક, બૌદ્ધિક શક્તિ વધે. શરીર અને બુદ્ધિના સંયોગથી કેટલીક રમતો વડે શરીર અને બુદ્ધિનો વિકાસ રૂંધાતો અટકે. યુવકોનાં વેંતિયાં શરીર ન રહેતાં ગંજાવર અને ખડતલ બને. તેમનામાં જોમ, સ્ફૂર્તિ, ધગશ, એકાગ્રતા, સાહસ, ધૈર્ય, પરાક્રમ જેવા ગુણો ખીલે. જીવનમાં નિરાશા ત્યજાય, હાર-જીત સ્વીકારવાનું શીખવા મળે. સમૂહભાવના ખીલે, શરીર અને મન બંને કેળવાય.

**સ્કાઉટ-ગાઈડ તાલીમ.**

આ તાલીમથી યુવકોમાં આત્મવિશ્વાસ, દૃઢસંકલ્પશક્તિ, નિર્ણયશક્તિ, નિરીક્ષણશક્તિ, કુદરતી તત્ત્વોનું અવલોકન, ભલું કાર્ય કરવાની ભાવના ખીલે. આ જીવનલક્ષી પ્રવૃત્તિ છે. જેના વડે કેમ્પભાવના કેળવાય, સ્વાશ્રયના પાઠો ભણાય, નીડર બનાય. ભયાનક જંગલો, ઉન્નત પહાડો, બિહામણા પ્રસંગોમાંથી પસાર થવાનું. અજાણી પરિસ્થિતિમાંથી માર્ગ કાઢતા શીખાય. ગમે તેવી પરિસ્થિતિનો સામનો કરવાનો ગુણ ખીલે. પ્રતિકૂળતા વચ્ચે પણ ઉલ્લાસનો સંચાર કરીને વિચરવાનું. ડૉક્ટર આવતા પહેલાં...! પ્રાથમિક સારવારની તાલીમ મળે.

**નાગરિક સંરક્ષણ-તાલીમઃ**

લડાઈ વખતે દરેક નાગરિકને એલર્ટ રાખવાનો હેતુ છે. દેશની આવી પરિસ્થિતિ વખતે રાતના જાગવું, પહેરો ભરવો, ઘવાયેલી વ્યક્તિને પ્રાથમિક સારવાર આપવી, લોહી આપવું. જેથી રાષ્ટ્રીય સેવાની ભાવના ખીલે. ભારતીય નાગરિક તરીકે સંરક્ષણ માટે જાગૃત રહેવાય. અચાનક અકસ્માત વખતે સારવાર, સેવા આપવી. લોકકલ્યાણના કાર્યોમાં યુવાઓની શક્તિ અને તાલીમનો ઉપયોગ થાય. તેમાં જુડો અને કરાટે જેવી પ્રવૃત્તિઓથી સ્વરક્ષણની તાલીમ અપાય છે, અને પૂરક ગ્રામરક્ષકદળ અને હોમગાર્ડ્ઝની તાલીમ અપાય છે. જાહેર તહેવારો કે પ્રસંગોએ અસામાજિક તત્ત્વોથી રક્ષણ આપવામાં સહાયક બની શકાય છે.

**ટ્રાફિક નિયમન તાલીમઃ**

ભારે ટ્રાફિક વખતે વારંવાર થતા અકસ્માતો સામેના રક્ષણનો હેતુ છે. ભરચક વાહન-વ્યવહારવાળા સ્થળે વાહનોનું નિયમન કરવાની એક સમાજસેવા થાય. વાહનવ્યવહારના નિયમોથી માહિતગાર થવાય. વાહનવ્યવહાર સરળ બનાવી શકાય, જીવલેણ અકસ્માત નિવારી શકાય.

**સામાજિક સેવા પ્રવૃત્તિઓઃ**

વૃક્ષારોપણ, ગ્રામસફાઈ, પ્રૌઢશિક્ષણ જેવી સેવાઓ યુવકો આપી શકે. દવાખાનાઓમાં રોગીઓની સેવાઓ, ટિફિન પહોંચાડવાની સેવાઓ કરી શકાય. નબળા વિદ્યાર્થીઓને તેજસ્વી વિદ્યાર્થીઓ ફ્રી કોચીંગ આપી શકે. શહેરને સ્વચ્છ બનાવવાના કાર્યક્રમો હાથ ધરી શકાય. ગંદા વિસ્તારોની મુલાકાત લઈને સરકાર દ્વારા આવી યોજના મેળવીને દવા છંટકાવની પ્રવૃત્તિ હાથ ધરી શકાય. ગ્રામોદ્ધાર, વ્યક્તિઉદ્ધારના કાર્યક્રમો યોજી શકાય. શ્રમકાર્યો દ્વારા નિઃસ્વાર્થ સેવા કરીને પરોપકારની ભાવના કેળવી શકાય.

અખાડા પ્રવૃત્તિ. સશક્ત પેઢીઓનું ઘડતર કરવાનો હેતુ છે. યુવાનોમાં શક્તિ, બહાદુરી અને બુદ્ધિની વિશાળતા ખીલે. જોમ, જુસ્સો અને શરીરનું કૌવત દાખવવાની તક મળે. દેશના યુવકોમાં આવી પ્રવૃત્તિઓમાં રસ જગાડવાનો છે. આ પ્રવૃત્તિથી અજાણ હોય તેવા યુવાઓને જ્ઞાત કરવા. 'આજે અખાડા વેરાન છે, થિએટરો ઉભરાય છે.' ત્યારે સ્થાનિક અને સરકારી તમામ સંસ્થાઓ મારફત અખાડા પ્રવૃત્તિને મદદ અને નિભાવની જરૂર છે.

**શસ્ત્ર તાલીમ.**

ભારતીય નાગરિકને સંરક્ષણ અને સ્વરક્ષણ માટે જાગૃત કરવાની આ પ્રવૃત્તિ છે. પોતાની શારીરિક અને બૌદ્ધિક-શક્તિનો ઉપયોગ થાય. એન.સી.સી. દ્વારા સૈનિકની તાલીમ મળે. મિલીટરી અને રાઈફલ તાલીમ સ્કૂલ્સ દ્વારા તાલીમ અપાય. યુવાનો હિંમતબાજ, ખડતલ અને એકાગ્ર બને. શસ્ત્રો ચલાવતા શીખે, શસ્ત્રોની ટેક્નિક જાણે.

યોગાસન-પ્રાણાયામ શિબિરો. બહિર્મુખ શક્તિઓને અંતર્મુખ બનાવીને સર્જનાત્મકતા પ્રાપ્ત કરવાનો હેતુ છે. કસરતથી શરીર ખડતલ-સુદૃઢ બને, યોગાસન-પ્રાણાયામથી મનની શાંતિ મળે. મૂળ વૈદિક સંસ્કૃતિનો વારસો જળવાય. નાડીશુદ્ધિ, ચિત્તશુદ્ધિ થાય છે અને કલ્યાણનો માર્ગ સાંપડે. પ્રાણ એ જીવન છે. પ્રાણનું નિયમન એટલે આયુષ્યવૃદ્ધિ, લોહીશુદ્ધિનો ઉદ્દેશ છે.

શિક્ષણ સંસ્થાઓ પણ સહઅભ્યાસક પ્રવૃત્તિ દ્વારા આવી પ્રવૃત્તિઓમાં યુવાઓને રસ લેતા કરી શકે. શિક્ષણના સમય સિવાય આવી પ્રવૃત્તિઓનું આયોજન કરી શકાય. યુવકો આવી પ્રવૃત્તિઓમાં રસ લેતા થાય તે હેતુસર રજાઓમાં યુવક-સેવા અને સાંસ્કૃતિક વિભાગ, ગાંધીનગર દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે.

મો.૯૪૨૬૮૫૧૨૯૦

## ૦૪ જીવનસૂત્ર : આનંદયાત્રા ભણી...

**ડો. દિનુ ચુડાસમા**

---

ગુજરાતી ગઝલકાર વાસી અબ્બાસ અબ્દુલ અલી- ઉપનામ 'મરીઝ' પણ જેણે ગઝલ સ્વરૂપને તંદુરસ્ત કરી આપી છે. એમણે એક પંક્તિમાં જીવવાનો મંત્ર આપ્યો કેઃ

**'જિન્દગીને જીવવાની ફિલસૂફી સમજી લીધી;**
**જે ખુશી આવી જીવનમાં આખરી સમજી લીધી.'**

જીવનને નિરામય રાખવાની આ એક સહજ જીવની છે. આને આપણે અદ્યતન મંત્ર પણ કહી શકીએ. જાપાનની ઝેનધારા પણ ક્ષણનો સ્વીકાર,આવકાર,સાક્ષાત્કાર કરી જીવનને ઉત્સવ બનાવવાનું જ દર્શન આપે છે. પળમાં-ક્ષણમાં જીવતાં આવડી જાય તો ? દાર્શનિક સુભાષ ભટ્ટ કહે તેમઃ **'અર્થપૂર્ણ પળ - સમગ્રતાથી જીવાયેલી પળ જ વિસ્તરીને અર્થપૂર્ણ સદી બને છે.'**

પળેપળનું આધ્યાત્મિક મૂલ્ય એટલે શુ? જવાબ આ રહ્યોઃ ક્ષણેક્ષણમાં જીવનનો સ્વીકાર-આયુષ્ય વર્ષોમાં નહીં પણ જીવંત પળોનો સરવાળો છે. સમયની જીવંતતા એટલે કઈ ક્ષણ-પળ આપણે પરમ તરફ લઈ ગઈ એનું જાગરણ. કયો સમય માણસાઈ તરફ ડગ રાખવાનું આહ્વાન આપી ગયો. કઈ સેકન્ડના હજારમાં ભાગે ભીતરના લય સાથે સંવાદિતા કરી આપી - જડ બની ગયેલ સંવેદનાઓને ચૈતન્યનો સંસ્પર્શ આપ્યો...ગંગાસતીના શબદમાં કહું તો- 'વીજળીને ચમકારે મોતી પરોવવા'ની ક્ષણ એ જ માણસના જીવનની સંવેદનશીલ અખિલાઈ, પળની સાર્થકતા ધન્યતાની અનુભૂતિ જ 'ભજન' બને છે. આ 'ભજન'ને જે ભજે-જીવે તે 'ભજનિક'-પ્રીતમ કહી ગયોઃ ભજન થકી ભવ તરવું રે.. પેલેપાર જવાની પળ હોય જેને સમગ્રતાથી આત્મસાત્ કરવી પડે છે.

પળેપળ જીવનને જીવવું-પામવું એ જ તો આધ્યાત્મિકતાનું મૂળ છે. આપણે જીવનને પામતા નથી માપતા હોઈએ છીએ. ભજનમાં પણ ગણિત,નામસ્મરણ પણ આંકડામાં કેદ હોય,જાણે બધું જ જોખી,માપીને,ગણત્રીપૂર્વકનું જીવન જીવીએ છીએ! એટલે જ તો ક્ષણ-પળ ચૂકી જવાય છે.

જે આનંદની મોજની ઘડી સર્જાણી, પ્રસન્નતાની પળ પાકી એ સમયને સાંગોપાંગ જીવી લેવાની ઘટનાની વાત 'મરીઝ' કરે છે. સરળતાથી સંવેદીએ તો જે ક્ષણે મેઘધનુષ પ્રગટે એ ક્ષણ ચૂકવી નહીં..એ રંગદાનીમાં ઓગળી જવું. ફૂલોની સૌરભને ઘ્રાણેન્દ્રિય વાટે નસેનસમાં ઊતારી લેવી, પુષ્પરંગોને હૃદયવાટિકામાં એકરૂપ કરવા. પક્ષીઓના કલરવને કાન વાટે શરીરમાં સંવાદિત કરવાનો રોમાંચ કે પાછલી રાતની ખટઘડીએ જાગીને શાંતિમાં બેસવું.ધીમે ધીમે પરોઢ થાય..અંધારું આઘું ધસી,અજવાળું પ્રસરે એ સંધિક્ષણને સ્થિર બેસી જઈ આપણામાં ઉતારી લેવી. સાંજના ગેરુઆ રંગોમાં પરમની કૃપા પ્રગટે એની અનુભૂતિ કરવી. બપોરનો કોકરવરણો તડકો, ગ્રીષ્મમાં તડકો કંઈ વિશેષભાવ જન્માવે છે.

પ્રકૃતિની અનુભૂતિ માણસમાં સહજતા, સંવેદના, ધીરજ અને શાંતિનું ઉમેરણ કરી આપી..હૃદયરાગની સમુદ્ધિ વધારી આપે છે. પરમેશ્વરની આ પ્રસન્નતા પામવા-માણવા માટે માણસનું મન પરિશુદ્ધ હોવું જોઈએ. માણસની જીવનસાધના થકી પવિત્રતાની માત્રા વધે એટલે એ ક્ષણે-સમયે ઊર્જાની ગતિ સ્થૂળથી સૂક્ષ્માતિસૂક્ષ્મ બને છે. ક્ષણેક્ષણમાં જીવનનો સાક્ષાત્કાર જ પરમાનંદ. પળેપળનું પરિવર્તન પામતી ભવાટવિને ભીતર પલાઠી મારી નીરખવી એને તો નરસિંહ 'નીરખને ગગનમાં' કહે છે. જીવનનું સૌન્દર્યપણું, સમગ્રતા, સંવાદિતા જીવનલયમાં ઐક્ય પામેલી હોય છે. આ એકરૂપતા ભીતરના લયથી પમાતી હોય છે.

જીવન વર્ષોમાં ગણવું નહીં એ તો પળેપળની અનુભૂતિ છે. સૂફીધારાના ફકીરો એમ માને છે કે, પૃથ્વી પર માનવજાતના જેટલા શ્વાસ છે તેટલા જ પરમનો સાક્ષાત્કાર કરવાના મારગ છે. આ ક્ષણ,શ્વાસને દાર્શનિક સુભાષ ભટ્ટ આ રીતે સ્પષ્ટ કરે છેઃ 'ક્ષણમાં ઝબકાર છે અને ક્ષણે ક્ષણે ઝબકાર છે.' આ પળની અનુભૂતિ કરતા રહેવાની સાધનામાં નિમગ્ન થવું જીવતરની સાધના છે.

મો.૯૯૭૯૧૮૭૫૮૭

## ૦૫ કથા આશા અને વિકાસની : ત્રિપુટીની શિક્ષણ યાત્રા

**બિંદુ- પાર્થેશ**

---

NIOS એ એવા બાળકો માટેનો વિકલ્પ છે જે કોઈ કારણોસર ભણી ન શક્યા હોય, ઘરે રહીને ભણવા માંગતા હોય, વૈધિક શિક્ષણ અનુકૂળ ન હોય. જેણે હવે જાતે ભણવાનું છે. માટે જ પરીક્ષાના માળખાંમાં આટલું લચીલાપણું રાખ્યું છે. ઈચ્છો તેટલા વિષયની તૈયારી કરી પરીક્ષા આપો. મનગમતા વિષયો પસંદ કરી શકો. પરંતુ, શીખવામાં પડકાર (Learning Disability) અનુભવતા બાળકો જાતે ભણી શકે?

આશાને એની આ ત્રિપુટી - સવિતા, શ્રેયા અને જગદીશ માટે self-learning અશક્ય લાગ્યુ. પરિણામે પોતાના ઘરે પોતે જ ભણાવવાનું નક્કી કર્યુ. ડૉ.સ્વરૂપ સંપત રાવળે પોતાનું પીએચ.ડી. આ વિષય ઉપર જ કર્યું છે. શીખવામાં પડકાર અનુભવતા બાળકોને કેમ ભણાવવું? તે અંગે તેમણે આશાને ભણાવેલું. એ હવે કામમાં આવવાનું હતું.

'તારે જમીન પર' ફિલ્મના પાત્ર જેવા ત્રણ ત્રણ ઈશાન અવસ્થી હવે આશા પાસે હતાં. એ જ કારણે વિકાસે આ ત્રિપુટીને ગણિત, વિજ્ઞાન, ઇંગ્લિશ જેવા વિષયો છોડીને ગૃહવિજ્ઞાન, ભારતીય સંસ્કૃતિ, સમાજવિદ્યા, અર્થશાસ્ત્ર, હિન્દી, કૉમ્પ્યુટર જેવા સરળ સાત વિષયો લેવડાવ્યા હતા. જેથી કોઈ પણ પાંચ વિષયમાં ઉત્તિર્ણ થાય તો પરિણામ ઉત્તિર્ણનું મળે. બે વિષય તો પ્રેક્ટિકલવાળા હતા. તેમાં ઉત્તિર્ણ થવાની શક્યતા વધુ હતી.

આ ત્રિપુટીની શાળાનો સમય કંઈક આવો હતો, સવારે ૮:૦૦ થી ૧૧.૦૦ અને બપોરે ૨.૦૦ થી ૫.૦૦. આઠ વાગે આશા તેમને બે કલાક ભણાવે, પછી એક કલાક તેઓ લેસન કરે. બપોરે તેઓ બાજુના સાદરા ગામે હિન્દી, ગુજરાતી અને કૉમ્પ્યૂટર ભણવા જાય. આશાને શાળામાં રજા હોય તે દિવસે વધારે સમય આ ત્રિપુટીને આપતી. આશાની અને ત્રિપુટીની શિક્ષણયાત્રા મજાની પણ ખૂબ મહેનત ભરી હતી. એક પ્રકરણ ત્રણ-ત્રણ દિવસ ભણાવે. એ પછી પ્રશ્નોત્તરી થાય. ત્યારે ખ્યાલ આવે કે ત્રિપુટીના મગજમાં આ પ્રકરણ ઉતર્યું જ નથી. એટલે ફરી ભણાવવાનું! થાક્યા વગર, નિરાશ થયા વગર, ગુસ્સો કર્યા વગર.

આશા આ બાળકોને ભણાવવાનો સમય કાઢી શકે એ માટે કુંવરભાઈ તેની મદદ આવ્યા. કુંવરભાઈ આશા અને વિકાસની ખેતી સંભાળતા. દવા - ખાતર વગરની ખેતી કરવાની. તે ઉપરાંત ગામના માણસો અને પશુઓની આરોગ્યની જવાબદારી પણ તેમની. ઘણીવાર સવારના કચરા પોતાં તેઓ કરી આપતા. આશા ભણાવતી હોય ત્યારે જાણ્યે અજાણ્યે એ પણ શીખી રહ્યા હતા. તેમને આશ્ચર્ય થતું કે કામ કરતા કરતા હું જે શીખી લઉં છું તે આ ત્રણ કેમ શીખી નથી શકતા? કદાચ ઉંમર પણ કામ કરતી હોય શકે. બીજા વિષયનું તો ઠીક પણ જ્યારે ગૃહવિજ્ઞાન ભણવાનું હોય ત્યારે ત્રણેય સોળે કળાએ ખીલી ઊઠતા.

કપડાંનું શાસ્ત્ર ભણતી વખતે કાપડનાં વિવિધ પ્રકાર જાણે, સૂતર વણે, તો વળી ' ટાઈ એન્ડ ડાઈ ' શીખવા માટે કપડાંને વિવિધ રીતે બાંધી અને પછી રંગે. કપડું ક્યારે સુકાઈ તેની ઉતાવળે રાહ જુએ. જેવું કપડું ખોલે કે આશ્ચર્યથી આંખો પહોળી થઈ જાય. જેણે બાંધવામાં ભૂલ કરી હોય તેનું કપડું જોઈ બધાં ખૂબ હસે અને ઝગડે પણ ખરાં. ખોરાકની જાળવણી શીખતી વખતે સફરજનનો જામ, બટેટાની કાતરી જેવી વાનગીઓ બનાવી. મજાની વાત એ હતી કે આ એક

પણ વિષય આશા ભણી ન હતી. તેથી શીખવાનો આનંદ સૌથી વધુ એ મેળવી રહી હતી.

વિકાસે એવું વિચારેલું કે દર છ મહિને બે બે વિષયની પરીક્ષા આ ત્રિપુટી આપશે અને એ રીતે દોઢ વર્ષમાં પાસ થઈ જશે. પરંતુ જાણકારીના અભાવે પહેલી પરીક્ષા ચૂકી ગયા. પછીની પરીક્ષા સુધીમાં તૈયારી કરવાનો પૂરતો સમય મળ્યો તેથી એક સાથે ચાર વિષયની પરીક્ષા આપી. જેમાં ત્રણેય પાસ થઈ ગયાં ! હવે ભણવાનો આનંદ ઔર વધી ગયો. વચ્ચે આકરો ઉનાળો આવ્યો. વિકાસે છાશ કેન્દ્ર ચલાવવાની જવાબદારી આ ત્રિપુટીને સોંપી. અર્થશાસ્ત્ર અને ગૃહવિજ્ઞાન બંને સાથે ચાલ્યા.

એક વખત આશાની શાળાના બાળકોને દરિયાઈ પ્રકૃતિ શિબિર કરવા માટે બેટ દ્વારકાના ટાપુ પર આવેલ ડની પોઇન્ટ લઈ જવાનાં હતાં. વિકાસને સાથે જવાની અનુકૂળતા ન હતી. આશા તેના પર આધારિત ન રહે તેવો આશય પણ ખરો. આટલાં બાળકોને ટ્રેનમાં એકલાં લઈ જવાની હિંમત આશામાં ન હતી. મુશ્કેલી એ હતી કે બે વિદ્યાર્થીને રાત્રે ઊંઘમાં ચાલવાની ટેવ હતી. ચાલુ ટ્રેન દરવાજા બહાર નીકળી જાય તો? ત્રણ બાજુ દરિયો એવી કેમ્પ સાઈટના તંબુમાથી રાત્રે દરિયામાં એકાદ ઉતરી જાય તો? આ ડર આશાને હતો. એવી સ્થિતિમાં ઘરશાળાની સવિતા મદદે આવી. સવિતાએ સરસ રીતે આ જવાબદારી ઉપાડવામાં આશાને મદદ કરી. બાળકોને સાચવવાની તેની પાસે સારી આવડત હતી. અભિનય શિબિરમાં એકવાર આશા અને વિકાસને ચાલુ શિબિર દરમિયાન સામાજિક કામે બહાર જવાનું થયું. દિવસ દરમિયાનની જવાબદારી તો સ્વરૂપબેન અને નીમાબેને ઉપાડી લીધી. પણ રાત્રે છોકરીઓની જવાબદારી કોને સોંપવી? ત્યારે સવિતાએ જવાબદારી ઉપાડી. દર કલાકનો એલાર્મ મૂકી એ ઉઠે. દીકરીઓને ઓઢાડે, કોઈને પેશાબ કરવા જતાં ડર લાગતો હોય તો એ સાથે જાય. સવિતાની કામગીરી નજરો નજર જોનારે પછીથી હસતાં હસતાં આશાને કહ્યું હતું કે, 'હવે તારી જરૂર નથી. તારી સવિતા જ સરસ જવાબદારી ઉપાડી લે તેવી છે.' આવા સમયે આશા આનંદમાં આવી જતી.

આમ NIOSના આ ત્રણેય વિદ્યાર્થીઓની શિક્ષણયાત્રા જીવન શિક્ષણયાત્રા પણ બની રહી.

બાકી રહેલા ત્રણ વિષયની પરીક્ષા આપી. પરિણામ આવ્યું. ત્રણેય વિદ્યાર્થીઓ સાતેય વિષયમાં પાસ! ઉડીને આંખે વળગે એવા માર્ક ત્રણેયને ગૃહવિજ્ઞાનમાં હતા. આશા, વિકાસ અને ત્રિપુટી રાજી રાજી હતાં. દોઢ વર્ષના પ્રયત્નોના અંતે સંપૂર્ણ સફળતા મળી હતી.જગદીશ અને સવિતાના વાલી પણ પરિણામથી રાજી થયાં. એક શ્રેયાના વાલી આ પરિણામથી નાખુશ હતાં. કેટલાક લોકો એ તેમને સમજાવ્યા કે આપણા સંતાનો ૧૦ મું પાસ કરી શકે એવાં નહોતાં એની બદલે પહેલા પ્રયત્ને પાસ થયાં એ જ મોટી વાત કહેવાય.

તસવીર પ્રદર્શન અને હાઇકુસંગ્રહ

સ્વરૂપબેન, એક કામ કરીએ - જુલાઈની ૧૮, ૧૯, ૨૦મી સુધી તસવીર પ્રદર્શન યોજીએ. સાથે સાથે હાઇકુ સંગ્રહનું વિમોચન પણ કરીએ. પણ ઉદ્ઘાટન કાર્યક્રમ ૧૭મીએ તમારાં હાથે જ કરીએ.

વિકાસ અને સ્વરૂપબેન કોઈ પણ વાતમાં ઝટ એક મત ન થાય, મોટા ભાગે સામસામા આવી જાય. પણ આજે બંને એક મત થયા. સ્વરૂપબેને હસીને હા પાડી. સાંભળનાર સૌ ખુશ થયાં. કેતનભાઈ મોદી, નીરજભાઈ અને કાંચીબેને ફોટોગ્રાફી શિબિર દરમિયાન ખેંચાવેલ તસવીરોમાંથી સારી સારી તસવીરો પસંદ કરી તેનું પ્રદર્શન તૈયાર કરેલું. બાળકોએ લખેલાં હાઇકુ અને હાઇકુને અનુરૂપ બાળકોએ દોરેલાં ચિત્રોનો સચિત્ર હાઇકુસંગ્રહ કેતનભાઈ અને નીરવભાઈએ પુસ્તક સ્વરૂપે તૈયાર કર્યો. એક હજાર કોપી છપાવી. અમદાવાદની મશહૂર રવિશંકર રાવળ આર્ટ ગેલેરીમાં તસવીર પ્રદર્શન ગોઠવાઈ ગયું. ૧૭મી જુલાઈની

સાંજ આવી. આર્ટ ગેલેરી આગંતુકો,મહેમાનોથી ભરાવા લાગી. પોતે જ ખેંચેલા ફોટાનું પ્રદર્શન જોઈને બાળકોની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. પોતે જ લખેલાં હાઈકુ અને પોતે જ દોરેલાં ચિત્રોને જોઈ તેમના ચહેરા ખીલી ઊઠ્યાં.

ખાદીની સાડીમાં સજ્જ ડૉ.સ્વરૂપ સંપત રાવળ - મિસ ઈન્ડિયા - શિક્ષણવિદ્ ચહેરા પર માયાળુ સ્મિત સાથે આવી પહોંચ્યાં. આજે ફરી એક વખત ખાસ રાજપુરના બાળકો માટે છેક મુંબઈથી સ્વખર્ચે આવ્યા હતાં. તેમને જોતા જ બાળકો વીંટળાઈ વળ્યા. પહેલી વાર નજરે જોનાર લોકો આ મહાન સ્ત્રીને જોઈ રહ્યાં. રંગે ચંગે ઉદ્‌ઘાટન અને વિમોચન કાર્યક્રમ સંપન્ન થયો. બધાંને આઈસ્ક્રીમ પીરસાયો.

વિકાસ હાથમાં આઇસ્ક્રીમની કટોરી લઈ આશા પાસે આવ્યો. તેના ચહેરા પર અલગ જ ભાવ હતા. ચમચીથી આશાના મોંમાં આઇસ્ક્રીમ મુકતાં કહે, Happy Birthday, તમારા જન્મદિવસની કેવી ભવ્ય ઉજવણી કરી એ જોયું?

આશાની આંખ અને મોઢું આશ્ચર્યથી પહોળા થઈ ગયાં. એ કશું જ બોલી ન શકી. બે મહિના પહેલા જ્યારે પ્રદર્શનની તારીખો નક્કી થઈ ત્યારે ૧૮ ને બદલે ૧૭ જુલાઈ કેમ કરેલી એ આજે છેક એને ધ્યાને ચડ્યું. સ્વરૂપબેન પણ ખડખડાટ હસી પડ્યાં. આશાના માથે ટપલી મારતાં બોલ્યાં, ‘જોયું તારા વરે તારો જન્મદિવસ કેટલો સરસ ઊજવ્યો!’ આશાના રોમેરોમમાં આનંદ છવાઈ ગયો.

ત્રણ દિવસ તસવીર પ્રદર્શન રહ્યું. લોકો આવ્યાં, જોયું, વખાણ્યું. બાળકોના કામને દાદ આપી. કેટલાકે ઊંચી કિંમતે તસવીરો ખરીદી પણ ખરી. તસવીર પ્રદર્શનમાંથી જો કોઈને તસવીર ખરીદવી હોય તો તેના માટે ઓછામાં ઓછી કિંમત એક રૂપિયો રાખેલી. આ વિચાર વિકાસના મગજની ઉપજ હતી. ખરીદનારમાંથી કોઈએ ?૨૦૦ રૂપિયાથી નીચે એક પણ તસવીર ખરીદી નહોતી. આ આવકમાંથી તસવીર પ્રદર્શન અને હાઇકુ સંગ્રહ પાછળ થયેલો મોટાભાગનો ખર્ચ નીકળી ગયો.

કેતનભાઈ અને નીરવભાઈએ રાતોની રાતો જાગીને પ્રદર્શન અને હાઇકુસંગ્રહ તૈયાર કરેલાં. તેના માટે એક પૈસો નહોતો લીધો. મિસ ઈન્ડિયા પોતાનો પૈસો અને સમય ખર્ચીને આવ્યા. પરિણામે ખર્ચ ઓછો આવ્યો. આમ તસવીરકલા અને લેખનકલાના બે ભવ્ય સર્જનો બાળકોએ તૈયાર કર્યા. જેનું આશ્ચર્ય આજે પણ આશાને છે.

મો.૯૪૨૮૦૦૦૫૪૧

**સાચું કહું છું, તમને આયર્લેન્ડના કવિ જોન બોયલ ઓ’રાયલીની આ કવિતા બહું ગમશે...**

હું વિચારતો હતો કે ‘ખરું કલ્યાણકારી શું છે?’
ત્યાં કાયદો બોલ્યો, ‘વ્યવસ્થા,’
નિશાળ બોલી ‘જ્ઞાન,’
વિદ્વાનો બોલ્યા, ‘સત્ય,’
મૂર્ખે કહ્યું, ‘સુખ,’
યૌવન બોલ્યું, ‘પ્રેમ,’
ગુણીજનોએ ગાયું, ‘સૌંદર્ય,’
સ્વપ્નદ્રષ્ટા બોલ્યા, ‘સ્વતંત્રતા,’
સાધુ બોલ્યા ‘ઘર’,
સૈનિકોએ લલકાર્યું ‘યશ’,
દૃષ્ટા ઉવાચ ‘સમતા’ —
પણ મારું ગમગીન હૃદય બોલી ઊઠ્યુંઃ
‘ના, ખરો ઉત્તર ત્યાં નથી.’
ને ત્યારે મારા અંતરમાંથી
ધીમેથી એક અવાજ સંભળાયો :
‘દરેક હૃદયમાં વ્યાપ્ત
‘કરુણા’ જ સૌથી કલ્યાણકારી છે.’
ભાવાનુવાદક-ટપાલી- વિશાલ ભાદાણી

## ૦૬ માવતરની માવજત લેખ-૨ શ્રદ્ધા : બાળકના સંતુલિત વ્યક્તિત્વ વિકાસનું પાયાનું તત્ત્વ

**ડો. કૃણાલ પંચાલ**

ઝડપથી દોડતી આ જિંદગીમાં ભરોસો, વિશ્વાસ કે શ્રદ્ધા જેવા શબ્દો દિનપ્રતિદિન ઓછા અસરકારક બનતા જાય છે ત્યારે બાળકના સંતુલિત વ્યક્તિત્વ વિકાસ માટે શ્રદ્ધાનું પાત્ર હંમેશા હર્યુંભર્યું રહે એ આવશ્યક છે..!

બાળકના વ્યક્તિત્વને ઘણી બધી ઉપમા આપી શકાય. જો બાળકને નાજુક છોડ ગણીએ તો આ છોડના વિકાસ માટે યોગ્ય માટીની પસંદગીથી માંડીને હવા, પાણી, પ્રકાશ અને માવજત ખૂબ મહત્ત્વના બની રહે છે. આ સાથે બાળકને પ્રેમ, સુરક્ષા અને માર્ગદર્શન સમયાંતરે આપવા જ રહ્યા..! આ બધા જ તત્ત્વોમાં જે સૌથી પાયાનું તત્ત્વ છે તે છે શ્રદ્ધા.

શ્રદ્ધા એટલે માત્ર ધાર્મિકભાવ નહીં, પરંતુ વિશ્વાસ, સકારાત્મક દ્રષ્ટિ અને આંતરિકશક્તિ પરનો ભરોસો. બાળકના સંતુલિત વ્યક્તિત્વ વિકાસ માટે શ્રદ્ધા એક મૂળ આધારસ્તંભ છે. શ્રદ્ધા એટલે પોતાની ક્ષમતાઓ પર વિશ્વાસ, માતા-પિતા અને શિક્ષક પ્રત્યે વિશ્વાસ, જીવનમૂલ્યો પ્રત્યે આસ્થા, સારા કાર્ય અને સકારાત્મક પ્રયત્ન પર ભરોસો. જો બાળકમાં આટલો વિકસાવીશું તો તેના વ્યક્તિત્વ વિકાસમાં કોઈ ક્ષતિ નહીં રહે. ભારતીય શિક્ષણચિંતકોમાં બાળકોના વકીલ અને મૂછાળી મા શ્રી ગિજુભાઈ બધેકા બાળકના હૃદયમાં વિશ્વાસ અને સ્વતંત્રતા વિકસાવવા પર ભાર મૂકતા હતા. તેમનો મત હતો કે બાળક ભયથી નહીં, પરંતુ વિશ્વાસથી શિક્ષણ ગ્રહણ કરે છે. સ્વામી વિવેકાનંદ કહેતા કે "શ્રદ્ધા માણસને મહાન બનાવે છે."

બાળકના વ્યક્તિત્વ વિકાસમાં શ્રદ્ધાનું સ્થાન અનન્ય છે. વ્યક્તિત્વ વિકાસના મુખ્ય પાંચ પરિમાણો છે – શારીરિક, માનસિક, બૌદ્ધિક, સામાજિક અને આધ્યાત્મિક વિકાસ. શ્રદ્ધા આ બધાને સંતુલિત રાખે છે. શ્રદ્ધાથી આત્મવિશ્વાસનો વિકાસ થાય છે. જ્યારે બાળકમાં હું કરી શકું છું એવો ભાવ વિકસે છે, ત્યારે તે પડકારો સામે ડરતો નથી. માતા-પિતાની પ્રોત્સાહક વાણી અને શિક્ષકનો વિશ્વાસ બાળકમાં આત્મશ્રદ્ધા જગાવે છે.

શ્રદ્ધા દ્વારા બાળકમાં નૈતિક મૂલ્યોનું સંવર્ધન થાય છે. શ્રદ્ધા બાળકને સત્ય, અહિંસા, કર્તવ્ય અને સંવેદનાની દિશામાં દોરી જાય છે. મહાન વિચારકોના જીવનચરિત્રો, પ્રેરણાદાયક વાર્તાઓ અને દૈનિક જીવનના આદર્શો દ્વારા આ મૂલ્યો મજબૂત બને છે. શ્રદ્ધા બાળકોમાં ભાવનાત્મક સંતુલન માટે પણ ફળદાઈ છે. અતિ ચંચળ કે આવેગિક રીતે અસ્થિર જણાતું બાળક શ્રદ્ધા થકી સ્થિરતા પ્રાપ્ત કરી શકે છે. જે બાળકમાં શ્રદ્ધા હોય છે તે નિષ્ફળતા કે ટીકા સામે તૂટતો નથી. વધારે મજબુત બને છે. શ્રદ્ધાવાન બાળકમાં કોઈ પણ ભોગે જન્મતાની સાથે મજબુત મનોબળ પણ હોય છે. તે પરિસ્થિતિઓને શીખવાની તક તરીકે લે છે. આ ભાવનાત્મક સ્થિરતા સંતુલિત વ્યક્તિત્વ માટે અત્યંત જરૂરી છે.

શ્રદ્ધાવાન બાળક સામાજિક સુમેળ સાધી શકે છે. શ્રદ્ધા બાળકને બીજા પ્રત્યે સન્માન અને સહાનુભૂતિ શીખવે છે. શ્રદ્ધાવાન બાળક સહકાર, મિત્રતા અને જવાબદારીનું મહત્ત્વ સમજવા લાગે છે. બાળકને શ્રદ્ધાવાન બનાવવામાં માતા-પિતાની અને શિક્ષકની ભૂમિકા ખૂબ મહત્ત્વની છે. માતાપિતા ઘરમાં પ્રેમભર્યું વાતાવરણ, સકારાત્મક ઊર્જા, પ્રોત્સાહન, કાળજી અને માર્ગદર્શન આપે તો બાળક મક્કમ બને છે.

પ્રત્યેક માતાપિતાએ બાળકની ટીકા કરવાના સો કારણો જતા કરીને પણ તેને પ્રેમ અને પ્રોત્સાહન આપવાના એક એક કારણને શોધતા રહેવું જોઈએ. જરૂર પડ્યે તરુણ બાળકના માતાપિતાએ તેના મિત્ર બનીને માર્ગદર્શન આપવું. બાળકની સતત અન્ય સાથે તુલના અને નિંદા કરવાથી આત્મશ્રદ્ધા ઘટે છે. બાળક માટે આદર્શ વાતો ન કરતા આદર્શ બની બતાવીએ. માતા-પિતાની વાણી અને વર્તન બાળક માટે જીવંત પાઠ છે આ વાત સૌએ યાદ રાખવા

જેવી છે. બાળકના પ્રશ્નોને સ્વીકારીએ અને સરળ ઉકેલ આપીએ. બાળકના જિજ્ઞાસુ મનને દબાવીએ નહીં. તેને સમજાવીને વિશ્વાસ આપીએ.

બાળકને શ્રદ્ધાવાન બનાવવામાં શિક્ષકોની જવાબદારી માતાપિતા જેટલી જ વિશેષ છે. શાળા બાળકના જીવનનું બીજું ઘર છે. શિક્ષકનો એક શબ્દ બાળકનું ભવિષ્ય ઘડી શકે છે. શિક્ષક વિદ્યાર્થીની ક્ષમતાઓ ઓળખી તેને પ્રોત્સાહન આપે એ જરૂરી છે. શિક્ષક ભયમુક્ત અને સહાનુભૂતિપૂર્ણ વર્ગખંડનું નિર્માણ કરે. શિક્ષક બાળકને સફળતા સાથે નિષ્ફળતાનો સ્વીકાર શીખવે એ જરૂરી છે. શિક્ષક સહભાગી અને પ્રવૃત્તિ આધારિત શિક્ષણ દ્વારા આત્મવિશ્વાસ વધારવા પ્રયત્ન કરે તે મહત્ત્વનું છે.

બાળકમાં શ્રદ્ધા વિકસાવવા માટેના ઉપાયો ઘણા બધા છે. શાળા કે ઘરમાં રોજ પ્રેરણાદાયક વિચાર કે વાર્તાનો સમાવેશ રોજની પ્રવૃત્તિમાં કરીએ. પરિવાર સાથે પ્રાર્થના કે સંવાદનો સમય નક્કી કરીએ. 'હું કરી શકું છું' જેવા સકારાત્મક સંકલ્પ સાથે નાના લક્ષ્યો નક્કી કરી બાળકને સફળતાનો અનુભવ કરાવીએ. આજના ડિજિટલ યુગમાં તુલના, સ્પર્ધા અને પ્રદર્શનવાદ બાળકની આંતરિક શ્રદ્ધાને નબળી કરી રહી છે ત્યારે અતિશય દબાણ, પરિણામ કેન્દ્રિત અભિગમ અને સતત ટીકા બાળકને હતાશા તરફ દોરી જાય છે. બાળકનું માનસિક સંતુલન બગાડે નહિ એ માટે પણ શ્રદ્ધા જરૂરી છે. બાળકની પ્રગતિ પણ રહે અને માનસિક શાંતિ પણ એ બંને જરૂરી છે.

શ્રદ્ધા બાળકના વ્યક્તિત્વ વિકાસનું મૂળ બીજ છે. તે આત્મવિશ્વાસ, નૈતિકતા અને માનસિક સ્થિરતાનો આધારસ્તંભ છે. માતા-પિતા અને શિક્ષકો જો પ્રેમ, વિશ્વાસ અને પ્રોત્સાહનથી બાળકના હૃદયમાં શ્રદ્ધાનું બીજ વાવે, તો તે બીજથી સંતુલિત, જવાબદાર અને સંવેદનશીલ નાગરિકનું વૃક્ષ ઊગી શકે છે.

શીખવા જેવું : ભય બાળકને શિક્ષણ કરે છે પરંતુ શ્રદ્ધા ઊડવા માટે આકાશ આપે છે.

બાળદેવો ભવ
મો: ૯૪૨૯૨૯૭૭૩૭

**મડદું બનવાની સહેલી રીત (You Start Dying Slowly)**

બ્રાઝિલના કવયિત્રી માર્થા મેડીઓરસ

રખડીએ નહીં, વાંચીએ નહીં, જીવન-સંગીતને માણીએ નહીં, પોતાની જાતને વખાણીએ નહીં,
એમ મડદું બનાય છે ધીરે ધીરે ધીરે...
પોતાના આત્મ-સન્માનને હણી નાખીએ,કોઈનેય આપણી મદદે આવવા જ ન દઈએ,
એમ મડદું બનાય છે ધીરે ધીરે ધીરે...
પોતાની ટેવોના ગુલામ બનીએ,રોજ એકના એક ચીલે ચાલીએ, રોજની ઘરેડ તોડીએ નહીં, વિવિધ રંગના કપડાં પહેરીએ નહીં, કોઈ દી અજાણ્યાં જોડે વાત કરીએ નહીં
એમ મડદું બનાય છે ધીરે ધીરે ધીરે...
જેમાં હૃદય ધક ધક કરવા લાગે, ને આંખોમાં ચમકારો જાગે, એવી લાગણીઓના ઝંઝાવાતને જો રોક્યા કરીએ,
એમ મડદું બનાય છે ધીરે ધીરે ધીરે...
કામથી કે પ્રેમથી સંતુષ્ટ ન હોઈએ તોય જીવનમાં ફેરફાર કરીએ નહીં, અનિશ્ચિતતા માટે ઘેરથી બહાર નીકળવાનું જોખમ વ્હોરીએ નહીં, કોઈ સપના પાછળ દોડીએ નહીં, જીવનમાં એકાદ વખત પણ કોઈની ડાહી-ડમરી સલાહથી ભાગવા આપણી જાતને ઉશ્કેરીએ નહીં,
એમ મડદું બનાય છે ધીરે ધીરે ધીરે...

ભાવાનુવાદક ટપાલી – વિશાલ ભાદાણી

## ૦૭ વિજ્ઞાનકથા : પ્રતિકાર

**સંજય ચૌધરી**

---

દૂરથી આવતો અને વધતો જતો ખળભળાટ સંભળાતાં તે સફાળો જાગી ગયો અને ઘરના આગલા ભાગમાં આવેલાં તેના ડિજિટલ રૂમમાં પ્રવેશ્યો. અર્ધ-વર્તુળાકાર દીવાલ પરના જુદા જુદા સ્ક્રિન તરફ જોવા લાગ્યો. તેમાં દૂર દૂર આવેલાં સંશોધન માટેનાં ખેતરોમાં ઊંચા ઊંચા અને કતારબંધ ગોઠવેલા વિવિધ પ્રકારના ક્યારા દેખાઈ રહ્યા હતા. કેટલાક ભાગ તરફ ઝીણવટથી જોવા માટે બોલીને આદેશ આપ્યો. તેને થયું કે બહાર આકાશમાં ખળભળાટ હજી વધી રહ્યો છે. તેણે રૂફટૉપમાંથી જોયું તો લાગ્યું કે કાળા ઘેરા વાદળોમાંથી આરપાર થવા માટે સૂર્યનાં કિરણો મથી રહ્યાં હતાં. ફરી માવઠું થશે કે શું ? વિવિધ ક્યારા પર ગોઠવેલા સ્પ્રિંકલર, ડ્રીપ તથા ફૉગર આપમેળે ચાલુ ના થાય તે માટે કંટ્રોલ ટર્મિનલના માઇકને ઑન કરીને તેણે કમાન્ડ આપ્યો. તરત જ વળતો મેસેજ આવ્યો, 'આજથી ત્રણ દિવસ માટે આ તમામ બૅડમાં પાણી નહીં આપવામાં આવે.'

પાંચ કિલોમીટર બાય સાત કિલોમીટરના સંશોધન માટેના ખેતર માટેની આગવી ડિજિટલ વૉલ પરના બધા જ સ્ક્રિન સામે જોઈ રહ્યો. વિવિધ છોડ પર ઇન્સ્પેકશન માટે બે દિવસ પહેલાં ઉતારેલા રોબોટ્સની ટીમ એકધારું કામ કરી રહી છે. કોઈ કોઈ રોબો વચ્ચે વચ્ચે બીજા સામું જોઈને ઇશારા કરી રહ્યા છે તો કોઈ કોઈ રોબો સતત પોતાનું કામ કરી રહ્યા છે. આ વિશાળ ખેતરના અલગ અલગ ભાગનું સ્ટેટસ વાંચવાને બદલે સાંભળવા માટે ટેક્સ્ટ ટુ સ્પીચ માટેનું બટન દબાવ્યું. એક પછી એક સૂચનાઓ સંભળાતી રહી. ત્યાં ઘરની ઉપરની બાજુએ એકદમ અવાજ વધી જતાં તેને થયું કે શું ડ્રૉનના પંખાનો ફરફરાટ છે ? કદાચ ખેતર પરથી ડ્રૉનનું ટોળું પસાર થઈ રહ્યું હોય. અવાજ એકદમ વધતો ગયો. તે આકાશને વિવિધ ઍંગલથી દેખાડતા સ્ક્રીનની નજીક ગયો. તેણે ધ્યાનથી જોયું તો દેખાયું કે તેના ઘર ઉપર જ ડ્રૉન ઊતરી રહ્યાં છે. તેણે કંટ્રોલ સ્ક્રીન પર જોયું તો સંદેશો ઝબકી રહ્યો હતો, "તમે તાત્કાલિક ઘરની બહાર આવો." તે જરા ચોંકી ગયો. હજી ડગલુંય ભરે તે પહેલાં તો મોટેથી સૂચના સંભળાઈ, "વિનાવિલંબે ઘરની બહાર આવીને દરવાજાની સામેના કિયોસ્ક પાસે ઊભા રહો."

તે રઘવાયો થઈ ઘરની બહાર આવ્યો અને ઉપર જોયું તો સહેજ ગભરાઈ ગયો. તે મનમાં ને મનમાં બોલી ઊઠ્યો, "આ ડિસ્ટ્રિક્ટ રોબો આજે અહીં ક્યાંથી ?" તે તાકીને ઉપર જોઈ રહ્યો.

એક મહાકાય ડ્રૉન પર ડિસ્ટ્રિક્ટ રોબો ઊભો હતો અને તેની આસપાસ વર્તુળાકારે બારેક ડ્રૉન ઊભા હતા. તે દરેક ડ્રૉન પર રોબો કૉપ ઊભા હતા. ડિસ્ટ્રિક્ટ રોબોએ પોતાના ડ્રૉનને નીચું કર્યું, તેના મકાનના ધાબાની સપાટીએ લાવીને ઊભું રાખ્યું. તેની સાથે સાથે તમામ બારેય ડ્રૉન નીચે આવ્યા. તેમના પંખાના ફરફરાટથી જમીન પરનાં પાંદડા વગેરે ઊડવા લાગ્યું. ડિસ્ટ્રિક્ટ રોબોએ તેની સામે તાકીને જોયું અને તેના ઘેઘૂર અવાજમાં જણાવ્યું,

"મહાશય, તમે કેમ વારંવાર પ્રોટોકોલનો ભંગ કરો છો ? તમને અગાઉ એક નહીં બે વાર ફાઇનલ નોટિસ આપવામાં આવી છે. છતાં પણ, તમે કેમ સમજતાં નથી?" તે ડિસ્ટ્રિક્ટ રોબોની આંખમાં આંખ મિલાવીને જોઈ ના શક્યો. ડિસ્ટ્રિક્ટ રોબોએ તેનો અવાજ થોડોક હળવો કરીને કહ્યું, "જુઓ, તમને કૃષિક્ષેત્રે સંશોધન માટે રાષ્ટ્રપતિ દ્વારા બે વાર સર્વોચ્ચ એવોર્ડ મળ્યા છે. બંને વાર તેમના વતી એવોર્ડ એનાયત કરવા માટે હું જ ખાસ આવ્યો હતો.

પણ...'' થોડીક વાર અટકીને બોલવાનું ચાલુ રાખ્યું,

"મારી સામે જુઓ. તમે શા માટે આ રીતે ફિલ્ડ રોબો સાથે બિનજરૂરી વાત અને ઇશારા કર્યા કરો છો ? તમને તો ખબર છે કે માણસો સાથે વાત કરતા રોબોના તમામ સંદેશા તેમ જ ચહેરાના કે શરીરના કોઈ પણ ઇશારાનો અર્થ અમારી સિસ્ટમ થોડીક જ સેકંડમાં પકડી પાડે છે.''

તે કંઈક બોલવા માગતો હતો પણ ડિસ્ટ્રિક્ટ રોબોનો તંગ ચહેરો અને ગુસ્સાભરેલી આંખો જોઈ બોલી ના શક્યો અને બે ડગલાં પાછો પડી ગયો.

"ડૉ. રુદ્રદત્ત, તમે આવું ફરી કરશો તો હું આવું કે ના આવું અને માત્ર મારો એક આદેશ જ પૂરતો છે. આ બારમાંથી કોઈ એક જ આવશે. આસપાસના વિસ્તારમાં નિયમ કે પ્રોટોકૉલનો ભંગ કરનાર સાથે તેમણે શું શું કર્યું છે તેની તમને જાણ નથી ?''

બાકીના બારેય રોબો કૉપને ઉપર ઊડવાનો ઇશારો કર્યો અને સહેજ હળવેથી બોલ્યો, "ડૉ. રુદ્રદત્ત, તમને ક્લાઈમેટ રેસિસ્ટન્સ ટિસ્યૂ કલ્ચરના સંશોધન માટે અહીં મૂકવામાં આવ્યા છે. તેને આગળ વધારો ને ! આખા બ્રહ્માંડને તેની જરૂર છે.'' કોણ જાણે કેમ પણ ડ્રૉનનું ટોળું આવ્યું ત્યારના તેના પંખાના અવાજ કરતાં તેઓ ઉપર ઊડ્યા ત્યારે અવાજ વધારે ખળભળાટ કરતો ગયો તેવું તેને લાગ્યું.

તે ત્યાં જ ઊભો ઊભો વિચારવા લાગ્યો. શું છેલ્લા થોડાક દિવસ દરમ્યાન તેણે ફિલ્ડ રોબો સાથે કરેલી વાતો તથા કંટ્રોલ ટર્મિનલ પરથી જે સંદેશાઓ મોકલ્યા હતા તેના કારણે ડિસ્ટ્રિક્ટ રોબો તેની ટીમ લઈને આવ્યો હતો ? અને તે પણ આ રીતે વાત કરવા માટે ?

★★★

થોડા મહિનાથી તે અકળાયેલો રહેતો હતો. છેલ્લાં કેટલાંક વર્ષોથી લગભગ ચારસો ચોરસ કિમીના આ વિસ્તારમાં તે અને તેનો મિત્ર જ રહેતા હતા. અગાઉ તો કંટ્રોલ ટર્મિનલ પર તેના મિત્રના કોઈ કોઈ વાર સંદેશા આવતા રહેતા હતા. જો કે તમામ સંદેશા એડિટ થયેલા હતા. ત્રણ-ચાર મહિનાથી તેના મિત્રનો એક પણ સંદેશા આવી નથી રહ્યો ! શું થયું હશે તેનું ? કે પછી તે પણ ચાલી નીકળ્યો હશે બીજી કોઈ ગેલેક્સી પર કાયમી વસવાટ કરવા માટે ?

ત્રણેક દિવસ પહેલાં ફિલ્ડ રોબો આવ્યો હતો. તેને માટે એક મહિનાના ખાવાપીવાનો માલસામાન તથા દવાઓ લઈને. તે અચાનક જ પૂછી બેઠો, "અરે યાર, ત્રણેક વર્ષ પહેલાં તો અમને છૂટ હતી આસપાસના વિસ્તારમાં ફરવાની. હવે તો મારા ખેતરોની બહાર પણ નથી નીકળી શકતો. જેવો મારા મિત્રને ત્યાં જવા માટે ખેતર બહાર જવા પગ મૂકું છું કે તરત જ રોબો કૉપ તેના ડ્રૉન પર પ્રગટ થઈ જાય છે અને ચેતવણી આપે છે, "તમારા માટે બહાર જવું સુરક્ષિત નથી. તમારા કેમ્પ્સની અંદર જતા રહો.''

ફિલ્ડ રોબો તેની સામું જોતો રહ્યો. થોડીક વારમાં બે રોબો કૉપ અલગ અલગ દિશામાંથી પસાર થઈ ગયાં. "મને ખબર છે, તું કશું નહીં બોલે. આજ સુધી તું કશું ખાસ બોલ્યો નથી. માત્ર કામથી કામ. સાવ જ રોબો ! થોડા મહિના પછી તો તારો વિસ્તાર પણ બદલાઈ જશે. તારી બદલી થાય તે પહેલાં થોડીક મદદ તો કર મને.''

"તમને બધી જ ખબર છે, ડૉ. રુદ્રદત્ત. પૃથ્વી પરનાં લગભગ બધાં જ કામ હવે રોબો કરે છે. જે પણ માણસનાં બધાં કામ રોબો કરતા થઈ જાય તે માણસનું શું થાય છે તે કોણ નથી જાણતું ?''

તે થોડો ઢીલો થઈ ગયો. તેની પાસે જઈને તેના ખભા પર હાથ રાખીને ફિલ્ડ રોબો બોલ્યો, "જુઓ, તમે ચિંતા ના કરો. તમે ક્લાઈમેટ રેસિસ્ટન્સ ટિસ્યૂ કલ્ચરના આધારે વિવિધ પાકનાં બિયારણો તૈયાર કરો છો તેનું જટિલ જ્ઞાન એગ્રીકલ્ચરલ રોબોની ચીપમાં હજી સુધી સેટ નથી થતું. આમ તો તમે આ બધું જાણો છો. આ માટેનો ટ્રેનિંગ ડેટા સેટ અને નૉલેજ ગ્રાફ એટલા જટિલ છે કે આર્ટિફિશિયલ ઇન્ટેલીજન્સનું કોઈ પણ એન્જિન તેને સંપૂર્ણ રીતે સમજી શક્યું નથી. બાકી આ રોબો સરકાર તમને પણ એક

દિવસ...'' તે બોલી રહે તે પહેલાં તેણે જોયું તો ઉપર ચાર રોબો કૉપ ધીમી ગતિએ તેમના ડ્રૉન પર બેસીને પસાર થઈ રહ્યા હતા. ફિલ્ડ રોબોએ તેમની સામું પોતાનો હાથ હલાવ્યો.

એકદમ ગંભીર બની જઈને ફિલ્ડ રોબો બોલ્યો, ''મારે એક ખાસ વાત કહેવી જોઈએ. અમારી રોબોની જનજાતિમાં મારા જેવા રોબો સૌથી જૂની ટેક્નોલૉજીના બનેલા છે. બાયોલોજિકલ મટિરિયલના વિકાસ પછી તો છેલ્લાં પાંચ-સાત વર્ષમાં બની રહેલા રોબોના શરીરના તમામ અંગો માણસોના શરીર જેવા છે અને તેમની માફક જીવન જીવે છે. તમે જે ખાસ અનાજની વેરાયટી તૈયાર કરો છો તેના આધારે આ રોબોનો ખોરાક તૈયાર થાય છે.'' સહેજ અટકી જઈને બોલ્યો, ''તેઓ યુવાન થશે એટલે એકમેક સાથે તથા જરૂર પડ્યે માણસો સાથે પણ સમાગમ કરશે. આ પેઢીના રોબો પોતે જ પોતાની વસતિ વધારતા જશે.'' થોડી વાર માટે બંને એકમેકની સામે જોઈ રહ્યા.

''ડૉ. રુદ્રદત્ત, તમે સમજી શકો છો કે આ નવી પેઢીના જૈવિક રોબોને અમારી જૂની પેઢીના મિકેનિકલ રોબોને સાચવવાનું નહીં ગમે.''

તે ફિલ્ડ રોબોને પૂછી બેઠો, ''ધ્યાનથી સાંભળ. તું કોઈક રીતે આ આખા વિસ્તારનું નેટવર્ક બંધ થઈ જાય તેવું ના કરી શકે ? માત્ર પંદરેક મિનિટ માટે. તેટલી વારમાં આ કેમ્પસમાંથી બહાર નીકળી જઈ ડોકીંગ સ્ટેશન પહોંચી જઈશ અને એકાદ ડ્રોનને ઍક્ટિવેટ કરી લઈશ અને પલાયન થઈ...''

તેને અટકાવીને ફિલ્ડ રોબો બોલ્યો, ''મને લાગે છે કે આપણી આ વાતોનો સારાંશ હેડ ક્વાર્ટરના કંટ્રોલ રૂમમાં પહોંચી ગયો હશે. મને આ બાજુ મોકલશે તો હું આવીશ. નહીંતર...'' તેટલું બોલતાં ફિલ્ડ રોબોનો અવાજ રડમસ થઈ ગયો. તે રુદ્રદત્તની સામું જોયા વિના તરત જ તેના ડ્રોનની ઝડપ વધારીને આકાશમાં અદૃશ્ય થઈ ગયો.

★★★

બેત્રણ દિવસ પછી તેની લેબના મોટા સ્ક્રીન પર વીડિયો ક્લિપ્સ જોતો હતો. તે યાદ કરી રહ્યો કોવિડ ૧૯ મહામારીના દિવસોને. તે દિવસોમાં તેનાં લગ્ન થયાં હતાં અને હનીમૂનના દિવસો બરાબર માણે તે પહેલાં જ કોવિડ મહામારીએ દુનિયાનો ભરડો લીધો હતો. તે પછીનાં દસેક વર્ષમાં તો મૅન્યુફેક્ચરિંગ, સપ્લાય ચેઇન, લોજિસ્ટિક્સ, તથા ટ્રાન્સપોર્ટેશન જેવાં ક્ષેત્રોમાં ડ્રૉન અને રોબોનો ઉપયોગ વધવા લાગ્યો હતો. તે પોતાની રિસર્ચ લેબમાં પણ જાતે એસેમ્બલ કરેલા રોબોનો ઉપયોગ કરવા લાગ્યો હતો. પ્લાન્ટ ટિસ્યૂના વિવિધ સેમ્પલો પર જાત જાતના કુદરતી રસાયણોનો છંટકાવ કરવા માટે ડ્રૉનનો ઉપયોગ કરતો અને રોબો વિવિધ ડ્રૉનનું સંચાલન કરતા. તેણે તૈયાર કરેલાં પ્લાન્ટ ટિસ્યૂ કલ્ચર આગવાં હતાં. એક દિવસ તે તેની રિસર્ચ લેબમાં કામ કરતો હતો ત્યાં તેની પર હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ મિનિસ્ટ્રીમાંથી ફોન આવ્યો, ''ડૉ. રુદ્રદત્ત, તમે બને તેટલા જલ્દી દિલ્હી આવો અને સેન્ટ્રલ એગ્રીકલ્ચરલ રિસર્ચ સેન્ટરના ડિરેક્ટર તરીકેનો ચાર્જ સંભાળી લો.''

★★★

તેનાં લગ્નના લગભગ બારેક વર્ષ પછી દીકરીનો જન્મ થયો હતો. તેને લઈને ફરવા નીકળે ત્યારે ઠેર ઠેર જોવા મળતા રોબો દીકરીને દેખાડતો. ટ્રાફિક જંકશન પર ઊભેલા ટ્રાફિક રોબો, આઇસક્રીમ વેચતા રોબો, બગીચામાં બાળકોની ટ્રેન ચલાવતા રોબો, સલૂનમાં નાના બાળકોના વાળ કાપતા રોબો, વિમાન ઉડાડતા રોબો. દીકરી કાલીઘેલી ભાષામાં પૂછતી રહેતી, ''ડેડી, આ બધા રોબોના મમ્મી પપ્પા ક્યાં છે?''

તે વખતની સરકારોને માણસોની વફાદારી તથા કાર્યક્ષમતા પ્રત્યે અવિશ્વાસ વધતો ગયો હોય કે કેમ પણ ડિફેન્સ, લૉ એન્ડ ઑર્ડર, સંશોધન, ટ્રાન્સપોર્ટેશન વગેરે ક્ષેત્રોને લગભગ રોબોના હવાલે જ કરી દીધાં હતા. થોડા થોડા દિવસે ટીવી તથા સોશિયલ મીડિયાની ચેનલો પર એક જ વાતની ચર્ચાઓ ચાલ્યા કરતી. આર્ટિફિશિયલ ઇન્ટેલીજન્સના જમાનામાં કંપનીઓ વિવિધ ક્ષેત્રોનાં કામો માટે અલગ અલગ પ્રકારના વિશિષ્ટ રોબો તૈયાર કરી રહી છે. જે તે ક્ષેત્રનું જ્ઞાન રોબોની ચીપ્સમાં ઠાંસી ઠાંસીને

ભરવામાં આવી રહ્યું છે. ટૂંક સમયમાં રોબો માણસોની માફક જ બોલતા થઈ જશે તથા પોતે જ પોતાને રિચાર્જ કરી શકશે. તેમને માણસો પર ખાસ આધાર રાખવો નહીં પડે.

તેની દીકરીના શાળા પ્રવેશની ઉજવણી માટે તે ત્રણેય જણા મંગળ પર જઈ આવ્યા હતા. તે અવકાશયાનને ઉડાડનાર રોબો વિશે તેની દીકરીએ પૂછ્યું ત્યારે તેણે કહ્યું હતું કે, "બેટા, હવેની દુનિયા બાયોલોજી, મેડિસિન અને એન્જિનિયરીંગના સમન્વયની છે. તને ગમે તો આવા વિષયો ભણજે."

★★★

કોવિડ ૧૯ પછી પંદેરક વર્ષે આવેલી નવી મહામારી દરમ્યાન માણસો તથા રોબોએ સાથે મળીને સરકાર બનાવી હતી. સંયુક્ત સરકારના કાર્યકાળમાં એક પછી એક વિકરાળ મહામારીની આગાહીઓ સતત આવ્યા જ કરતી હતી. ટીવી તથા મીડિયાની ચર્ચાઓ સાંભળતાં સાંભળતાં તે વિચારતો કે શું આવી વાતો  સરકાર અને કંપનીઓ સાથે મળીને તેમના નિષ્ણાતો દ્વારા ફેલાવી રહી છે? જેને આર્થિક રીતે પરવડે તેમ હતું તેવા લોકો અવકાશયાનમાં બેસીને બીજા ગ્રહો પર સ્થળાંતર કરી રહ્યા હતા. તેની પત્ની અને તેણે સાથે મળીને નક્કી કર્યું કે દીકરીના ભવિષ્ય માટે બીજી ગેલેક્સીના ગ્રહ પર જઈને સ્થાયી થવું અને તે માટે તેણે એડવાન્સમાં બુકિંગ કરાવી દીધું.

સંયુક્ત સરકારની રચનાનાં દસેક વર્ષમાં તો રોબોએ માણસોને મંત્રીમંડળમાંથી કાઢી મૂક્યા અને પોતાની સરકાર રચી દીધી. બીજા ગ્રહ પર જવા માટે તેણે રિસર્ચ લેબમાંથી રાજીનામું આપ્યું ત્યારે રોબો સરકારના વડાએ તેની સાથે વીડિયો કૉલ કરીને કહ્યું હતું, "ડૉ. રુદ્રદત્ત, તમે વિશિષ્ટ સંશોધક છો. આ વિશ્વને તમારા જ્ઞાનની જરૂર છે. કેટલાંક વર્ષો તમે અમારી સાથે રહો અને તમારું જ્ઞાન અન્ય સંશોધકો સાથે મળીને વિકસાવો."

તેણે પત્નીને સમજાવી. "જો, તમે બંને અત્યારે શાંતિથી નીકળો અને બીજા ગ્રહ પર જઈને ધીરે ધીરે ગોઠવો. અહીં રિસર્ચનાં પરિણામ બરાબર આવે એટલે તરત જ હું તમારી પાસે આવી જઈશ." તેની પત્ની તથા દીકરીને જ્યારે તે અવકાશયાનમાં મૂકવા ગયો ત્યારે તેમની સામે એકીટશે નજરે જોતો જોતો સાવ સૂનમૂન થઈને ઊભો રહેલો. તેને થયું કે આંસુ જાણે કે બહાર નીકળવાને બદલે અંદર ઊતરી ગયા હતા.

★★★

પત્ની અને દીકરી અન્ય ગ્રહ પર પહોંચી ગયા તે પછી બે-ત્રણ વર્ષ સુધી તેમની સાથે નિયમિત રીતે વીડિયો દ્વારા અને તે પછી સંદેશાઓ દ્વારા આપ લે થયા કરતી હતી. અન્ય ગ્રહો પર અનાજ, ફળ, શાકભાજી મોકલી શકાય તે પ્રકારની આગવી વેરાયટી તૈયાર કરવા માટે પ્લાન્ટ ટીસ્યૂ કલ્ચર અંગે વિશેષ સંશોધન માટે વિશાળ જગ્યાની જરૂરિયાત હોવાથી રોબો સરકારે તેની લેબ તથા તેને અહીં દૂરના સ્થળે ખસેડી દીધાં હતા. તે ઘણી વાર વિચારતો રહેતો. મારી લેબને ખસેડતાં પહેલાં મને પૂછવામાં પણ ના આવે ? રોબો સરકાર માટે મારા જેવા માણસનું આટલું જ મહત્ત્વ ?

★★★

એક નવી મહામારીની શરૂઆત થતાં જ માણસો જાણે કે અદશ્ય થઈ ગયા કે રોબો સરકારના તંત્રએ તેમને અદશ્ય કર્યા તેની આજ સુધી કોઈને ખબર પડી નથી. છેલ્લાં દસેક વર્ષથી તે અને તેની રિસર્ચ લેબ અહીં જ છે.

રિસર્ચ ફાર્મમાં ફરતાં ફરતાં કે ડિજિટલ રૂમમાં બેઠાં બેઠાં તે વિચારતો રહેતો, "હવે તો મિત્રનો પણ સંદેશો આવતો નથી કે નથી તેને મળવા જઈ શકતો. અત્યારે દુનિયામાં માણસો હશે તોપણ કેટલા હશે ? અને તે પણ ક્યાં ક્યાં હશે ? માણસોને શોધવા હોય તો કેવી રીતે શોધવા?"

અચાનક તેના મનમાં વિચાર આવ્યો. હવે મોટા ભાગનો ખોરાક રોબો માટે જ તૈયાર થતો હોય તો તમામ પ્રકારના પાક નિષ્ફળ જાય તેવું ના કરી દઉં? તે પોતે અંદરથી ધ્રૂજી ગયો. શું આ જ એકમાત્ર રસ્તો રહ્યો છે ? કમને પણ ભવિષ્યની બેચના ટિસ્યૂ કલ્ચર કોઈ  પણ વાતાવરણમાં ટકી ના શકે તે માટે ફોર્મ્યુલાઓ બદલી નાંખવા માટે સિસ્ટમમાં

કમાન્ડ આપ્યા. તરત જ સ્ક્રીન પર સંદેશા આવવા લાગ્યા. "તમારા દ્વારા સુધારેલી તમામ ફોર્મ્યુલા અગાઉની માન્ય ફોર્મ્યુલા કરતાં મૂળભૂત રીતે અલગ અને ખોટી છે. તેને રિજેક્ટ કરવામાં આવે છે." તે ચોંકી ગયો. મારા જ્ઞાનના આધારે તૈયાર કરેલી પદ્ધતિ હવે મને ખોટો સાબિત કરી શકે છે ! તો હવે આ તંત્રને કેટલા દિવસ મારી જરૂર રહેશે ?

★★★

તે ઊભો થયો અને થોડાં વર્ષો પહેલાં તેની પત્નીના આવતા રહેતા સંદેશા ડિજિટલ આર્કાઈવમાંથી શોધી કાઢ્યા. કંટ્રોલ ટર્મિનલ પર તે સંદેશાઓના નેટવર્ક રૂટને ચકાસવા લાગ્યો. અલગ અલગ કમાન્ડ આપીને તે કલાકો સુધી તેના સંદેશાઓ નેટવર્કમાં આગળ જાય તે માટે મથતો રહ્યો. પત્નીના જૂના સંદેશાના જવાબ મોકલવા માટે પ્રયત્નો કરતો રહ્યો. કદાચ એકાદ સંદેશો તેની પત્ની સુધી પહોંચી જાય ! તેના તમામ સંદેશા નેટવર્કમાંથી રિજેક્ટ થઈ રહ્યા છે અને તે સંદેશા ના મોકલે તેવા ચેતવણી દર્શાવતા જવાબ સ્ક્રીન પર આવતા રહ્યા. થોડીક વારમાં તેનું કંટ્રોલ ટર્મિનલ લૉક થઈ ગયું. તેની પર સંદેશો આવ્યો, "તમે ફરીથી પ્રોટોકૉલનો ભંગ કર્યો છે. આ અક્ષમ્ય ગુનો છે." તે બીજું કશુંય વિચારે તે પહેલાં તેના ઘરની ઉપર મહાકાય ડ્રૉનના પંખાનો ફરફરાટ એકદમ વધી ગયો. તેને ડિસ્ટ્રિક્ટ રોબોનો ઘેઘૂર અને કડક અવાજ સંભળાયો, "તમે તાત્કાલિક ઘરની બહાર આવીને દરવાજાની સામેના કિયોસ્ક પાસે ઊભા રહો." તે ઘરની બહાર જઈને ઊભો રહ્યો. ડિસ્ટ્રિક્ટ રોબોએ તેના માથા સામે બરાબર તાકીને લેઝર ગન ધરી. તે સહેજ પણ હલ્યા વગર ડિસ્ટ્રિક્ટ રોબો તેની ગનની ટ્રિગર દબાવે ત્યાં સુધી તેની આંખોમાં બરાબર તાકીને ઊભો રહ્યો.

મો.૯૩૨૭૭૨૬૩૭૧

**કડકડતી ઠંડીમાં હૂંફાળા ગોદડા જેવી જિમ્મી ઓસ્બોર્નની આ સુંદર કવિતા જુઓ**

જે અંદરથી ડંખે છે ને દઝાડે છે,
વાગે છે ને કાપે છે
એવી બધી જ દુઃખદ બાબતોને
આપણે હવે છોડી જ દેવી જોઈએ.
"એ મનદુઃખ" આપણી પાંખો ચીરી નાખે છે
એટલે પછી ઊડવાનું ને ગાવાનું બંધ થઈ જાય!
એવું નથી લાગતું કે હવે બહુ થયું?
ચાલોને પાનું ફેરવીએ,
અજવાળાની આંગળી ઝાલીને
અંદરના ઉકળાટને ઠારીએ.
હવે જેને બદલી શકવાના નથી
એ અપમાનોને વેંઢારવાથી શું વળવાનું?
તો ચાલો, છોડી દઈએઃ
અને એ પિંજરામાંથી પોતાને મુક્ત કરીએ.

ભાવાનુવાદક - વિશાલ ભાદાણી

## ૦૮ વિચારવાનું કામ હવે મશીનને સોંપી દેવું છે?

**હા. શ. ભટ્ટ**

આજનો માણસ વિચારતો નથી, એ માત્ર 'શોધે' છે. સવાલ સામે આવે એટલે વિચારવાનું નહીં, ગુગલ ખોલવાનું. પ્રશ્ન આવે એટલે મન થોભતું નથી, હાથ મોબાઈલ તરફ જાય છે. જવાબ મળી જાય એટલે સંતોષ. જવાબ સાચો છે કે ખોટો, આપણા જીવન સાથે બંધબેસે છે કે નહિ,એ વિચારવાની મહેનત કરાતી નથી અને છતાં આને આપણે પ્રગતિ કહીએ છીએ. સમસ્યા આવે એટલે મનને ખંખેરવાનું નહીં, એ.આઈ ને પૂછવાનું અને આપણે ગર્વથી કહીએ છીએ કે, ''ટેક્નોલોજી કેટલી આગળ વધી ગઈ!'' હકીકતમાં ટેક્નોલોજી આગળ ગઈ છે, પરંતુ માણસ સર્જનાત્મક રીતે પાછળ જતો જાય છે. ટેક્નોલોજી ખરાબ નથી. ખતરનાક છે એની આસક્તિ,ખતરનાક છે એ ભ્રમ કે ''મારે વિચારવાની જરૂર જ નથી''. એ.આઈ. દુશ્મન નથી. પણ એને વિચારવાનું કામ સોંપી દેવું ખતરનાક છે.ચાકુથી શાક કાપી શકાય, અને માણસ પણ કાપી શકાય. વાપરનારનો મૌલિક વિવેક હોવો જોઈએ કે શું કાપવું અને શું ના કાપવું! દોષ ચાકુનો નથી,વાપરનારનો છે!

આમ,એ.આઈ.નો ઉપયોગ કરો પણ પહેલાં પોતે વિચાર કરો.પછી મશીન પાસે જાવ અને તેનો વિવેકથી ઉપયોગ કરો.ટેકનોલોજીનો ઉપયોગ પોતાની વિચારશક્તિ મજબૂત કરવા માટે છે, નબળી કરવા માટે નહિ.જો માણસે વિચારવાનું કામ પણ મશીનને સોંપી દીધું, તો આવનારી પેઢી પાસે બધું હશે પણ પોતાનું કશું નહી. ડિગ્રી હશે, દૃષ્ટિ નહીં. ઝડપ હશે, દિશા નહીં. માહિતી હશે, બુદ્ધિ નહીં અને સૌથી ખતરનાક વાત, માણસને ખબર પણ નહીં પડે કે એ વિચારવાનું ભૂલી ગયો છે. 'શોધવું' અને 'વિચારવું' એ એક જેવી બાબત નથી, પણ આપણે બંનેને એક જેવી કરી નાંખી છે. પરંતુ ખરેખર એ મનુષ્યની માનસિક આળસ છે.

અગાઉ બાળકને વાર્તા સંભળાવવામાં આવતી. દાદા-દાદી,શિક્ષકો,માતા પિતા કહે અને બાળકો સાંભળે. વાર્તામાં શું હતું ? થોડાં શબ્દો. બાકીનું બધું બાળક પોતે જ તેની પોતીકી કલ્પનામાં બનાવતો, રાજાનો ચહેરો, જંગલનું અંધારું, રાક્ષસની આંખો... બધું એની કલ્પનામાં ઘડાતું. આજે બાળકને શું મળે છે? હાઈ ડેફિનેશનનો વીડિયો બધું જ તૈયાર. હવે કલ્પના કરવાની કોઈ જરૂર જ નથી. આંખો જુએ છે અને અને બાળકનું મન સૂઈ જાય છે. તેથી કલ્પનાનો જન્મ જ નથી થતો અને તેનાથી સર્જનાત્મક પ્રક્રિયા સર્જાતી જ નથી. પછી આપણે આશ્ચર્ય કરીએ છીએ, ''આ બાળકોના પોતાના વિચારો કેમ નથી?'' પોતીકા વિચારો ક્યાંથી હોય? આપણે એમની કલ્પનાની જમીન પર ટેકનોલોજીની સિમેન્ટ ઢોળી દીધી છે. કલ્પના એ સર્જનાત્મકતાનું મૂળ છે. જ્યાં કલ્પના મરી જાય, ત્યાં લેખક, કવિ, વૈજ્ઞાનિક, ચિત્રકાર વગેરે જન્મ પહેલા જ મૃત્યુ પામે.

એક સમય હતો જ્યારે જવાબ નહોતો મળતો એટલે માણસ બેચેન થતો. એ બેચેનીમાંથી વિચાર જન્મતો. આજે જવાબ તરત મળી જાય છે એટલે વિચાર જન્મે જ નહીં. એક સમયે માણસ પ્રશ્ન સાથે જીવતો. એ પ્રશ્ન એને અસ્વસ્થ કરતો. એ અસ્વસ્થતામાંથી 'વિચાર' જન્મતો. આજે અસ્વસ્થ થવાની પણ દાનત જ નથી. કારણ કે જવાબ

તૈયાર છે ! અને એ પણ કમનસીબે બીજાએ વિચારેલો!

તૈયાર જવાબ માણસને માનસિક રીતે સુસ્ત બનાવી દે છે. સર્જનાત્મકતા કોઈ કોર્સથી આવતી નથી. એ અંદરથી ઊગે છે. અને અંદરથી ઊગવા માટે પ્રશ્નો સાથે થોડો સમય જીવવું પડે. આજે એ સમય જ નથી. બાળકને પણ નથી, મોટા માણસને પણ નથી.

આજનું શિક્ષણ વિચારવાનું શીખવાડે છે કે જવાબ લાવવાનું? વિદ્યાર્થીને પ્રશ્ન આપીએ છીએ,પણ જવાબ આપણે જ નક્કી કરી દીધો હોય છે. બાળક જો અલગ રીતે વિચારે તો એને કહેવામાં આવે કે આ ''આ સિલેબસમાં નથી''. શિક્ષકને વિદ્યાર્થીનો વિચાર નથી જોઈતો, લેશન બુક જોઈએ છે. પ્રેઝન્ટેશન જોઈએ છે. માર્ક્સ જોઈએ છે. વિદ્યાર્થી પણ સમજદાર છે. એને ખબર છે, વિચાર કરીને ખોટી કસરત કરવાની જરૂર નથી. કોપી-પેસ્ટ સલામત બાબત છે. ચેટજીપીટી હંમેશા હાજર છે. આ ખેલમાં શિક્ષક અને માતા-પિતા રાજી રાજી! બસ! પણ કોઈ પૂછતું નથી, આ બાળક પોતે શું વિચારે છે?

આજે માહિતીનું પૂર છે. પણ જ્ઞાનનો દુષ્કાળ છે.માહિતી બહારથી આવે છે. જ્ઞાન અંદરથી બને છે. માહિતી વાંચવાથી મળે છે. જ્ઞાન વિચારવાથી બને છે. જે સાંભળ્યું, જોયું કે વાંચ્યું,એ બધું સીધું માની લેવું એ જ્ઞાન નથી. એ તો માનસિક ઉધારી છે. પોતાના વિવેકથી ગાળી ને જે બચી જાય,એ જ સાચું જ્ઞાન. પણ વિવેક વાપરવા સમય જોઈએ. ધીરજ જોઈએ. સૌથી વધારે,સાહસ જોઈએ. કારણ કે સ્વયં વિચારશો તો ભીડથી અલગ પડી શકો.ભીડથી અલગ વિચાર કરનાર હંમેશા બીજાને અસ્વસ્થ કરે છે.

બાળકને વાર્તા સંભળાવવાની બદલે વીડિયો અપાય છે. શિક્ષકને જવાબ સાંભળવાને બદલે પ્રેઝન્ટેશન જોઈએ છે. માતા-પિતાને બાળક વિચારતો છે કે નહીં એની ચિંતા નથી- બસ માર્ક્સ અને સ્ક્રીન પર હાથ દોડે એટલું પૂરતું. આ બધું ચાલશે,પણ કેટલા સમય ?

માહિતીનો વરસાદ અને જ્ઞાનનો દુષ્કાળ ! આજનો સૌથી મોટો વિરોધાભાસ એ છે કે, માણસ પાસે બધું છે, પણ પોતાનું કહેવાય એવું કશું નથી. પોતાનો વિચાર નથી, પોતાનો અભિપ્રાય નથી, પોતાનો અવાજ નથી.

આજે ''મૌલિકતા'' શબ્દ માત્ર ભાષણમાં જીવંત છે, જીવનમાં નહિ. દરેક ક્ષેત્રમાં કોપી-પેસ્ટનું રાજ છે. લેખન, સંશોધન, ભાષણ અને લાગણીઓ પણ ઉધારની જે મુવી, સીરીયલમાંથી જોઈને શીખ્યા હોય! એ.આઈ. દ્વારા જવાબ લેવાય એ ખરાબ નથી. પણ માણસ તેને જ અવલંબિત થઈ જાય એ ચિંતાજનક છે. વિચાર કરો, જો બાળકને દરેક વખત તૈયાર જવાબ મળી જાય, તો એ પોતે વિચારવાનું ક્યારે શીખશે ? જો શિક્ષકને બાળકના વિચાર કરતાં તેનું લેશન થયું કે નહિ તે જ વધુ ગમે, તો શિક્ષણ જીવંત કેવી રીતે રહેશે? મૌલિકતા એટલે બળવો નહીં. મૌલિકતા એટલે પોતાની બુદ્ધિ પર વિશ્વાસ. પાંચ લોકો જે બોલે એ જ બોલવું એ તો સરળ છે. છઠ્ઠો માણસ અલગ વિચાર કરે એ મુશ્કેલ છે. પણ પ્રગતિ હંમેશા છઠ્ઠા માણસે જ કરાવી છે, ભીડે નહીં. આંધળું અનુકરણ કરનારા સમાજને ચાલું રાખે છે, આગળ નથી લઈ જતા. વિચારવું એ માણસનું માનવત્વ છે. સર્જનાત્મકતા એ એની ઓળખ છે.

જો માણસ વિચારવાનું બંધ કરશે, તો આવનારી પેઢી પાસે ડિગ્રી હશે, પણ દૃષ્ટિ નહીં હોય. ટેક્નોલોજી હશે, પણ તત્વજ્ઞાન નહીં. ઝડપ હશે, પણ દિશા નહીં. સૌથી ખતરનાક વાત, માણસને એ પણ ખબર નહીં પડે કે એ વિચારવાનું ભૂલી ગયો છે. મશીન અને ટેકનોલોજીને મદદગાર બનાવો, માલિક નહીં.કારણ કે જે સમાજે

વિચારવાનું બીજાને સોંપી દીધું, એ સમાજે પોતાનું ભવિષ્ય પણ ઉધાર આપી દીધું છે એમ સમજવામાં બેદરકારી ના કરવી.

તો પછી,આ વિશાળકાય ભયાનક સમસ્યાનો ઉપાય શું? સૌપ્રથમ એક વાત સ્વીકારવી પડશે, આ સમસ્યાનો કોઈ "એક બટન દબાવો અને બધું ઠીક" એવો ઉપાય નથી. કારણ કે આ ટેક્નોલોજીની સમસ્યા નથી, માનસિક વલણની સમસ્યા છે. એટલે ઉપાય પણ અંદરથી જ આવશે.

આ સમસ્યાના ઉપાયમાં કેટલાય ઉપાયો સૂચવી શકાય એમ છે તેમાંથી થોડા આ પ્રમાણે પ્રયોગ કરી શકાય : જવાબ નહીં, પ્રશ્નો આપવાનું શીખીએ સૉક્રેટિસની જેમ! આપણે બાળકોને, વિદ્યાર્થીઓને અને ક્યારેક પોતાને પણ જવાબ આપવા ઉતાવળા થઈ જઈએ છીએ. પ્રશ્ન પૂછવો એ જ શિક્ષણ સમજી લઈએ છીએ. પરંતુ સાચું શિક્ષણ ત્યાંથી શરૂ થાય છે જ્યાં પ્રશ્નનો જવાબ તરત ન આપવામાં આવે. બાળક પૂછે, "આકાશ વાદળી કેમ?"તો તરત વૈજ્ઞાનિક જવાબ આપવાની જરૂર નથી. ક્યારેક પૂછવું જોઈએ, "તને શું લાગે છે?" બાળક ખોટું બોલશે. અધૂરું બોલશે. પણ એ બોલશે,એ જ  મહત્ત્વનું છે. ખોટો વિચાર પણ વિચાર તો છે. એમાંથી જ સાચો વિચાર જન્મે છે. જે સમાજ પ્રશ્ન સાથે જીવવાની હિંમત રાખે છે, એ જ વિચારશીલ બને છે. પછી ભૂલ કરવાની છૂટ આપવી આજનો સૌથી મોટો ભય,ભૂલ થઈ જશે! બાળક ભૂલ કરે તો શિક્ષક લાલ પેન લઈને બેસી જાય. મોટો માણસ ભૂલ કરે તો સમાજ મજાક ઉડાવે. એટલે માણસ સુરક્ષિત રસ્તો પસંદ કરે છે- કોપી. ભૂલની શક્યતા જ નથી.પણ યાદ રાખવું જોઈએ જે ભૂલ નથી કરતો, એ કદી નવું બનાવતો નથી. મૌલિકતા માટે ભૂલ કરવાની છૂટ અનિવાર્ય છે.

શિક્ષણમાં, ઘરમાં અને કાર્યક્ષેત્રમાં "ભૂલ થઈ તો ચાલશે" એવું વાતાવરણ બનાવવું પડશે. પછી તૈયાર સામગ્રીથી થોડો ઉપવાસ કરાવવો જોઈએ આપણી જાતને અને આપણા બાળકોને! આપણે શરીર માટે ઉપવાસ કરીએ છીએ,પણ મન માટે ક્યારેય નથી કરતા. દરેક પળે સ્ક્રીન. દરેક ક્ષણે માહિતી.મનને શાંતિ મળે ત્યારે જ વિચાર ઊગે. થોડો સમય,વીડિયો વગર,મોબાઇલ વગર,સોશિયલ મીડિયા વગર,મનને ખાલી રહેવા દઈએ. શરૂઆતમાં અકળામણ થશે,પણ એ અકળામણમાંથી જ વિચાર જન્મે છે.

વાચન મૌલિકતાનું મોટું સાધન છે પણ શરત એ છે કે વાંચેલું પચાવવું પડે. પુસ્તક વાંચીને પૂછવું જોઈએ, "લેખક સાચો છે કે હું કંઈ અલગ રીતે વિચારું?" જે વાંચે અને પ્રશ્ન ન કરે, એ માત્ર માહિતી ભેગી કરે છે. જે વાંચે અને વિચાર કરે, એ જ્ઞાન બનાવે છે.

આજનું બાળક સતત સરખાવાય છે, આના જેટલા માર્ક્સ કેમ નથી? એના જેવું કેમ નથી લખી શકતો?સરખામણી મૌલિકતાની સૌથી મોટી દુશ્મન છે. દરેક માણસ અલગ રીતે વિચારે છે. એ જ એની તાકાત છે. જે દિવસે સરખામણી બંધ થશે,એ દિવસે મૌલિકતા શ્વાસ લેશે. મૌલિકતા કોઈ વૈભવી વસ્તુ નથી. એ માણસ હોવાની શરત છે. વિચારવું એ માણસનું કામ છે.

મશીનનું નહીં. જો આપણે વિચારવાનું ફરી શીખીશું, તો ટેક્નોલોજી આપણો સહયોગી બનશે.નહિ તો-અમે ટેક્નોલોજીના સુવિધાજનક,પણ ખાલી માનસિક ગુલામ બની જઈશું. ઉપાય એટલો જ છે,પોતે વિચારવાની હિંમત. અને બીજાને વિચારવા દેવાની સમજ અને સ્વતંત્રતા!

મો.૮૨૦૦૫૧૧૧૭૪

## ૦૯ શિક્ષકની ભૂમિકા

**ડૉ. દિનેશકુમાર પરમાર**

નંદવંશના છેલ્લા રાજા ધનાનંદે ચાણક્યનું ઘોર અપમાન કરી લાત મારીને પોતાની રાજસભામાં તિરસ્કૃત કરતા ચાણક્યે ઉચ્ચારેલું વિધાન કંઈક આવું હતું: 'શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મેં પલતે હૈ.' ત્યારબાદ ધનાનંદના કુશાસનનો અંત લાવવામાં ચંદ્રગુપ્ત મૌર્યના રાજગુરુ ચાણક્યનો શું ફાળો હતો? તેનાથી આપણે સૌ અવગત છીએ. એક શિક્ષકમાં કેટલી નૈતિક તાકાત હોય છે? તે આચાર્ય ચાણક્યના દ્દષ્ટાંતથી આપણે સુપેરે જાણી શકીએ છીએ. કોઈ પણ રાષ્ટ્રના વિકાસ માટે શિક્ષકની ભૂમિકાને ક્યારેય ઓછી કે આછી આંકી ન શકાય. દેશની કાયાપલટ કરવા માટે શિક્ષણ, શિક્ષક અને શાળાની ખોટ બીજું કોઈ પૂરી જ ન શકે તે કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. આપણે શાળા વગરના સમાજની કલ્પના પણ ન શકીએ તે ખરી વાસ્તવિકતા છે.

પ્રાચીનકાળથી માંડીને આજના આધુનિકયુગમાં પણ શિક્ષકની ભૂમિકા મહત્ત્વની રહી છે. પોતાના વ્હાલસોયા સંતાનોને માતાપિતા કોઈ અજાણ્યા વ્યક્તિઓના હાથમાં ક્યારેય સોંપતા નથી અથવા તો અચકાય છે, પરંતુ શિક્ષકના હાથમાં પોતાના બાળકને સોંપીને માતાપિતા નિશ્ચિત થઈને વિશ્વાસનું વાવેતર કરે છે. શિક્ષક અને શાળા પ્રત્યેની શ્રદ્ધા આજેય અતૂટ, અકબંધ અને અવિનાશી રહી છે, તે હકીકત છે. શિક્ષકનું ગૌરવ, ગરિમા અને ગુણિયલપણું સમય સાથે થોડું બદલાયું છે પણ હજુ સમાજ શિક્ષકને આદર, અહોભાવ અને આદર્શના રૂપમાં જૂએ છે એમાં બેમત નથી. શિક્ષકનો વ્યવસાય જ એવો વ્યવસાય છે કે, જેમાં બાળક પોતાનાથી પણ વધુ પ્રગતિ કરે તેવું ઇચ્છવામાં આવે છે. શિક્ષક હોય ત્યાં જ રહે છે અને એનો વિદ્યાર્થી ખૂબ ભણીને આગળ વધી જતો હોય છે. આખરે તો વિદ્યાર્થીઓની સફળતા એ જ તો શિક્ષકનો જીવનાનંદ છે.

સાચા, જીવંત શિક્ષકો જ બાળકોના જીવનની કોરી પાટી પર અનેક રંગો પૂરે છે પછી ભલેને તે સમગ્ર શિક્ષણયાત્રા દરમિયાન કાળા પાટિયા અને સફેદ ચોકનો જ ઉપયોગ કરતા હોય! પરંતુ બાળકના જીવનને શણગારવામાં અને મેઘધનુષી બનાવવામાં શિક્ષકોનો ફાળો બહુમૂલ્ય રહેતો હોય છે. શિક્ષકો એ એક એવા કેળવણીના કર્તવ્યપથના પથિક છે કે, જે પોતે એક જ જગ્યાએ ઊભા રહીને પોતાના વિદ્યાર્થીઓને ઇચ્છિત મંઝિલ સુધી પહોંચાડે છે. વિદ્યાર્થીઓના જીવનનો માર્ગ કંડારવામાં શિક્ષકોની ભૂમિકા કંઈ નાનીસૂની તો નથી જ. વિદ્યાર્થીઓના સફળતાના માર્ગને પ્રશસ્ત કરવામાં સારસ્વતો તન, મન અને ધનથી કાર્ય કરતા હોય છે. આથી જ શિક્ષણના વ્યવસાયને પવિત્ર વ્યવસાય તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. કુમળી વયના બાળકોને નિર્દંશ, નિર્ભેળ અને નિર્દોષ સ્નેહવૃષ્ટિમાં નવડાવવાનું કાર્ય માતાપિતા પછી શિક્ષકો જ કરી શકે છે. શિક્ષકો તો વહાલ સાથે જીવનલક્ષી શિક્ષણ આપી વિદ્યાર્થીઓને આવડત કેળવતા કરીને જિંદગીનું શાણપણ શીખવી શકે છે. વિવેકપૂર્વક ગુણોનું સંવર્ધન કરતા જીવવાની અખિલાઈની અનુભૂતિ કરાવડાવી શકે છે. જીવનભાથુ આપી શકે છે.

નિષ્કલંક અને નિષ્કંટક સંબંધનું નામ એટલે શિક્ષક-વિદ્યાર્થી સંબંધ. ગણતરીમુકત અને કપટમુકત સંબંધ એટલે શિક્ષક-વિદ્યાર્થી સંબંધ. બાળકરૂપી કૂંપળોને ફૂલ અને ફળ આવે અને તે વટવૃક્ષ બને તે માટે શિક્ષકો જ્ઞાન, શિસ્ત અને સંસ્કારનું સતત સિંચન કરતા રહે છે. શિક્ષક વિદ્યાર્થીઓને જીવનમાધુર્યને પામવા માટે દિશાઓનો ઉઘાડ કરી આપે છે. વિદ્યાર્થીઓને જ્ઞાનરૂપી પાંખો આપીને મુક્ત ગગનમાં વિહરવાની કળા શીખવે છે. સારસ્વતો તો તંદુરસ્ત સમાજ માટે મોંઘી જણસ કે અમીરાત સમાન છે. શિક્ષક સમણાની ક્રાંતિ જગાડનાર મશાલચી છે. બાળકોમાં જ્ઞાનનો દીપક પ્રજ્વલિત કરનાર મહા તેજપુંજ છે. બાળકોના જીવનમાં ઉજાસ પાથરવાનું કાર્ય શિક્ષકોને ફાળે આવ્યું છે, તે બાબત

સ્વયં ગૌરવપ્રદ લેખી શકાય.

શિક્ષક વિચારપુષ્પોનો સુગંધી ગુલદસ્તો છે, જે વિદ્યાર્થીઓના જીવન તેમજ સમાજમાં પોતાના વિચારોની મહેક પ્રસરાવે છે. શિક્ષકોને ધૂપસળી સાથે સરખાવીને પણ તેમના વિચારોની મહેકને જીવંત અને ધબકતી રાખવામાં આવી છે. શિક્ષણવિદ્ અરુણ દવેના મત પ્રમાણે, 'જીવનની પ્રસન્નતા એ સુખનું સાચું સ્ફટિકમય સ્વરૂપ છે. શિક્ષકનું કામ પોતાના વિદ્યાર્થીઓને જીવનની પ્રસન્નતા પીરસવાનું છે.' આમ પણ જીવનનો અંતિમ હેતુ ખુશ રહેવાનો જ છે ને? કેળવણીકારો પણ શિક્ષણને વ્યાખ્યાબધ્ધ કરતા લખતા હોય છે કે, શિક્ષકો વિદ્યાર્થીને કશુંય નવું શીખવતા નથી પણ વિદ્યાર્થીઓ શીખી શકે તેવા સંજોગો ઊભા કરતા હોય છે. સાચી શિક્ષણપદ્ધતિ એ જ છે કે, જેમાં વિદ્યાર્થીની પ્રજ્ઞા સ્વયંભૂ પ્રગટે અને તેઓ જાતે ભણતા થાય. શિક્ષકનું કાર્ય તો માત્ર વિદ્યાર્થીમાં રહેલ જ્ઞાનને પ્રગટાવવાનું છે. જે અજવાળું જ્ઞાનનું ઉજાગર થાય છે એ બંનેને અજવાળે છે. જે અંધકાર દૂર થાય એ તો અજવાળાનો સેતુ સર્જે છે. ખરી કેળવણીને જીવતો શિક્ષક જ પોતાના છાત્રોને જીવનની કેળવણી આપી શકે છે.

શિક્ષકધર્મને બરાબર સમજીને જે શિક્ષકમિત્રો બાળકોના જીવનને ઉજાળે છે તેઓ વંદન અને અભિનંદનને પાત્ર છે. તેઓ પોતાના વ્યવસાયને માત્ર આજીવિકાનું સાધન સમજતા નથી, પરંતુ તેનાથી વિશેષ રીતે આ વ્યવસાયને મૂલવે છે તેમજ જીવે છે. જે સારસ્વતો શિક્ષકધર્મથી થોડા ચલિત થાય છે, તેમના પ્રત્યે ધિક્કાર કે તિરસ્કારની જગ્યાએ કરુણાભાવ જાગે તે જરૂરી છે. કારણ કે, જેઓને પોતાના વ્યવસાયમાં નિજાનંદ નથી આવતો, તે કઈ રીતે ખુશ રહી શકે? બાળકોને શું ઉત્તમ આપી શકે? જે પોતે પીડાય છે તે વિદ્યાર્થીઓને પ્રજ્ઞા આપવાની જગ્યાએ પીડા જ આપી શકે. જેમણે માત્ર આજીવિકાના સાધનમાત્રથી આ વ્યવસાય સ્વીકાર્યો છે તેઓ તંદુરસ્ત સમાજનિર્માણ અને આદર્શ નાગરિક ઘડતરમાં બાધારૂપ બને છે તે બાબત અહીં અસ્થાને નથી જ.

મહદ્અંશે મહાન વિભૂતિઓની મહાનતા પાછળ કોઈને કોઈ શિક્ષકોનું પ્રદાન હોય છે. વિરલ વિભૂતિઓને વિરલ ગુરુવર્યો મળ્યા હોવાથી જ તેઓ સમાજને કશુંક આપી શક્યા છે તેવું કહેવું જરાય અપ્રસ્તુત નથી. મજબૂત રાષ્ટ્રનિર્માણમાં પણ શિક્ષકોની ભૂમિકાને અવગણી શકાય નહીં. શિક્ષક એ વિચારોનો પરિવ્રાજક, પરિવર્તનનો પ્રહરી અને સમાજનો દિશાનિર્દેશક રહ્યો છે અને રહેશે તેમાં પણ બેમત નથી. શિક્ષણ સાથે નાભિનાળથી જોડાયેલા સારસ્વતો જ સમાજનું સાચું ઘરેણું છે. જગતના સર્વ સારસ્વતો તેમજ જેમના માનમાં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવે છે એવા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને ભાવવંદના કરી તમામ સારસ્વત મિત્રો પોતાના વ્યવસાય અને વિદ્યાર્થીઓના જીવન અજવાળે તેવી મંગલમય પ્રાર્થના અને શુભેચ્છાઓ...

મો.નં. ૯૯૨૪૫૩૮૨૮૨

**શ્રદ્ધાંજલિ**

- લોકભારતીના પૂર્વવિદ્યાર્થી અને ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલાના પૂર્વ કાર્યકરશ્રી ભીખાભાઈ કોરાટનું તા. ૦૫-૦૨-૨૦૨૬ના રોજ ૮૮ વર્ષની વયે તળાજા ખાતે દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતીના શુભેચ્છક-દાતા શ્રી રમેશભાઈ એમ. શેઠનું મુંબઈ ખાતે દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતીના શુભેચ્છક શ્રી જગુભાઈ ખેતીનું તા. ૧૭-૦૨-૨૦૨૬ના રોજ પરવડી ખાતે દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતીના પૂર્વ સન્માનિત વિદ્યાર્થી શ્રી કરશનભાઈ ડાંગરનાં ધર્મપત્ની શ્રી દેવીબહેન ડાંગરનું તા. ૨૪-૦૨-૨૦૨૬ના રોજ જામનગર ખાતે દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતીના સફાઈ કર્મચારી શ્રી કાળુભાઈ કામળિયાનું ટૂંકી બિમારીમાં અને ત્યારબાદ તેમના ધર્મપત્ની શ્રી હંસાબહેન કામળીયાનું અકસ્માતે દુઃખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## ૧૦ પત્રલેખન : વિસરાતી જતી એક કળા...

**મનોજ જે. પટેલ**

મારી પાસે ધોરણ-૧૨ની કેટલીક વિદ્યાર્થિની બહેનો અંગ્રેજીમાં ઇમેઇલ કેવી રીતે લખાય એ શિખવા આવી હતી. આમ તો હું શિક્ષક નથી પણ ધોરણ ૬ થી ૧૨ના વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષયમાં પડતી તકલીફો દૂર કરવાનો પ્રયાસ કરું છું અને આ માટે મહેનતાણું લેતો નથી. તેઓના ગયાં પછી મને મારો વિદ્યાર્થીકાળ યાદ આવી ગયો હતો. તે વખતે અભ્યાસક્રમમાં પત્રલેખનને વધુ મહત્ત્વ આપવામાં આવતું હતું. ગુજરાતી, હિન્દી તેમજ અંગ્રેજી વિષયના અભ્યાસક્રમમાં પત્રલેખનને આવરી લેવામાં આવતું હતું અને પરીક્ષામાં પણ પત્રલેખનને વણી લેવામાં આવતું હતું. આ વાતને જો કે લગભગ ૨૦-૨૫ વર્ષ થયા છે.

૩૦ વર્ષ પહેલાં, આખા દેશમાં મોબાઇલ ફોનનો આરંભ થયો ન હતો. ટેલિફોન હતા તે પણ શ્રીમંત પરિવાર તેમજ મોટા કાર્યાલયો સુધી જ સિમિત હતા. ટપાલવિભાગ એ સંદેશાવ્યવહાર માટેની એક વિશ્વાસપાત્ર સેવા હતી. (હા, આજે પણ જરૂર છે પણ હવે આપણે આ સેવાનો ઓછામાં ઓછો ઉપયોગ કરીએ છીએ.) ટપાલી પાસે એ વખતે થેલો ભરીને ટપાલો આવતી હતી. આ ટપાલોમાં પોસ્ટકાર્ડ, આંતરદેશીય તેમજ પરબીડિયાનો સમાવેશ થતો હતો. આ ત્રણેને પત્રો કહી શકાય. સારા કે ખરાબ સમાચાર પહોંચાડવા માટે પત્રોનો ઉપયોગ થતો હતો. દેશ કે વિદેશમાં સંદેશાવ્યવહાર પણ પત્રોથી જ થતા હતા. તે વખતે મોટાભાગના લોકો પત્ર લખવાની કળામાં નિપુણ હતા. ટેલીફોન તેમજ છેલ્લે મોબાઇલ-ફોન આવતાં ધીમે ધીમે પત્રલેખન ઘટતું જાય છે તેમ તેમ આ કળા પણ વિસરાતી જાય છે. આજની નવી પેઢી પત્ર લખી શકશે નહિ એ પણ એક સ્વીકારવા જેવી દુઃખદ વાસ્તવિકતા છે. વર્તમાન સમયમાં પત્રોનું સ્થાન સંદેશા તેમજ ઇ-મેઇલે લઈ લીધું છે. હા, મેસેજ તથા ઇ-મેઇલ જયાં હોય ત્યાંથી થઈ શકે છે (તે માટે ક્યાંય જવાની જરૂર હોતી નથી) તરત પહોંચી જાય છે તેમજ મફત થાય છે. પત્ર પહોંચતાં ૪, ૫ કે ૭ દિવસો પણ લાગી જાય છે, પત્ર લખ્યા પછી તેને ટપાલપેટીમાં નાખવા જવું પડે છે અને ટપાલ કે ટપાલ-ટિકિટના થોડાક રૂપિયા (૫૦ પૈસાથી લઈને ૫ રૂપિયા) ચૂકવવા પડતા હોય છે. આમ, પત્ર કરતાં મેસેજ તથા ઇ-મેઇલ વધુ સરળ તેમજ સગવડભર્યો હોય છે પણ આ બંનેમાં પત્ર લખનારના કોઈ હસ્તાક્ષર હોતા નથી. આપણને આપણા સ્વજનોના હસ્તાક્ષર કે આપણા સ્વજનોને આપણા હસ્તાક્ષર જોઈને આપણાપણાંનો જે ભાવ થાય છે તે માત્ર પત્રમાં જ થાય છે, મેસેજ કે ઇ-મેઇલમાં થતો નથી એ પણ એક વાસ્તવિકતા છે. ભણવા કે કમાવા ગયેલા પુત્રએ પોતાની માતાને લખેલ પોસ્ટકાર્ડમાં પોતાના પુત્રના હસ્તાક્ષર જોઈને માતાને જે અનુભૂતિ થાય છે તે અનુભૂતિ મેસેજ કે ઇ-મેઇલમાં થતી નથી. આવા પત્રો આપણને પારિવારિક હૂંફ પૂરી પાડે છે.

સાહિત્ય તેમજ રાજનીતિ સહિતના દરેક ક્ષેત્રે લખાયેલ પત્રોનું ઘણું મહત્ત્વ છે. ભૂતકાળમાં લખાયેલ પત્રોના અભ્યાસ પરથી તે સમયના લોકોના આર્થિક, સામાજિક તેમજ સાંસ્કૃતિક જીવન વિશે સારી એવી રોચક જાણકારી પ્રાપ્ત કરી શકાય છે. વિશ્વના જાણીતા સાહિત્યકારો તેમજ નેતાઓના પરસ્પર લખાયેલા પત્રોનું પણ એક વિશેષ મહત્ત્વ છે. 'બાપુના પત્રો' માં ધર્મ, નીતિ, સદાચાર, વ્યવહાર, રાજકારણ, કરકસર જેવા વિષયો પરના માર્ગદર્શન ઉપરાંત પારદર્શકતા, સચ્ચાઈ, પ્રેમ, સદ્‌ભાવ, આત્મીયતા પણ સાક્ષાત્ જણાય છે. મહાત્મા ગાંધીજીએ તેઓના જીવનકાળ દરમિયાન; રવીન્દ્રનાથ ટાગોર, ટોલ્સ્ટોય, દાદાભાઈ નવરોજી, જવાહરલાલ નહેરુ, સરદાર પટેલ, ગોપાલકૃષ્ણ ગોખલે, બાબાસાહેબ આંબેડકર, સરોજિની નાયડુ, વગેરે અનેક નામાંકિત મહાન હસ્તીઓને કરેલ પત્ર-વ્યવહારને વાંચતાં ઘણી બધી જાણકારી પ્રાપ્ત

થાય છે. 'સરદારશ્રીના પત્રો' એ ભારતીય રાજકારણ પર અતિ મહત્ત્વની વ્યક્તિઓ ઉપર સરદાર પટેલે લખેલ પત્રોનો સંગ્રહ છે જે તેઓના વિરાટ વ્યક્તિત્વનાં દર્શન કરાવે છે. 'એ બન્ચ ઑફ ઓલ્ડ લેટર્સ' એ જવાહરલાલ નેહરુએ લખેલ તેમજ તેઓ ઉપર લખાયેલ પત્રોનો સંગ્રહ છે. ઇંદિરાજી ૧૩ વર્ષના હતા ત્યારે તેઓના પિતાશ્રી જવાહરલાલ નહેરુએ જેલમાંથી તેઓ પર કેટલાક પત્રો લખ્યાં હતાં, જે યાદગાર છે. 'લિ. સ્નેહાધીન મેઘાણી' અને 'લિ. હું આવું છું' એ ઝવેરચંદ મેઘાણીના પત્ર-સંગ્રહો છે જેનું ગુજરાતી પત્રસાહિત્યમાં અનેરું મહત્ત્વ છે. કાન્ત, કલાપી અને મેઘાણીના પત્રોનું પણ ગુજરાતી પત્ર-સાહિત્યમાં આગવું મહત્ત્વ છે. શ્રીમદ્ રામચંદ્રજીએ ગાંધીજીની આધ્યાત્મિક શંકાઓના નિરાકરણાર્થે ગાંધીજી પર અનેક પત્રો લખેલ છે. રવીન્દ્રનાથ ટાગોર, શ્રી અરવિંદ, પૂજ્ય મોટા, અખંડાનંદજી, વગેરેના પત્ર-સંગ્રહો પણ વાંચવાલાયક છે.

મારા ગુરુદેવો પાસેથી મને જે શિખવા મળેલ છે, તેમજ મારી ૫૧ વર્ષની જિંદગીમાં જે પત્રલેખન કરેલ છે તે પરથી પત્રલેખન કેમ કરવું એ વિશે થોડો પ્રકાશ પાડવા માગું છું. આમ તો પત્રના બે પ્રકાર પાડી શકાય (અ) ફોર્મલ લેટર અને (બ) ઇન્ફોર્મલ લેટર પણ આખા આ લેખમાં ઇન્ફોર્મલ લેટર પ્રકારને અનુલક્ષીને ચર્ચા કરેલ છે. (૧) પત્રલેખનમાં સૌપ્રથમ જમણી બાજુએ આપણું સરનામું અને નીચે તારીખ લખવી. (૨) તારીખ નીચે ડાબી બાજુએ સંબોધનમાં જેને પત્ર લખવાનો હોય તેનું નામ લખવું. દા.ત. પ્રિય મિત્ર આનંદ, પૂજ્ય માતાશ્રી/ પિતાશ્રી, મહોદયશ્રી/ મહેરબાન સાહેબશ્રી, (૩) પ્રસ્તાવના વિશે પ્રથમ ફકરો (૪) જેના વિશે પત્ર લખ્યો હોય તે વિશેનો (વિષયવસ્તુ વિશેનો) ફકરો કે ફકરાઓ (વચ્ચેનો ફકરો કે ફકરાઓ), (૫) સમાપન વિશેનો અંતિમ ફકરો. (૬) જમણી બાજુએ લિખિતંગ તરીકે લખનારનું નામ. દા.ત. લિ. તારો પ્રિય મિત્ર, આપનો સુપુત્ર, આપનો વિશ્વાસુ/ આજ્ઞાંકિત અને ત્યાર બાદ તેની નીચે પોતાની સહી અને તેની નીચે કૌંસમાં નામ. પત્ર ઉપર સરનામું સુંદર તેમજ સ્વચ્છ અક્ષરોમાં લખાયેલું હોવું જોઈએ. પત્ર જેને મોકલવાનો હોય તે વ્યક્તિનું નામ, ત્યાર બાદ મહોલ્લો/ શેરી/ પોળનું નામ, પછી મુકામ લખીને ગામનું નામ લખવું, ગામથી પોસ્ટ અલગ હોય તો પોસ્ટ લખીને પોસ્ટનું નામ લખવું, ગામ-પોસ્ટ એક જ હોય તો મુ.પો. (મુકામ પોસ્ટ) લખીને તે નામ લખવું, વાયા લખીને સબ પોસ્ટ ઓફિસનું નામ લખવું, તાલુકો લખીને તાલુકાનું નામ લખવું, જિલ્લો લખીને જિલ્લાનું નામ લખવું. શહેરની વાત કરીએ તો ઘર નંબર પછી સોસાયટી/ ફ્લેટ/ રો હાઉસનું નામ લખવું, આજુબાજુ વધુ જાણીતી કોઈ જગ્યા હોય તો તે જગ્યાનું નામ લખીને તે જગ્યાથી સરનામાની જગ્યા નજીક/ પાસે/ બાજુ જે હોય તે લખવું, વિસ્તાર હોય તે નામ લખવું, શહેરનું નામ લખવું. શહેર મોટું હોય તો તેના વિભાગ લખવા. દાખલા તરીકે અમદાવાદ-૧૫, મહેસાણા-૨, વગેરે. બીજા રાજ્યે મોકલવાનું હોય તો તે રાજ્યનું નામ લખવું. ગામડે કે શહેરમાં ભલે કોઈ પણ જગ્યાએ પત્ર મોકલવાનો હોય પણ તે જગ્યાનો પિન કોડ લખવાનું કદાપિ ભૂલવું નહીં. પિન કોડ હંમેશાં ૬ આંકડામાં હોય છે. પિન કોડ લખેલ ટપાલ પોતાના સરનામે સરળતાથી પહોંચી જાય છે.

પત્રલેખન કરવાની મઝા જ કંઈક અનેરી હોય છે તો તે માણી લેવા જેવી છે. એક વખત ટપાલ-ઘરની મુલાકાત લઈને ત્યાંથી પોસ્ટ-કાર્ડ ખરીદીને મિત્ર કે આત્મજનને લખીને ટપાલપેટીમાં નાંખવાનો અનુભવ લેવા જેવો છે. પત્ર લખ્યા બાદ તેના જવાબની રાહ જોવાની અને જવાબી-પત્ર આવે ત્યારે તેને વાંચવાનો લહાવો માણી લેવા જેવો છે.

પત્રલેખન એ એક વિરાસત સમાન છે જેને આપણે સાચવવાની ખાસ જરૂર છે. વર્તમાન સમયને અનુરૂપ આપણે મેસેજ-ઇ મેઇલનો વધુ ઉપયોગ કરીએ એ સામે કોઈ વાંધો ન હોઈ શકે પણ આપણે કયારેક ક્યારેક તો પત્ર લખતાં રહેવું જોઈએ. પત્રલેખન કળાને નામશેષ થતી અટકાવવા માટે વિશેષ પ્રયાસો કરવાની ખાસ જરૂર છે. આશા રાખીએ કે સર્વ દિશાએથી આ માટે પ્રયાસો થશે અને પત્રલેખન ફરીથી સમૃદ્ધ થશે.

મોબાઇલ :- ૯૭૧૨૪ ૫૭૫૫૯

## ૧૧ સંસ્થા સમાચાર (ફેબ્રુઆરી, ૨૦૨૬)

**સંકલન : પ્રશાંત મહેતા**

---

### લોકભારતી સમાચાર

- તા. ૨૭-૦૧-૨૦૨૬થી ૨૧ દિવસની વિન્ટર સ્કૂલ તાલીમમાં ભાગ લેવા માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી પ્રદીપભાઈ ક્યાડા જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ મુકામે જઈ આવ્યા.
- તા.૨૯-૦૧-૨૦૨૬ થી તા.૨૮-૦૨-૨૦૨૬ દરમિયાન લોકસેવા મહાવિદ્યાલયના તૃતીય વર્ષના વિદ્યાર્થી ભાઈઓ-બહેનો ઉત્તર બુનિયાદી શાળાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને ગોશાળાઓમાં કાર્યાનુભવ માટે જઈ આવી ગયાં.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી નિગમભાઈ શુકલ તા. ૦૨ના રોજ નાયબ ખેતી નિયામકશ્રી(વિસ્તરણ) દ્વારા તથા ડી.આર.ડી.એ. વિભાગ દ્વારા તેમજ તા. ૧૬ના રોજ સિંચાઈ ઈજનેરશ્રી દ્વારા કલેકટરશ્રીની અધ્યક્ષતામાં આયોજિત મિટિંગમાં ભાગ લેવા માટે ભાવનગર જઈ આવ્યા.
- તા.૦૪ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના બુધ સંમેલનમાં શ્રી બિપિનભાઈ શાહ અને શ્રી પરેશભાઈનું 'વિદ્યાર્થીઓમાં આરોગ્ય જાગૃતિ સંદર્ભે માનસિક તણાવ તથા વ્યસન મુક્તિ' માટેનું વ્યાખ્યાન યોજાયું.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા ૦૪ના રોજ પ્રકૃતિ દર્શન તથા વનભોજનનો કાર્યક્રમ યોજાઈ ગયો.
- તા.૦૭ના રોજ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને વિષય આનુસંગિક અર્ચના કથક કેન્દ્ર ભાવનગરના શ્રીમતી જાનકીબેન સોની તથા શ્રીમતી બંસીકાબેન દ્વારા શાસ્ત્રીય નૃત્ય અને નવરસનું પ્રત્યક્ષ નિદર્શન- સમજ આપવામાં આવી.
- તા.૦૮ના રોજ મુંબઈથી શ્રી પન્નાબહેન લોકભારતી પરિચય મુલાકાતે એડવોકેટ શ્રી મયંકભાઈ ભટ્ટ દંપતી સાથે આવી ગયાં.
- તા.૦૯થી ૧૪ સુધી ભાવનગર જિલ્લાની જુદીજુદી આંગણવાડીઓનાં સો જેટલાં તેડાગર બહેનોનો એક તાલીમવર્ગ લોકભારતીના ભાવાવરણમાં યોજાઈ ગયો.
- એકત્ર ફાઉન્ડેશનના શ્રી અતુલભાઈ રાવળ અને શ્રી જગદીશભાઈ પરીખ તા.૦૯ અને ૧૦ એમ બે દિવસ લોકભારતી મુલાકાતે આવી ગયા. તેમનો વિદ્યાર્થીઓ સાથે અને કાર્યકરો સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો.
- તા.૧૦ના રોજ શ્રી ઝરણાબેન પાઠક અમદાવાદથી શ્રી અરુણભાઈ દવે સાથે વિચારવિમર્શ કરવા આવી ગયાં.
- શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા તા.૧૧ના રોજ લોકભારતી કૃષિ કેન્દ્ર-અરણેજની મુલાકાતે જઈ આવ્યા. ત્યાં સીવણ અને બ્યુટીપાર્લરની બેચ સંપન્ન થઈ તેનાં પ્રમાણપત્રોનું વિતરણ તેમના હાથે થયું. આ જ દિવસે પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝના શ્રી પી. કે. શુક્લાજી પારેખ પરિવારના સભ્યોને લઈને ઓચિંતા જ ત્યાં મુલાકાતે આવ્યા. આ કેન્દ્રમાં નવનિર્મિત સીવણ અને બ્યુટીપાર્લરના સંકુલનું ઉદ્‌ઘાટન અને નિવૃત્ત થયેલા શ્રી અજીતભાઈ જાદવને શાલ અર્પણ કરી અભિવાદન કરવાનું પણ એમના વરદ હસ્તે કરવામાં આવ્યું.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં શ્રી રામચંદ્રભાઈ પંચોલી, શ્રી રમાબહેન દેવમુરારિ, શ્રી સાંડીષ જીતેન્દ્રભાઈ અને અધિકારીશ્રી રાજેશભાઈ

લાધવા વિવિધ વિષયો પર વ્યાખ્યાનો આપી ગયાં.

- તા. ૧૧ના રોજ પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાંથી શ્રી જયવંતસિંહ ગોહિલ તથા શ્રી જીવનભાઈ જોગરાણા એક દિવસની તાલીમમાં ભાગ લેવા માટે ગાંધીનગર જઈ આવ્યા.
- વિશ્વ માતૃભાષા દિવસ અંતર્ગત શ્રી વિશાલભાઈ જોષી ગ્રામદક્ષિણામૂર્તિ મણાર સંસ્થામાં માતૃભાષાનું મહત્ત્વ વિષય પર વ્યાખ્યાન આપવા જઈ આવ્યા.
- તા.૧૩ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરમાં પૂર્વ તાલીમાર્થી શંકરભાઈ સિંધવે સંમેલનમાં અભ્યાસકાળના અનુભવો સાથે લોકસાહિત્યની વાત કરી હતી.
- તા. ૧૪ના શનિ સંમેલનમાં લોકસેવાના પૂર્વ વિદ્યાર્થી શ્રી પ્રતીકભાઈ ચાડે 'પુસ્તક સાચો મિત્ર' શીર્ષક તળે વિદ્યાર્થીઓને વાચનની પ્રેરણા પૂરી પાડી.
- તા.૧૬-૦૨-૨૦૨૬ થી તા.૨૧-૦૨-૨૦૨૬ દરમિયાન પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષની આંતરિક મૌખિક પરીક્ષા યોજાઈ ગઈ.
- તા.૧૬ના રોજ શ્રી દિનુભાઈ ચુડાસમા વિશ્વ માતૃભાષા દિવસ તા.૨૧-૦૨ અનુસંધાને પૂર્વયોજિત કાર્યક્રમમાં શ્રી શામળદાસ કોલેજ-ભાવનગરમાં વાર્તાલાપ કરી આવ્યા.
- તા ૧૬ના રોજ શ્રી ગિરીશભાઈ દવે તાલીમ સંદર્ભે શ્રી વિકાસ કમિશ્નર સાથે વહિવટી તથા આયોજન માટે યોજાયેલ મિટિંગમાં જઈ આવ્યા.
- તા. ૧૭ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા એ.આઈ. આધારિત 'ભારત વિસ્તાર' નામની એપ્લીકેશનનું માનનીયશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું તેનું જીવંત પ્રસારણ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે દર્શાવવામાં આવ્યું.
- તા.૧૭થી ૨૩ દરમિયાન ભાવનગરની શામળદાસ કૉલેજના NSS શિબિર લોકભારતીના ભાવાવારણમાં યોજાઈ ગઈ, જેમાં પ્રારંભ કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવેએ અને સમાપનમાં શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ ઉપસ્થિત રહી સૌને પ્રોત્સાહિત કર્યા. જ્ઞાનસત્રોમાં લોકભારતીના કાર્યકરોએ પોતાની વિશેષ આવડતો મુજબ વક્તવ્યો રજૂ કર્યાં.
- પીડીલાઇટના સી.એસ.આર. પ્રવૃત્તિ માટે નવનિયુક્ત સી.એ. શ્રી અંકુરભાઈ ગર્ગને લઈને શ્રી મહેબૂબભાઈ પુંજાણી તા.૧૭ના રોજ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયા.
- લોકભારતીના શુભેચ્છક પરવડીવાસી શ્રી જગુભાઈ ખેનીના નિધન નિમિત્તે તા.૨૦ના રોજ પરવડી મુકામે શ્રદ્ધાંજલિ અર્પવા શ્રી અરુણભાઈ દવે, શ્રી રામચંદ્રભાઈ પંચોલી, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી જીવનભાઈ જોગરાણા અને શ્રી રાજેન્દ્રભાઈ જોશી પરવડી જઈ આવ્યા.
- તા. ૨૧ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરમાં 'માતૃભાષા દિવસ' સંદર્ભે શ્રી હસમુખભાઈ દેવમુરારિએ 'ધ્વનિ ઉચ્ચારણ સ્થાન,તત્સમ અને તદ્ભવ શબ્દોનો વિગતવાર પરિચય કરાવ્યો.તાલીમાર્થીઓએ સર્જન, અભિવ્યક્તિ, શબ્દકોશનો પરિચય,વ્યાકરણ શિક્ષણ, ચર્ચા જેવી કાર્યશાળામાં પ્રવૃત્તિઓ કરી.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૧ના રોજ તલાટી કમ મંત્રી પાયાનો તાલીમ વર્ગ ૮૪ના સમાપન કાર્યક્રમમાં શ્રી હસમુખભાઈ દેવમુરારિએ શુભેચ્છાઓ પાઠવી હતી.
- લોક-૧ ઘઉં બિયારણના સંશોધક શ્રી ઝવેરભાઈ પટેલના અમેરિકા સ્થિત દીકરા શ્રી અશોકભાઈ પટેલ વર્ષો પછી તા.૨૨ના રોજ લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગયા. લોકભારતીએ હજી પણ ઘઉં સંશોધનનું કામ જાળવી રાખ્યું છે તે જોઈને અને એકંદરે લોકભારતીની વિકાસગાથા જોઈને અત્યંત પ્રભાવિત થયા.
- શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી કાંતિભાઈ ગોઠી તથા શ્રી ભાનુપ્રસાદ ટુંડિયા તા.૨૩ના રોજ

ઉ.શિ. કમિશ્નરશ્રીની કચેરી-ગાંધીનગર ખાતે લોકસેવા મહાવિદ્યાલયના પડતર પ્રશ્નો સંદર્ભે જઈ આવ્યા.

- તા.૨૪થી ૨૭ દરમિયાન ભાવનગરના શિક્ષણ અને તાલીમ ભવનના બી.એડ.ના તાલીમાર્થીઓની એક શિબિર 'હું શિક્ષક છું' લોકભારતીના ભાવાવારણમાં યોજાઈ ગઈ. પ્રારંભે શ્રી અરુણભાઈ દવેએ અને સમાપનમાં શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ ઉપસ્થિત રહી સૌને પ્રોત્સાહિત કર્યા. જ્ઞાનસત્રોમાં લોકભારતીના કાર્યકરોએ પોતાની વિશેષ આવડતો મુજબ વક્તવ્યો રજૂ કર્યા.
- તા.૨૫ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના સને ૧૯૬૮ની બેચના એક પૂર્વ વિદ્યાર્થી શ્રી રાણીંગાભાઈ ધાધલ વર્ષો પછી શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- તા.૨૫ના લોકસેવા બુધ સંમેલનમાં શ્રી ગિરીશભાઈ દવેએ 'ભારતના સંવિધાનનું લોકભારતીના શિક્ષણ સાથેનો અનુબંધ' વિશે વ્યાખ્યાન આપ્યું.
- તા.૨૫ના રોજ શ્રી વિશાલભાઈ જોષી શિશુ વિહાર સંસ્થા ભાવનગરના કવિ સંમેલનમાં સ્વરચિત કવિતાનો આસ્વાદ કરાવી આવ્યા.
- તા. ૨૬ના રોજ મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી ભાવનગર ખાતે યોજાયેલ અભ્યાસક્રમની મિટિંગમાં શ્રી ધીરુભાઈ રાઠોડ અને શ્રી કિશોરભાઈ હિરાણી જઈ આવ્યા.
- લોકભારતીના પૂર્વ વિદ્યાર્થી અને શુભેચ્છક શ્રી કરશનભાઈ ડાંગરનાં ધર્મપત્ની શ્રી દેવીબહેનના નિધન નિમિત્તે તા.૨૬ના રોજ જામનગર મુકામે શ્રદ્ધાંજલિ અર્પવા શ્રી અરુણભાઈ દવે, શ્રી રામચંદ્રભાઈ પંચોલી અને શ્રી રેખાબેન વ્યાસ જઈ આવ્યા.
- સરકારી બી.એડ. કૉલેજ ડાયેટ ભાવનગર અને અધ્યાપનમંદિરનો સંયુક્ત સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાઈ ગયો.
- તા.૨૮ના રોજ અધ્યાપનમંદિરમાં રાષ્ટ્રીય વિજ્ઞાનદિનની ઉજવણી કરવામાં આવી. આ નિમિત્તે શ્રી અર્ચનાબહેન દવે અને શ્રી અવનિબહને પ્રાસંગિક વાત કરી. વૈજ્ઞાનિક વલણની ખીલવણી માટે સણોસરાની શાળાઓ ઉપરાંત આજુબાજુના ગામોની શાળામાં જઈ વૈજ્ઞાનિક પ્રયોગો, અંધશ્રદ્ધા નિવારણની પ્રવૃત્તિઓ કરાવી.
- તા. ૨૮ના શનિ સંમેલનમાં એસ.વાય.ના વિદ્યાર્થીઓએ શૈક્ષણિક પ્રવાસ દરમિયાન થયેલા અનુભવો રજૂ કર્યા.

**આંબલા સમાચાર**

- તા.૦૨ના રોજ ૩ નેવલ એન.સી.સી.ના શાળાના વિદ્યાર્થીઓની સર્ટીફીકેટની પરીક્ષા દેવા માટે ધો.૯ના ૬૫ વિદ્યાર્થીઓ ભાવનગર જઈ આવ્યા.
- તા.૦૨ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા તથા શિશુવિહાર સંસ્થા, સિદ્ધિવિનાયક જનરલ હોસ્પિટલ સહયોગથી લોકશાળા પરિસરમાં સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ભાવનગરના ખ્યાતનામ ડૉ. રાજીવ ઓઝા (એમ.ડી.) તથા તેમની ટીમ દ્વારા ડાયાબિટીસ, દાંતના રોગો, હૃદય સંબંધિત તકલીફો સહિત વિવિધ રોગોની તપાસ અને સારવાર આપવામાં આવી હતી. દર્દીઓને વિનામૂલ્યે દવાઓ આપવામાં આવેલ. આંબલા, રામધરી તેમજ આજુબાજુના ગામોના લોકોએ કેમ્પનો લાભ લીધો હતો. આ સમગ્ર કેમ્પનું સફળ આયોજન શ્રી મેહુલભાઈ ભટ્ટ તથા શ્રી વાઘજીભાઈ કરમટિયા, સંસ્થાના તમામ વિભાગના કાર્યકરોઓ દ્વારા ભારે જહેમત ઉઠાવી કરવામાં આવ્યું હતું.
- તા.૦૩ના રોજ પરમાર્થ ફાઉન્ડેશન આયોજિત રાષ્ટ્રીય માનસિક આરોગ્ય કાર્યક્રમ ૨૦૨૫-૨૬ અંતર્ગત માનસિક આરોગ્ય જાગૃતિ, માનસિક

તણાવ નિવારણ, વ્યસનમુક્તિ, યોગ અને ધ્યાન પર સેમિનાર યોજાઈ ગયો. આ કાર્યક્રમ શ્રી સર તખ્તસિંહજી હોસ્પિટલના સહયોગથી યોજાયો હતો. માનસિક આરોગ્ય વિષે શ્રી બિપિનભાઈએ વિદ્યાર્થીઓ,શિક્ષકો અને ઉપસ્થિત મહેમાનોને માનસિક તણાવના કારણો વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

- તા.૦૪ના રોજ નેવલ એન.સી.સી.માં શાળાના કાર્યકર શ્રી મહર્ષિભાઈ સોલંકીએ પ્રમોશન મેળવેલ છે.
- તા.૦૫ના રોજ સંસ્થાના પૂર્વ આચાર્ય શ્રી ભીખાભાઈ કોરાટએ ૮૮ વર્ષની ઉંમરે મહાપ્રસ્થાન કર્યું છે. તા.૦૯ના રોજ શ્રદ્ધાંજલિ સભા લોકશાળા કેમ્પસ પર રાખવામાંઆવી હતી.
- તા.૦૭ અને ૦૮ના રોજ સાવરકુંડલા મુકામે શ્રી કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ, સાવરકુંડલાના ઉપક્રમે ભાવનગર, અમરેલી અને બોટાદ જિલ્લાના ગાંધીમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળામાં બંને લોકશાળાની ધોરણ ૧૧ અને ૧૨ની ગૃહવિધાની બહેનો દ્વારા સ્વહસ્તે તૈયાર કરવામાં આવેલી અનેકવિધ વસ્તુઓ વેચાણઅર્થે મૂકવામાં આવી હતી.
- તા.૦૮ થી ૧૪ દરમિયાન રાષ્ટ્રીય સેવા યોજનાની વાર્ષિક ખાસ શિબિર યુવા- વ્યક્તિત્વ – વિકાસ વિષય પર પાલિતાણા તાલુકાના કુંભણ મુકામે યોજાઈ ગઈ. આ સાત દિવસ દરમિયાન સ્વયંસેવકો,પ્રોગ્રામ ઓફિસર શ્રી ગૌરાંગભાઈ વોરા,આચાર્યશ્રી, નિયામકશ્રી, કાર્યકરોએ સારી મહેનત કરી હતી.
- ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને ગ્રામદક્ષિણામૂર્તિ સંચાલિત મોજીલી પ્રાથમિક શાળાના સંયુક્ત ઉપક્રમે 'માતૃભાષા મહોત્સવ' - ૨૦૨૬ તા.૧૫.૦૨.૨૬ના રોજ સંપન્ન થયેલ. શ્રી નલિનભાઈ પંડિત એ મહેમાનોને માતૃભાષાની સરસ વાતો રજૂ કરી હતી.
- સી.આર.સી. ભવન દ્વારા શિહોર તાલુકાનાં તરશિંગડા પ્રાથમિક શાળામાં પ્રશસ્ત તાલીમ લેવા માટે સંસ્થાના અંગ્રેજી શિક્ષક શ્રી બિપિનભાઈ જઈ આવ્યા.
- ભાવનગર જિલ્લા શિક્ષણ તાલીમ ભવન દ્વારા સિદસર મુકામે ભાષા વિષયના માસ્ટર ટ્રેનરની તાલીમ લેવા ગૌરાંગભાઈ બે દિવસ જઈ આવેલ.
- સી.આર.સી. ભવન દ્વારા એમ.ટી તાલીમ ભાવનગર ખાતે શ્રી નરેન્દ્રભાઈ ગણિત-વિજ્ઞાનની અને શ્રી સુરેશભાઈ સામાજિક વિજ્ઞાનની તાલીમ લેવા જઈ આવ્યા.
- શિહોર જે.જે.મહેતા ગર્લ્સ હાઈસ્કૂલમાં શિહોર,ઉમરાળા વલ્લભીપુર તાલુકાનાં શિક્ષકોને 'ભાષા' વિષયક તાલીમ આપવા બે દિવસ શ્રી ગૌરાંગભાઈ જઈ આવ્યા.
- ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળાના સંયુક્ત ઉપક્રમે માતૃભાષા મહોત્સવ – ૨૦૨૬ તા.૧૭ના રોજ સંપન્ન થયેલ. પ્રારંભમાં "માતા મારી ગુજરાતી" ગીત સંગીતવૃંદે રજૂ કર્યા બાદ મહેમાનનું સ્વાગત કરી, દીપપ્રગટ્ય કરેલ. શ્રી મેહુલભાઈએ કાર્યક્રમની ભૂમિકા અને આવકાર તથા વક્તાશ્રીનો પરિચય આપ્યા બાદ પ્રથમ વક્તા શ્રી ડૉ. ઘનશ્યામસિંહ રાઠોડએ "કવિતા વૈભવ" વિષય પર કવિતા સાથે વ્યાખ્યાન રજૂ કરેલ. ત્યાર બાદ બીજા વક્તા શ્રી વિશાલભાઈ જોશીએ "માં મને કક્કો શીખવાડ" વિષય પર વ્યાખ્યાન રજૂ કરેલ. મુખ્ય અતિથિ શ્રી ગૌરાંગભાઈ વોરાએ માતૃભાષાનું મહત્વ સમજાવેલ. વક્તાશ્રીનું અભિવાદન શ્રી મેહુલભાઈ ભટ્ટ દ્વારા પુસ્તક અર્પણ કરીને કરવામાં આવ્યું. અંતમાં સંયોજક શ્રી ભારતીબેન વોરાએ આભારદર્શન કર્યું. સમગ્ર બેઠકના કાર્યક્રમનું સંચાલન શ્રી ભરતભાઈ વાઘેલાએ કરેલ.
- તા.૨૨ ના રોજ ધોરણ -૧૦ અને ૧૨ ના વિદ્યાર્થી ભાઈઓ-બહેનો માટે શુભેચ્છા સમારંભનું

આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વક્તા તરીકે શ્રી બળવંતભાઈ તેજાણીએ વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. વિશેષ ઉપસ્થિતિ શ્રી દેવેન્દ્રભાઈ ભટ્ટની રહી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને આવનારી બોર્ડ પરીક્ષાઓ માટે શુભેચ્છા પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી.

- ધોરણ -૦૯ અને ૧૦ વિદ્યાર્થીઓ માટે એ.આઈ. રોબોટિક સેમિનાર શ્રી નરેન્દ્રભાઈ મકવાણાના માર્ગદર્શનમાં યોજાઈ ગયો.

**મણાર સમાચાર**

- બીજી ફેબ્રુઆરીના રોજ શાળામાં 'સ્વયંપાક'નું આયોજન થયું.
- માર્શલ આર્ટ સ્પર્ધામાં ધોરણ ૧૧ના મિલનભાઈ મકવાણા અને દક્ષાબેન મકવાણા નેશનલ કક્ષાએ દિલ્હી મુકામે આ સ્પર્ધામાં રમી આવ્યાં.
- એન.સી.સી.ના ઓફિસર શ્રી લાલજીભાઈ ખેરાળાની સારી કામગીરીને લઈને એ.એન.ઓ. ઓફિસર તરીકેની રેંક પ્રાપ્ત થઈ.
- લોકદક્ષિણામૂર્તિ પરિવારના નિવૃત્ત આચાર્ય (આંબલા) શ્રી ભીખાભાઈ કોરાટનું તારીખ ૫ ફેબ્રુઆરી-૨૦૨૬ના રોજ અવસાન થતાં તા. ૬ના રોજ તળાજા અને તારીખ ૦૯ના રોજ આંબલા મુકામે યોજાયેલ શ્રદ્ધાંજલિ સભામાં કાર્યકરો જઈ આવ્યા.
- તા. ૨૬ના રોજ આ. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી સાથે "પરીક્ષા પે ચર્ચા" વાર્તાલાપ અંતર્ગત સ્ટાફગણ તેમજ સમગ્ર વિદ્યાર્થીઓએ લાઇવ કાર્યક્રમ નિહાળ્યો.
- તા. ૬ના રોજ એન.સી.સી. કેડેટસ તથા શ્રી લાલજીભાઈ ખેરાળાએ મોટા ગોપનાથ મુકામે સાયકલ રેલીમાં ભાગ લીધો. તેમની સાથે મિતલબેન અને તાલીમાર્થી વંદનાબેન પણ જોડાયા.
- લોકશાળા મણાર ને એન.સી.સી.ની સારી કામગીરી બદલ 'CISF'ની ટ્રોફી અર્પણ કરવામાં આવી.
- તા. ૮ના રોજ ગૃહપતિ શ્રી ભાવેશભાઈ જાંબુચા સાવરકુંડલા ગ્રામસેવા મંડળ ખાદી કાર્યાલય ખાતે "ખાદી મેળામાં" જઈ આવી ગયા.
- લોકશાળા મણારના છાત્રાલયના મદદનીસ રસોયા શ્રી ધુનાબહેન દિહોરાના માતુશ્રીનું અવસાન થતાં લોકશાળા પરિવાર દ્વારા શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી.
- તા. ૧૬ના રોજ શાળામાં ચતુર્વિધ કાર્યક્રમ યોજાયો, માતૃ - પિતૃપૂજન , ધોરણ ૧૦નો શુભેચ્છા અને ધોરણ ૧૨નો વિદાય સમારંભ, વાલી મિટિંગ, ઇનામ વિતરણ તેમજ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાઈગયો.
- શ્રી ડાહ્યાભાઈ ડાંગરના જન્મદિવસ નિમિત્તે સહુએ શુભેચ્છાઓ પાઠવી તથા તેમના દ્વારા સમગ્ર સ્ટાફગણ અને વિદ્યાર્થીઓને ગરમાગરમ ઢોસાનું સમૂહભોજન યોજાયું.
- તા. ૨૦ના રોજ ઓલ ઇન્ડિયા રામાનુજ મેથ્સ ક્લબના પ્રમુખ શ્રી ચંદ્રમૌલી જોષી સાહેબે વિદ્યાર્થીઓને સરળ શૈલીમાં ગણિત સમજાવ્યું.
- ભાવનગરથી કાકડીયા બી.એડ. કૉલેજ સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓએ સંસ્થાની મુલાકાત લીધી
- તા.૨૬થી શરૂ થતી ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડની વાર્ષિક પરીક્ષા માટે આચાર્યશ્રી દ્વારા માર્ગદર્શન, કુમકુમ તિલક અને મોં મીઠું કરાવી પરીક્ષા માટે શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

**માઈધાર સમાચાર**

- તા. ૭,૮ના રોજ ભાવનગર,અમરેલી અને બોટાદ જિલ્લાનો સંયુક્ત ગાંધી મેળો સાવરકુંડલા ખાતે યોજાયો. જેમાં અહિંસાની કેળવણી અને મોજીલું શિક્ષણના કાર્યકર મનીષભાઈ અને ભદ્રેશભાઈ ગાંધી પ્રદર્શનનો સ્ટોલ લઈને જઈ આવ્યા.
- તા.૧૦ના રોજ સ્કૂલ ઓડિટ માટેની ટીમ

ભાવનગરથી આવી ગઈ.

- તા. ૧૧ના રોજ અહિંસાની કેળવણી અંતર્ગત ગાંધી આશ્રમ અમદાવાદથી કેતનભાઈ રૂપેરા અને વીણાબેન આવી ગયાં. શ્રી ભાવનાબહેન પાઠક, શ્રી પાતુભાઈ આહિર, શ્રી એભલભાઈ ભાલિયા સાથે સંવાદ કર્યો તેમજ પ્રોજક્ટની બે શાળાની મુલાકાત કરવામાં આવી.
- તા. ૧૩ના રોજ શ્રી મહેશભાઈ પઢિયારે પ્રાર્થનાના અનુસંધાને વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.
- તા.૧૪ના રોજ ધોરણ ૧૦ અને ૧૨નો શુભેચ્છા કાર્યક્રમ યોજાયો હતો.જેમાં ડૉ.આઈ. કે. વીજળીવાળા, ડૉ.નલીનભાઈ પંડિત, કૃતિકાબેન વીજળીવાળા, શ્રી અરુણભાઈ દવે દ્વારા ''જીવનને જીતો'' અંતર્ગત વિવિધ રસપ્રદ અને સંવેદના સભર પ્રસંગોની રજૂઆતથી કાર્યકરો અને વિદ્યાર્થીઓને જબરી તાકાત અને બળ પુરા પાડવામાં આવ્યા. શ્રી પાતુભાઈ આહિર દ્વારા આવકાર અને શ્રી નિર્મળભાઈ પરમાર દ્વારા આભારવિધિ કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમ સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.
- તા. ૧૪ના રોજ વાલીમિલન, માતૃપિતૃ પૂજન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થી પ્રતિભાવ, વાલી પ્રતિભાવ, કાર્યકરો દ્વારા સંવાદ અને શ્રી અરુણભાઈ દવેનું પ્રાસંગિક ઉદ્‌બોધન વગેરે ગોઠવાયા હતા.
- તા. ૧૯ના રોજ મુંબઈથી પીડીલાઇટ ટીમ માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી ગઈ.
- તા. ૨૧ના રોજ વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં માતૃભાષા અંગે વીડિયો ક્લિપ બતાવવામાં આવી. વિદ્યાર્થીઓ દ્વારા માતૃભાષા અંગે અભિવ્યક્તિ કરવામાં આવી. શ્રી ગગનભાઈ રાઠોડ (શિક્ષક), શ્રી પાતુભાઈ આહિર (કેન્દ્ર સંચાલક) દ્વારા પ્રાસંગિક વ્યક્તવ્ય આપવામાં આવ્યું. શ્રી ભાવનાબહેન પાઠક દ્વારા ગીતો, માતૃભાષા શાબ્દીક શબ્દોની સમજ આપવામાં આવી. શ્રી નિર્મળભાઈ પરમારે કાર્યક્રમની ભૂમિકા રજૂ કરી હતી.
- તા. ૨૪ના માઈધારમાં ચાલતા લોકકલ્યાણ વિદ્યાલયને પ્રતિષ્ઠિત ''સક્ષમ એવોર્ડ'' જિલ્લા અને તાલુકા બંને કક્ષાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત થયો છે. આ નિમિત્તે શાળાને પ્રમાણપત્ર – ટ્રોફી અને ૪૨,૦૦૦ની ધનરાશિ એનાયત કરવામાં આવી. માઈધાર પરિવાર વતી શાળાના આચાર્ય શ્રી નિર્મળભાઈ, શિક્ષક એભલભાઈ ભાલિયા, જગદીશભાઈ ડાંગર, સંજયભાઈ ડોડીયા, મનીષભાઈ બારૈયાએ હાજર રહીને એવોર્ડ સ્વીકાર કર્યો જે સમગ્ર પરિવાર માટે ગૌરવ અને આનંદની ઘટના છે. શાળામાં ચાલતા ગુણવત્તાસભર શિક્ષણ, છાત્રાલય - જીવનલક્ષી પ્રવૃત્તિઓ, વાલીમિલન, આસપાસના ગામો સાથે વિસ્તરણ કાર્યો, ઉત્સવોની ઉજવણી, ગાંધીગુંજન, વાચનશિબિર, આકાશ દર્શન, સાહસ દોડ, ખજાનાની શોધ, કલા - રમત ગમત શિક્ષણ તેમજ વિદ્યાર્થી સંસ્કાર ઘડતર માટે ચાલતો રૂપાંતર કાર્યક્રમ, સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર, કૃષિ કેન્દ્ર, આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, મોજીલું શિક્ષણ, અહિંસાની કેળવણી અને પર્યાવરણ – આરોગ્ય જાગૃતિ જેવા કાર્યક્રમનો લાભ વિદ્યાર્થીઓનાં ઘડતરમાં પ્રેરક બની રહે છે. સ્વચ્છ અને રળિયામણા પરિસરમાં યોજાતી વિવિધ તાલીમો દ્વારા સંસ્થામાં આવતા તજજ્ઞ વક્તાઓનો લાભ વિદ્યાર્થીઓને મળે છે. માઈધારના તમામ કાર્યકરોને અભિનંદન પાઠવી સૌએ રાજીપો વ્યકત કર્યો.
- તા.૨૮ના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાનદિવસની પ્રેરક પ્રવૃત્તિઓ કરીને ઉજવણી કરવામાં આવી.
- તા.૨૫ થી ૫ ફેબ્રુઆરી સુધી આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર અને મોજીલું શિક્ષણ દ્વારા અલગ અલગ પ્રાથમિક શાળાઓમાં વિવિધ કાર્યશાળામાં પ્રયોગો કરીને વિદ્યાર્થીઓ સાથે 'વિજ્ઞાનદિવસ'ની ઉજવણી કરવામાં આવી.

## સન્માનિત થતું 'પંડિત સુખલાલજી લોકવિદ્યાલય'




'શિક્ષણ સક્ષમ એવોર્ડ'થી જિલ્લા અને તાલુકા બંને કક્ષાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરતું લોકકલ્યાણ વિદ્યાલય, માઈધાર

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે થયેલું 'માતૃભાષા મહોત્સવ'નું આયોજન












To.

From :

**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*
**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*
**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** मेहुलभाई भट्ट - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात)
द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।
**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-